કુમાર

સળંગ અંક
૮૦૩

સંસ્થાપક • સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક • વર્ષ ૬૭ મું • ડિસેમ્બર ૧૯૯૪
તંત્રી : ધીરુ પરીખ . સંપાદક : બિહારીલાલ ટાંક

તપોભૂમિ • વુડકટ • રમેન્દ્રનાથ ચક્રવર્તી





દેવયાની
કલાકાર સોમાલાલ શાહને પોતાને પણ ખૂબ ગમતું
એમનું એક રંગમધુર ચિત્ર

સોમાલાલનાં નારીપાત્રો
બહુધાત લાક્ષણિક રહ્યાં છે
એમના હોઠ અને ચહેરા
જોતાં જ જણાઈ આવે કે એ
પાત્ર એમણે જ આલેખ્યું હશે.
આમાનાં કેટલાંક તો
સદાય યાદ રહી જાય તેવાં છે.
આ એમનું એવું જ એક પાત્ર છે.
અગિયાર વખત એમણે આને
આલેખ્યું છે. પોતાનાં ચિત્રોની
એકાધિક નકલો કરવી કે
એમાં કંઈ ને કંઈ ફેરફાર કરવા
એ એમની ખાસિયત હતી.
સરખાવો 'કલાવાર્તા'માં આપેલ
'પદ્મિની.'

રામની વાડીએ

રામની ભોંયમાં રામની ખેતર વાડીએ જી.
આપણા નામની અલગં છાપ ન પાડીએ જી.

જગને ચૉક ચબૂતરે વેરી રામધણીની જુવાર,
તે પર પાથરી બેઠો તું તો ઝીણી પ્રપંચની જાળ;
ધર્માદા-ચણ, પંખી ન ઉડાડીએ જી : રામની૦

રામની વાડી ગામ આખાની, હોય ન એને વાડ.
બાંધ જો તારું ચાલતું હોય તો આભને આડી આડ;
વાડ કરી આ ક્ષિતિજ ના વણસાડીએ જી : રામની૦

રામની વાડી ભોગવવી ભાઈ, હક્કનાં પાઈ નીર,
સૌને વ્હેંચી ચાખવી આપણે રામના ફળની ચીર;
આપણા ભેગાં સૌનાં ભાણાં માંડીએ જી : રામની

'ઉશનસ્'

ડિસેમ્બર કુમાર ૧૯૯૪

કુમાર સળંગ અંક ૮૦૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચૅરમૅન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૬૦૦; છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

દવા

વાત મારા જાત-અનુભવની જ છે.

ત્યારે મારો દીકરો દર્શન દસેક વર્ષનો હશે. કમળાથી પીડાતા દર્શનને અમે અમારા એક વડીલ ડૉક્ટરની દવા આપતા હતા. ડૉક્ટર હોંશિયાર અને પ્રેમાળ હતા અને અમારા માટે પૂરો સદ્ભાવ ધરાવતા હતા. એટલે દર્શનની ચિકિત્સા અંગે આવી ગંભીર માંદગીમાં પણ અમને રાહત લાગતી હતી.

એક બપોરે ડૉક્ટર દવા આપી ગયા. પછી હું ડૉક્ટરે આપેલી દવા દર્શનને આપવા ગઈ. બાટલી હાથમાં લેતાં મને સહજ ઇચ્છા થઈ કે દવા સૂંઘી તો જોઉં. અને... સૂંઘવામાં તો મને એની બહુ વિચિત્ર વાસ લાગી. મેં બાટલી બાજુએ મૂકી. પછી ડૉક્ટરને વાત કરી.

ડૉક્ટરે ઘેર તપાસ કરી. એમણે ફોનથી એમનાં પત્નીને પૂછ્યું, 'આ બાટલીમાં આવું કેમ થાય છે ?' ત્યારે જવાબ મળ્યો, 'એ બાટલી તો ખાલી હતી, એટલે મેં એમાં સ્પિરિટ રાખેલો.'

'પણ બાટલી પર નામ તો...?'

'અરે, હું એનું લેબલ બદલવાનું ભૂલી ગઈ છું !'

– નસીબદાર હું કે મેં એ દવા આપતાં પહેલાં સૂંઘી, નહિતર કમળાથી પીડાતા કૂમળા બાળકનું સ્પિરિટ પીતાં શું થાત !

* * *

આજે ત્યારનો એ બાળ-દર્દી પોતે ડૉક્ટર છે અને એના દર્દીઓને દવા આપે છે. ત્યારે બાળપણના એ પ્રસંગને યાદ કરીને એને તથા એની પત્નીને હું ખાસ કહું છું :

'જોજો, દવા બદલાય ત્યારે બાટલીનું લેબલ બદલવું ભૂલશો નહીં !   - ગીતા પરીખ (અમદાવાદ)

કુમાર ૮૦૦મો સંચય અંક મળ્યો છે. મારે માટે અત્યંત આનંદ પામવા જેવું બન્યું કેમ કે મારી પસંદગીની વાર્તાઓ - નાટકો - લેખો અને કાવ્યો એક સાથે સંગૃહી થયા. 'કુમાર' હંમેશા જે દાવો કરે છે એ આ એક અંક જોવાથી સિદ્ધ થાય છે. રંગચિત્રો - એકરંગી ચિત્રો પણ વિપુલ છે. આજકાલ સર્જાતા સામાન્ય સાહિત્યની સામે આ વિશિષ્ટ અંક ગુજરાતી સાહિત્યની ઓળખ આપે છે.

હજુ થોડા દિવસ અગાઉ જ મેં 'અવસર ચૂક્યા મેહુલા' વાર્તા જૂના અંકોની ફાઈલમાંથી વાંચીને ઘરમાં બધાંને સંભળાવી હતી. 'ઊભા રહેજો...', 'ડાંગે માર્યા' વગેરે વાર્તાઓ મારી ફેવરીટ છે !

ભવિષ્યમાં 'કુમાર' વધુ ને વધુ નિખાર પામે એવી આશા. તમારી મહેનત વળી નવી પેઢી ઊભી કરશે જ. - રમેશ શાહ (સૂરત)

૮૦૦મો અંક વાંચવાનો શરૂ કર્યો. સુંદર ! મનને ભાવે એવો રસથાળ છે. દિવાળીમાં એક હાથમાં મઠિયાં અને બીજા હાથમાં 'કુમાર'... પડ્યા પડ્યા વાંચવાની મજા દુનિયાની કોઈ પણ મજા કરતા સરસ.   - ગ્રા. નં. ૩૫૪૫ (કૃષ્ણનગર)

આજે જ અહીં અમેરિકાથી પ્રસિદ્ધ થતા 'ગુર્જરી'નો અંક મળ્યો અને ખૂબ જ આનંદના સમાચાર મળ્યા કે મારું પ્રિય સામયિક 'કુમાર'નું પ્રકાશન ફરી શરૂ થયું છે.

૧૯૬૩ની સાલમાં અહીં ભણવા આવ્યો ત્યારે પણ મારી સાથે કુમારના થોડાક અંકો લાવેલો અને આજ દિવસ સુધી તે મારી પાસે સચવાયેલા પડ્યા છે. અનેક વાર થોડા થોડા સમયને અંતરે અંકો ફરી વાર ઊથલાવી ગયો છું.

૧૯૬૩-૬૪માં અહીંની પબ્લિક લાઈબ્રેરીમાં એક વર્ષ કામ કરેલું ત્યારે 'કુમાર'ની કક્ષાનું એકપણ સામયિક મારા જોવામાં આવેલું નહીં. આજે પણ નથી.   - અશ્વિનકુમાર સી. શેઠ (ટેક્સાસ, અમેરિકા)

આજની ટપાલમાં કુમારનો અંક મળ્યો. 'કુમાર' દ્વિજ થયું ત્યારથી તંત્રી તરીકે તમે એનું સંગોપન કરતા આવ્યા છો. આજનો અંક જોઈને તમને હાર્દિક અભિનંદન આપું છું. બ. રા.ની આંતરડી ઠરે એવું સંપાદન-કાર્ય તમે કર્યું છે ! ટાઈપ-ફેઈસ, લે-આઉટ ને વિષયસામગ્રી બધી રીતે 'કુમાર'નો ઘાટ સુન્દર ઊતર્યો છે.   - અશ્વિન મહેતા (તીથલ)


પ્રોફેસર સત્યેન્દ્રનાથ બોઝ વિષે પ્રહ્લાદભાઈ પટેલનો સરસ લેખ વાંચી પ્રો. બોઝનાં અનેક સંસ્મરણો તાજાં થયાં. ૧૯૫૩ની લખનૌ સાયન્સ કૉંગ્રેસના ગણિત વિભાગમાં ગણિત-શિક્ષણ ઉપર એક ચર્ચા-સભાનું આયોજન થયું હતું. તેમાં ભાગ લેતાં પ્રોફેસર બોઝે બે અગત્યનાં વિધાનો કર્યાં હતાં અને તેમનાં આ વિધાનોને તો હું ત્યારથી 'બોઝના શિક્ષક-તાલિમના નિયમો' તરીકે વર્ણવતો આવ્યો છું.

તેમનું પહેલું વિધાન : તેની પાસેથી પાઠ્ય-પુસ્તકો લઈ લો, તેની નોટ-બુકો લઈ લો. તો પણ તે શિક્ષક તરીકે ચાલુ રહે છે ? જો હા, તો તે ખરો શિક્ષક.

શિક્ષકની વિષય-સજ્જતાના મહત્ત્વનું કેવું સચોટ વર્ણન ! તેમનું બીજું વિધાન : શિક્ષક આખરે કરે છે શું ? તે પોતાને વિદ્યાર્થીઓ સમક્ષ નમૂના તરીકે રજૂ કરે છે, જેથી વિદ્યાર્થીઓ તે નમૂનાનું અનુકરણ કરે.

ચારિત્ર્ય-ઘડતરના શિક્ષકના કાર્યને કેવી વિશદ્ રીતે રજૂ કર્યું !
- ડૉ. પ્ર. ચુ. વૈદ્ય, અમદાવાદ-૭

'કુમાર'નો ૮૦૦મો અંક તમે તૈયાર કર્યો છે તે ગુજરાતી વાચકને કાયમ સંઘરી રાખવા જેવું નજરાણું છે. વિશેષાંકોની પરંપરામાં જુદી ભાત પાડે તેવો અંક.   - રજનીકાંત જોશી (અમદાવાદ)



આ નવા વર્ષના અભિનંદનપત્રો ● દર વર્ષની જેમ આ વર્ષે પણ 'કુમાર'ના અનેક ચાહકોએ પ્રેમપૂર્વક જાતે બનાવીને નવા વર્ષનાં અભિનંદનો મોકલ્યાં છે. એ સૌના પ્રત્યે આભાર વ્યક્ત કરવા સાથે એમાંથી નમૂનારૂપ કેટલીક કૃતિઓ અહીં આપીએ છીએ : (મથાળે ડાબી બાજુથી અનુક્રમે) (૧) મોડાસાથી 'વિભુ'–પંડ્યા બાલમુકુન્દે માત્ર રંગલચકાથી સરજેલું સુંદર ચિત્રસંયોજન, (૨) હરિભાઈ ટંડેલ (વિજલપુર)થી મોકલેલું સુંદર સ્ત્રીપાત્રનું નિરૂપણ. (૩) ચિત્રકાર જયંત પરીખનું નૃત્યરત પાત્રોનું રેખાંકન. (૪) વૈષ્ણવોના સાંઝીચિત્રની ઢબે ચીતરેલ વાદ્યવાદક. મોકલનાર 'નિર્મલ'. (૫) કલાકાર વ્રજ મિસ્ત્ર (અમદાવાદ)એ ફોટોગ્રાફીની મદદથી કરેલું રંગભર્યું દૃશ્યાલેખન. (૬) ચિત્રકાર બલવંત જોશી (રાજકોટ)એ મોકલેલું સુંદર રેખાંકન. (૭) શ્રી અને ૐના આકારોથી સર્જેલા ગણેશ. મોકલનાર : યશવંતરાય પી. ભાડદિયા–(જામનગર), અને (૮) મહેન્દ્ર મિસ્ત્રી (અમદાવાદ)એ મોકલાવેલ ગણેશનું કટાક્ષમય આલેખન.

આપનું લવાજમ

આ અંક સાથે કદાચ પૂરું થતું હશે. તો કૃપા કરી નવા વર્ષનું લવાજમ (રૂ. ૧૦૦/-) મનીઑર્ડરથી મોકલો તો, અથવા ડ્રાફ્ટ કે ચેક (કુમાર કાર્યાલય લિમિટેડના નામે) મોકલો તો તે સાથેના પત્રમાં આપનું નામ-સરનામું સ્પષ્ટ છૂટા અને સુવાચ્ય અક્ષરોમાં લખી જણાવશો. એ જ રીતે આપના ગામનો પિનકોડ પણ અવશ્ય લખશો. બહારગામની બૅંકના ચેકમાં બૅંક કમિશનના રૂ. ૧૩ ઉમેરશો.

પહાડો અને શ્રુતિસંભવ / જયન્ત પાઠક

(શિખરિણી-સૉનેટ)

પહાડો, પૂછું છું સહજ જ, પડી ટેવવશ કે
પલાંઠીએ ખોળી અગણિત યુગોથી અડીખમ
અડીને બેઠેલા કદીય તમને થાય મન ના
કહેવા બે વાતો સુખદુઃખની તે મૌન ભજતા ?
અમે વાચાલો તે અચરજ અમોને; ઘડીય ના
ગમે મૂગા રહેવું, પરિચય જરા-શો થઈ જતાં
અમે તો વાતોમાં અલકમલકોની વળગીએ;
તમારી સાથે યે મન થઈ જતું: વાત કરીએ !

તમે યે, શું જાણું ?! ખીણગિરિગુહાથી નીકળીને
ઊંચાં આકાશો આવરત તિમિરોમાં મુનિવ્રતો
મૂકી માંહોમાંહે હળુરવ હશો ગોષ્ઠિ કરતા
સુણી-બોલી પાછા નીરવકુહરે ઊતરી જતા !
તમારી એ વાણી ક્વચિત ઋષિઓએ સુણી હશે;
ઋચાઓમાં ને એ અ-મૃત શ્રુતિરૂપે ભણી હશે !

સમી સાંઝરે / ભાનુપ્રસાદ ત્રિવેદી

(ગાન)

લાગણીઓનું ધણ આ આવ્યું ખીલે પાછું સમી સાંઝરે,
ખડાં થઈ ગ્યાં સ્મરણ-વાછરુ : અરે ક્યારનાં અહીં ભાંભરે !

હડફડ ઊગી ગયાં ખોરડાં,
લચ્યો લીમડો શોરે,
ટોળે વળિયા ખણક-ઓરડા :
નીરખે ટીંબો કોરે
રણની વચ્ચે સાત સમુંદર, મઝધારે આ પલક નાંગરે...

ઉજાગરાંનાં તેલ-કચોળાં
માંચી જોડે મૂક્યાં,
રણઝણ વ્હેલ્ય સમાં ઘરચોળાં
તોરણ નીચે ઢૂક્યાં,
ઓકળીઓ થૈ ઊડ્યા ઓરતા વળગાડ્યા જે હતા ઝાંખરે.

આવી આવી બારણિયેથી
ગયા મેહ આથમણા,
ગઈ ઊપટી આંગણિયેથી
પાનખરોની ભ્રમણા,
કોણ સૉડિયે દીવો લૈને હજી ઊભું આ જીરણ માંજરે ?

ઝલમલ ઝંકારો / લાલજી કાનપરિયા

(ગાન)

કંકુ-ચોખા ચોડી આવ્યા આંગણિયે અવસર, કે ઝલમલ ઝંકારો
ભીંત્યું ઉપર લાભ-શુભના મઘમઘતા અગશર, કે ઝલમલ ઝંકારો.

કમખે ટાંકી મોરપિચ્છની રઢિયાળી સોગાત, કે ઝલમલ ઝંકારો.
માલીપાના ઓરડે કાંઈ છાની છાની વાત, કે ઝલમલ ઝંકારો.

પતંગિયાને સાદ કરી બોલાવે જૂઈની કળી, કે ઝલમલ ઝંકારો.
જીવ છલોછલ લાગણીઓમાં મંન જતું પલળી, કે ઝલમલ ઝંકારો.

આજુબાજુ વાડિયું ને વચમાં ઊભા મોલ, કે ઝલમલ ઝંકારો.
લોહી સોંસરી અમને વાગી લીલપની એક છૉળ, કે ઝલમલ ઝંકારો.

પછવાડેના બારણે કાંઈ નજરું જોતી વાટ, કે ઝલમલ ઝંકારો.
હડી કાઢતાં પગલાંમાંથી ઢોળાતો ઉચાટ, કે ઝલમલ ઝંકારો.

પાંપણની નગરીમાં છે અજવાળું ઝાકમઝોળ, કે ઝલમલ ઝંકારો.
શરમબ્હાવરાં સપનાં વચ્ચે જીવ કરે અંઘોળ, કે ઝલમલ ઝંકારો.

ફૂલની બંને તરફ / હરેશ 'તથાગત'

(ગઝલ)

ફૂલની બંને તરફ તું હોય છે,
સાંઈ થઈને પણ સનમ તું હોય છે !

શું ગજું છે થાકનું ઘેરે મને,
જે સફરમાં હમસફર તું હોય છે !

એમ છું હુંયે અહીં તારા વગર,
જેમ ત્યાં મારા વગર તું હોય છે !

હું તને જોઈ, ન જોઉં અન્ય કૈં,
સોચ લે, કેવી અકળ તું હોય છે !

શ્વાસમાં તેથી મહક છે આટલી,
એ મહીં આઠે પ્રહર તું હોય છે !



કપડવંજ જેવા નાના ગામમાં નાનકડી હાટડી ચલાવતા એક સામાન્ય વણિક કુટુંબમાં ઈ. ૧૯૦૫માં એમનો જન્મ થયેલો. કુટુંબમાં ચિત્રની પ્રેરણા આપનારું કોઈ માણસ કે એવું વાતાવરણ નહિ, કે નહિ કોઈ ચિત્રશાળાનો રીતસરનો અભ્યાસ. પણ તેનો આત્મા ખૂબ પ્રાણવાન જીવનથી ધબકતો. અનેક પ્રતિકૂળતા વચ્ચે યે એની કોમળ લાગણીઓ ક્યાંથી યે જીવંતતા શોધી કાઢતી. પોતાનો રસ પોષાય તેવા મિત્રોને ખોળી કાઢીને પોતાની દુનિયા ઊભી કરી દે. રસ્તે જતાં કોઈ ચિત્રવાળો કાગળ દેખે તો ઉપાડી લે અને ઘેર લાવી તેના પરથી કંઈક લીટા કર્યા કરે. ધીરે ધીરે એની સંવેદનશીલતા કૉળાઈને કળામાં વહેતી થઈ. આગળ જતાં વડોદરામાં મિત્ર માર્કંડ ભટ્ટ અને પ્રમોદકુમાર ચૅટરજી સાથે થોડો સમય રહેવાનું થયું. પછી થોડા મહિના શાંતિનિકેતનમાં અવનીન્દ્રનાથ ટાગોર જેવા કલાગુરુ પાસેથી 'વૉશ મેથડ'ની રીતિ શીખી લીધી. વચ્ચે મુંબઈની વિખ્યાત કલાશાળ જે.જે. સ્કૂલ ઑફ આર્ટમાં પણ છએક માસ માટે જઈ આવ્યા, પણ ખરેખર તો પોતાની આત્મસૂઝ વડે એમણે પોતાનો કલાવિકાસ સાધ્યો હતો.

આપસૂઝ અને અવિરત પુરુષાર્થથી સ્વાનુભૂત ગુજરાતી ગ્રામ સંસ્કૃતિને જલરંગી ચિત્રોમાં તાદૃશ કરનાર સમર્થ કલાકાર

સોમાલાલ શાહ

ઊર્મિ પરીખ

ઊગતા સૂરજનાં કિરણો સાથે દૂરથી કોઈ આવી રહ્યું છે. પૂરા ત્રણ હાથ ઊંચો એકવડીઓ ટટ્ટાર શામળો દેહ, લાંબા હાથ પર લાંબી બાંયનો ખાદીનો સફેદ ઝભ્ભો, એવું જ ખાદીનું ધોતિયું, માથે સફેદ ખાદીની ટોપી અને પગમાં કાળી પટ્ટીવાળાં ચામડાનાં ચપ્પલ-એ એનો રોજિંદો પોષાક. ઝડપથી ઊપડતાં એનાં પગલાં એકાએક રસ્તા પરના એક ઘરના કોટની ભીંત પાસે થંભી જાય છે. બે-ચાર કાબરચીતરી બકરીઓ ત્યાં ઊભી છે. એમાંની એક બકરી એ ભીંતની ટોચે ઝળૂંબતી બોગનવેલની ડાળ પરનાં પાંદડાં મોંમા લેવા કોટની ભીંતે આગલા પગ ટેકવી પાછલા પગ ઉપર ઊભી થઈને ડોક લંબાવી રહી છે. પેલા આગંતુકની આંખો આ દૃશ્ય જોઈ ચમકી ઊઠે છે. જાણે કોઈ સુંદર ચિત્રમય દૃશ્ય એના મનમાં જડાઈ ગયું. જરા વાર એ તરફ રસથી તાકી રહી તેને મનમાં વાગોળતા એ આગળ વધે છે. પછી એક મિત્રના ઘરનો ઝાંપો ખોલી હસતાં હસતાં આંગણામાં આવી એ બોલે છે, 'કેમ છો રસિકભાઈ, મજામાંને !' એનો અવાજ સાંભળતાં ઘરનાં સૌ એને આનંદથી આવકારે છે. એ આવનાર તે ગુજરાતના ખ્યાતનામ ચિત્રકાર અને ચિત્રકલામાં રંગોના બાદશાહ ગણાતા આપણા સોમાલાલ શાહ.

કલાશિક્ષક થઈ તેઓ ભાવનગરમાં સ્થાયી થયેલા. સ્વાનુભવે ઘણું શીખ્યા અને પરિચયમાં આવતા વિદ્યાર્થીઓને સાંજના ચિત્રકલાવર્ગમાં શીખવતા રહ્યા. અંતરમાં મધુરતા જ સાચવી અને પ્રેમથી છલકાતા હૃદયે એ માધુર્યને પોતાના વિપુલ સર્જન દ્વારા સમાજને આપતા રહ્યા.

સૌંદર્યના પૂજારી રંગોના ચાહક કલાકાર છે. એમનાં ચિત્રોના તેજસ્વી રંગો સૌરાષ્ટ્રની રસાળ ધરતી પરથી આવ્યા છે. સૌરાષ્ટ્રનું ધબકતું લોકજીવન એમણે ચિત્રોમાં જીવંત કરી બતાવ્યું છે. ભાવનગરમાં વિતાવેલો એ સોનેરી સમય યાદ કરતાં તેઓ કહે છે, 'ઘેર સાંજે અગાશીમાં ઊભા હોઈએ, ઢળતા સૂરજનાં પીળાં કિરણો રેલાતાં હોય, ગાયોનાં ધણ ઘેર પાછાં વળતાં હોય અને એનાથી ઊડતી ગોરજ મન ભરીને જોઈ હોય ! એ જ રીતે સવાર-સાંજ સોના જેવાં ચળકતાં પિત્તળનાં માંજેલાં બેડાં માથે લઈ ઓઢણી ઉડાડતી ઠસ્સાભેર આવતી જતી ઘાટીલા દેહવાળી પનિહારીઓ નીરખી હોય ત્યારે એ મનમાં સંઘરાઈ જાય અને પછી એ રંગો મારા ચિત્રોમાં ઊતરે.' મનમાં સંઘરાએલી આવી જ એક છાપવાળું એમનું એક ચિત્ર છે. એમાં કાળી ભેંસોના ટોળા વચ્ચે એક નાની ભરવાડ કન્યા બતાવી છે. આભલાં જડેલી

ભાતવાળાં ચૌળી-ચણિયો એણે પહેર્યાં છે. માથે લાલ ઓઢણી નાખેલી એ કન્યાનું એક બહુ સુંદર ચિત્ર છે. સોમાલાલભાઈએ એમાં રંગોનો અજબ ઉઠાવ આપ્યો છે. બીજા એક ચિત્રમાં, પોતાનાં બકરાંઘેટાં અને એક ઊંટ સાથે ગામતરે જતા માલધારી કુટુંબની રંગપૂરણી અને ગોઠવણી મનોહર છે. 'છૈયો' અને 'ગોવાલણી' એ બે પણ એમનાં વિખ્યાત ચિત્રો છે. આ બધાં ચિત્રોમાં સૌરાષ્ટ્ર જ દેખાય છે.

ભાવનગરના કુમાર ધર્મેન્દ્રસિંહજી સાથે એમને ઘનિષ્ટ મૈત્રી-સંબંધ. કુમાર જંગલમાં શિકારે જાય ત્યારે સોમાભાઈને યે સાથે લઈ જાય. ત્યાં તેઓને કુદરતમાં વિહરતાં પંખીઓએ મોહિની લગાડી. એમની સ્કેચબુકમાં આ પક્ષીઓના સંખ્યાબંધ સ્કેચો કરેલા છે. આ સ્કેચો પરથી સોમાભાઈએ આબેહૂબ ચિત્રો બનાવીને એમણે કુમારશ્રીને ભેટ આપેલાં. આ રીતે નિરીક્ષણો પરથી કરેલાં પક્ષીચિત્રો એ તો ગુજરાતની એક મોટી મિરાત બની ગયાં છે. આવી રીતે એમણે પ્રાણીચિત્રો પણ કર્યાં છે. આવાં ચિત્રોમાં તો સોમાભાઈ ગુજરાતભરમાં એકમાત્ર નિષ્ણાત ચિત્રકાર છે. અલબત્ત, સ્વ. પંડિત રવિશંકરે પણ સચોટ રેખાંકનો કર્યાં છે, પણ રંગોથી એમાં પ્રાણ તો સોમાભાઈએ જ પૂરી બતાવ્યો છે.

સોમાભાઈનાં ઘણાં ચિત્રો તો સુંદર કાવ્યો જેવાં છે. રંગો અને તેના 'ટોન'થી તેઓએ એમાં એક ભાવાત્મક વાતાવરણ સર્જી બતાવ્યું છે. 'દેવયાની' એમનું આવું જ એક મધુર કાવ્યાત્મક ચિત્ર છે. (જુઓ આ અંકમાં બીજું પૂઠું) સોમાભાઈને પોતાને પણ એ ચિત્ર અત્યંત પ્રિય હતું. આ ચિત્રની એમણે અગિયાર નકલો કરેલી. પોતાનાં મનગમતાં ચિત્રોનું પુનરાર્વન કરવામાં તેઓ આનંદ માણતા. એમની સ્કેચબુકમાં સતત કંઈ ને કંઈ ઉમેરાતું રહેતું. એમાંથી નવાં નવાં ચિત્રો ઊભરતાં રહેતાં. આથી એમના ચિત્રસર્જનમાં વિષયવૈવિધ્ય પણ સારું જળવાતું. ક્યારેક તેઓ એક જ વિષય જુદા જુદા દૃષ્ટિકોણથી જોતા. અલગ અલગ 'સ્પેસિંગ' કરીને તેઓ ચિત્રને વધુ રસપ્રદ બનાવતા.

વિપુલ સાહિત્યવાચન, અગાધ કલ્પનાશક્તિ, ઊંડું ચિંતન, અનેકવિધ વિષયોમાં રસ અને અભ્યાસવૃત્તિ તેમને વિધવિધ ચિત્રવિષયો પૂરા પાડતી, તો વળી રોજિંદા જીવનમાં થતો રહેતો લોકસંપર્ક તથા કુદરતપ્રેમ પણ એમના પ્રેરણાસ્રોત બનતાં.

નિવૃત્તજીવન સોમાભાઈએ અમદાવાદમાં ગાળ્યું. પોતાના ઘરના ઉપલા માળે એમણે પોતાનો ચિત્રખંડ રાખેલો રોજ સવારે બેત્રણ કલાક તેઓ ત્યાં ગાળતા અને બપોરે બે વાગ્યે ચા પીને ફૂરી એ ચિત્રખંડમાં ગોઠવાઈ જતા. એ ખંડમાં એક ખૂણે આસન પાથરી પલાંઠી વાળી બેસી જતા. સામે એક પાટલી પર એક બોર્ડ રહેતું અને તેના ઉપર ચિત્ર દોરવા માટે વૉટમૅન પેપર ચોડેલો હોય. બાજુમાં સારી જાતના વૉટર કલર્સનો ઢગ હોય, પાણીનો કટોરો અને એક ફૂલદાનમાં પીછીઓનું ઝુંડ સર્જક અને સર્જન સિવાય બીજું કોઈ જ નહિ, સિવાય કે થયેલાં અને થઈ રહેલાં ચિત્રો.

'ઓરડાની ભીંત પરથી ફ્રેમ છૂટી પડવી જોઈએ, ફ્રેમમાંથી ચિત્ર બહાર આવવું જોઈએ, અને ચિત્રમાંથી પાત્રનો ચહેરો કે ચિત્રનો વિષય પ્રકટ થવો જોઈએ. આમ થાય ત્યારે જ ચિત્રનો ઉઠાવ આવે.' ચિત્ર માટે આ એમનો ખ્યાલ હતો. આ માટે પોતાના ચિત્રમાં રંગોમાં પૂરતો કોન્ટ્રાસ્ટ રાખતા. એ કહેતા કે, "ચિત્ર દૂરથી જોવું ગમે તેટલું 'બોલ્ડ' હોવું જોઈએ, અને તેને નજીકથી જોવાનું મન થાય તેવું 'ફિનિશિંગવાળું' પણ હોવું જોઈએ. આમ થાય ત્યારે જ એ ચિત્ર જોનારને પકડી રાખી શકે." આ માટે ચિત્રોમાં મહત્ત્વની લાગતી વિગતો તેઓ ઝીણવટથી ફિનિશ કરતા તેને પ્રકાશમાં દર્શાવતા બીજું બધું છોડી દેતા. ઘેરા રંગના ટોનમાં એ ભાગ ભળી જતો. વૉશ પદ્ધતિથી તેઓ ચીતરતા છતાં એમને પારદર્શક રંગો નહોતા ગમતા, તેથી તેમાં તેઓ સહેજ સફેદ રંગની છાંટ ભેળવીને કામ કરતા અને કહેતા કે 'એથી એક અપારદર્શકતા તેમાં આવે છે ને એથી ઘનત્વ લાગવા સાથે ચિત્રની વધુ પકડ આવે છે જે મને ગમે છે.'

ચિત્રમાં પોતાને જોઈતું વાતાવરણ જામે ત્યાં સુધી તેઓ તેના પર કામ કર્યા કરે. સેમી રીઆલિસ્ટિક શૈલીનાં એમનાં ચિત્રોમાં રંગો લગાવતા જાય અને ધોતા જાય અને ફરી ફરીને રંગો ચડાવતા જાય. એથી ચિત્રમાં રંગોની એક જાતની ઇવનનેસ આવી જાય. છતાં છેલ્લે જો સંતોષ ન થાય તો આખું તૈયાર ચિત્ર પણ પાણીમાં ધોઈ નાખે, અને એમાં આગળ શું કરવું તેની સૂઝ ન પડે તો થોડા દિવસ એ ચિત્રને ઊંચું મૂકી દઈ બીજું કોઈ ચિત્ર હાથ ધરે. પૂર્ણ-અપૂર્ણ બધાં ચિત્રો નજર સામે જ ગોઠવી રાખે. આમ, એમના ચિત્રખંડમાં ઢગલાબંધ ચિત્રો પડ્યાં જ હોય. તેઓ કહેતા, 'ચીતર્યાં વગર ચેન ન પડે. આખી જિંદગી ચીતર્યું એટલે હવે ટેવ પડી ગઈ છે. ચીતરવાની એક ચળ આવતી હોય છે. કોઈવાર તો વહેલી સવારથી જ ચીતરવા બેસી જઉં. પણ હવે ઉંમર થઈ, શરીરે નબળું થાય ને ! આંખે યે હવે ઓછું દેખાય છે તેથી બપોરે બહારની ગૅલેરીમાં તડકો આવે ને તેનો ઉજાશ અંદર આવે ત્યારે રંગો બરાબર દેખાય એટલે થોડું કામ કરી લઉં. મૅગ્નિફાઈંગ ગ્લાસ વાપરવા છતાંય હવે બહુ સ્પષ્ટ દેખાતું નથી એટલે બહુ ડીટેલવર્ક નથી કરતો.' તેઓ જ્યારે ચિત્ર ન કરતા હોય ત્યારે દુનિયાના ઉત્તમ ચિત્રકારોનાં ચિત્રોની પ્રિન્ટ્સ જોતા હોય, તેમનાં જીવન વાંચતા હોય, એ ચિત્રો ક્યારે કેવા સંજોગોમાં થયાં તેની જાણકારી મેળવતા હોય. આ બધું એમની ચેતનાને વધુ જાગ્રત રાખતું.

એક ચર્ચામાં એમણે કહેલું કે, 'કોઈપણ સર્જકનો સૌથી મોટો

ડ્રાઈવિંગ ફોર્સ એપ્રિસીએશન છે. માણસ માત્રને - નાનું બાળક કે વૃદ્ધ, શીખાઉ કે પ્રસિદ્ધ કલાકાર સૌને - એ જોઈતું હોય છે.... ગુજરાત લલિતકલા અકાદમીએ કરેલા મારા બહુમાનથી મને પણ આનંદ જ થયો છે. યોગ્ય કદર સૌને ગમે છે. એથી કામ કરવાનો ઉત્સાહ વધે છે.' તો વળી કહેતા કે, 'આજના મોટી સાઈઝના કેનવાસ પરનાં મૉડર્ન પેઈન્ટિંગ્સ આગળ અમારાં ચિત્રો નાનાં પડી જાય છે. તેની કિંમત રહેતી નથી. યોગ્ય કદર થાય ત્યારે ગમતું હોય છે. બીજાં વધુ ચિત્રો કરવાનો - નવું કામ કરવાનો ઉમંગ રહે છે.' પોતાના વિદ્યાર્થીઓની પ્રેમથી કદર કરીને એમણે પ્રોત્સાહન અને પ્રેરણા આપ્યાં છે. ખોડીદાસ પરમાર, પ્રદ્યુમ્ન દવે વગેરે જેવા ગુજરાતના જાણીતા કલાકારો એમના શિષ્યો છે. એ સૌ સોમાભાઈને ખૂબ ભાવથી યાદ કરતા રહે છે.

વાચાળ અને સરળ સ્વભાવના સોમાકાકાને લોકોને હળવું-મળવું ખૂબ ગમતું. લોકસંપર્ક પણ ચિત્રો જેવો જ મધુર રહેતો. રોજ સાંજે ફરવા નીકળી પડે અને ચાલતા ચાલતા કોઈ ને કોઈ મિત્ર કે સ્નેહીને ત્યાં પહોંચી જાય. શરીર અને મન બન્ને તાજાં રહે. કોઈ પણ કુટુંબના દરેક સભ્ય સાથે રાજકારણ, ચિત્ર, સાહિત્ય, આયુર્વેદ, ભગવદ્‌ગીતા, વેદપુરાણ કે અરેબીઅન નાઈટસ્‌ની બાળવાર્તાઓ જેવા કોઈ પણ વિષય પર તેને ગમતી વાતો કરી શકે. તેમને મજા પડે. આમ, સમગ્રપણે રસસભર આ વ્યક્તિના પ્રેમાળ હૂંફાળા નિસ્વાર્થી માનવસંબંધો ચિત્રોની જેમ જ નિખરી ઊઠતા. કલાજગતના તેઓ આદરણીય પ્રિય વ્યક્તિ હતા. તો બધાંને ગમ્મત સાથે જ્ઞાન આપતી 'ફરતી આત્મીય લાયબ્રેરી'' સમા હતા. તેમની અનુભવવાણી લોકો પ્રેમથી પીતાં અને તૃપ્ત થતાં.

દીર્ઘ જીવન જીવ્યા બાદ જીવનના અંતિમ દિવસોમાં મનમાં કોઈ ઉચાટ નહોતો. પરમ શાંતિ અને સંતોષ હતાં. કહેતા, 'મને કોઈ ઇચ્છા રહી નથી. શાંતિથી જીવું છું. સંતાનો પોતપોતાને ઘરે સુખી છે.'

ચુસ્ત વૈષ્ણવધર્મી અને શિસ્તધર્મી શાંતાબેન સોમાભાઈનાં ધર્મપત્ની. આજે તો શાંતામાસીને વાર્ધક્યનું પ્રમાણ આપતી, જમીનમાં ચાસ પડી જાય એટલી ઊંડી કરચલીઓ ચામડીમાં પડી ગઈ છે. પણ તેઓ નાનાં હતાં ત્યારે ખૂબ રૂપાળાં અને સુંદર હતાં. હસતાં હસતાં શાંતામાસી કહે છે. 'ગામમાં લોકો મને ભૂરી કહીને બોલાવતા.' શાંતાબેન રસોઈપાણી અને ઘરકામમાં ખૂબ કુશળ ગૃહિણી. ઘર સરસ ચોખ્ખું અને વ્યવસ્થિત રાખે. સોમાભાઈની ખૂબ કાળજી લે. રોજિંદા જીવન વ્યવહારમાં ખાવું-પીવું, સૂવું ઊઠવું વગેરે બધું ઘડિયાળના કાંટે સમયસર જ થતું રહે તેવો આગ્રહ રાખે. સોમાભાઈ તેમને તેમાં સાથ પણ આપે. સોમાભાઈએ તેમની સાથે ખૂબ લાંબું દાંપત્યજીવન ગાળ્યું. તેઓ તેમના જીવનસાથીને સમજતા અને કહેતા, 'અમારાં બન્નેનાં રસ અલગ છે. તેમનો ધર્મ મંદિર છે. મારો ધર્મ ચિત્ર છે. શરીરે સાથ આપ્યો ત્યાં સુધી રોજ સાંજે ચાર વાગે તેઓ મંદિરે દર્શન કરવા જાય અને હું મારા મિત્રોની દુનિયામાં જઉં.

આટલા વર્ષોથી એકબીજા સાથે મળીને જીવતાં એકતા થઈ જતી હોય છે. સહજ સ્વીકાર્યતા આવી જાય છે.' તેથી જ તો શાંતાબેન મોટી ઉમ્મરે, પોતાના નબળા શરીરે પણ સોમાભાઈની અંતિમ લાંબી બીમારીમાં સહજભાવે સેવા કરતાં રહ્યાં હતાં.

સંધ્યાકાળે તેમને ઘરે જઈએ તો ઓટલે હીંચકા પર આ વૃદ્ધ દંપતી શાંતિથી બેઠું હોય... સોમાકાકાના પગની ઠેસથી હળવે હળવે હીંચકો હાલતો હોય ને અંતરમાં પ્રસન્નતા છવાયેલી હોય.... સોમાભાઈનું જીવન એક સુંદર ચિત્ર બન્યું છે.

ઊંડી સંવેદનશીલતા, કુતૂહલ, કલ્પના, મૌગ્ધ્ય, સૂક્ષ્મ નિરીક્ષણ, રસવૃત્તિ, આત્મચિંતન, અભ્યાસી વલણ અને પ્રબળ કાર્યશક્તિની સર્જનસીડી ચડીને સોમાલાલ શાહ ગુજરાતના સર્વોચ્ચ કોટિના ચિત્રસંર્જકોમાં સ્થાન પામ્યા છે. ૧૨ નવેમ્બર, ૧૯૯૪ના દિવસે ૮૯ વર્ષનું જીવન જીવ્યા બાદ તેમનું અવસાન થયું છે. તે સાથે ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળથી ઉદય પામેલી અને સ્વર્ગસ્થ સર્વશ્રી રસિકલાલ પરીખ, કનુભાઈ દેસાઈ, યજ્ઞેશ્વર શુક્લ અને છગનલાલ જાદવ વગેરે કલાકારો દ્વારા વિકાસ પામેલી સનિષ્ઠ કલાજગતની એક પેઢીનો જાણે અસ્ત થયો છે. પણ તેઓ તેમનાં સુંદર ચિત્રસર્જનો દ્વારા હંમેશાં આપણી વચ્ચે જીવંત રહેશે. □

કૃષ્ણ કહે ઉદ્ધવને

જનક ત્રિવેદી

ચલાળા સ્ટેશને એક ખાનદાન ટી સ્ટૉલ છે. કેબિનનાં કટાએલાં પતરાંનો વાદળી રંગ ઝાંખો પડી ગયો છે. લાકડાની ફ્રેમ ખવાઈ ગઈ છે. ખીલીઓ નીકળી જવાથી પતરાંના ખૂણા વળી ગયા છે. રેલવેના કોઈ અણઘડ પેઈન્ટરે લખેલા 'રેલવે રિફ્રેશમેન્ટ સ્ટૉલ' - અક્ષરોમાંથી કેટલાકના પોપડા ખરી ગયા છે. નીચે લખેલા 'અહીં ગરમાગરમ ગાંઠિયા તથા મસાલાવાળી ચા મળશે' - શબ્દો હજી ઝાંખાઝાંખાય વંચાય છે. ગરમાગરમ ગાંઠિયા ભૂતકાળની બાબત બની ગઈ છે, ને ચામાંથી મસાલો અદશ્ય થઈ ગયો છે. અંદર એક જાહલ કબાટ છે. તેની એક બારીને કાચ વળગી રહ્યો છે. બાકીમાં કેલેન્ડરનાં પૂઠાં ભરાવ્યાં છે. અંદર એક ભંગાર ટ્રેમાં બીડીઓની બેત્રણ ઝૂડીઓ અને બાકસ પડ્યાં છે. સિમેન્ટનાં સ્ટેન્ડ ઉપર એક મેલોઘેલો પ્રાયમસ અને એલ્યુમિનિયમની બે રૂપચૌદશ તપેલી ઊંધે માથે તપ કરી રહી છે. ફર્શમાં ઊંદરે બેઝિઝક ઘર બનાવ્યાં છે. એકંદરે એ તમામ અસબાબને સ્ટૉલ તરીકે ઓળખવો હોય તો ઓળખી શકાય.

રોજ સવારે કેબિનની અંદર કેબિન જેટલો જ જંરીપુરાણો એક રંક માણસ કાં તો માતાજીના ફોટા સામે નતમસ્તકે હાથ જોડી ઊભેલો દેખાય છે, અથવા સ્ટેન્ડ ઉપર ખસ્તાહાલ પ્રાયમસ ઉપર ઘંટીઘોબાળી કાળી તપેલીમાં ચા ઉકાળતો નજરે ચડે છે. સિત્તેરની આજુબાજુના એ જઈફ આદમીએ માથે બાલ ખરી ગયેલી સુરબાલની જૂની ઢીલી ટોપી, ડિલે થીંગડાળું જરવાળિયું પહેરણ ને ઢીલી ચોરણી ધારણ કર્યાં છે. ચાનું રસાયણ પીધેલી રતૂમડા છેડાવાળી સફેદ મૂછો સવારની ઠંડી હવામાં ફરકી રહી છે. એ ભીખા ભગત છે, ટી સ્ટૉલના માનવંતા માલિક ભીખા ઉકા. ભીખા ભગત ચા ઉકાળતા જાય છે ને ચાખતા જાય છે. તપેલીમાં ચા નહીં, મેજિકપોશન ઊકળી રહ્યું છે. ફળફળતી ચા, ગરણી, અડાળી અને હોઠના સંજોગ થાતા રહે છે. એમ કલાક દોઢ કલાક નીકળી જાય છે. બેશક 'નીકળી' જાય છે. પછી ગાડીની લાઈન ક્લિયરના ડંકા પડે છે ત્યારે સ્ટૉલને તાળું વાસી;...... હંમણે વયો આવું... ભોળિયાનાથનાં દર્શન કરીન.... એવું કંઈક બબડતા ગામઢાળા ચાલતા થાય છે. પછી ગાડી જાય ત્યાં સુધી ભીખા ભગત કળાતા નથી.

વાત સાવ સીધી છે. ગાડી જેવી ગાડી પ્લેટફાર્મ પર ઊભી હોય ને એકે મુસાફર ચા પીવા સ્ટૉલે ફરકે નહીં એ કેમ ખમાય ? ઈ કરતાં દેખવું ય નૈં ને દાઝવું ય નૈં. બાકી રડ્યોખડ્યો એકાદ બાવો આખા

ઉં

દિવસમાં એકાદ ચા માગે તે ગનીમત. અથવા સ્ટેશન માસ્તર ઑફિસમાં પત્તાંનો કાર્યક્રમ રાખે ત્યારે ચારપાંચ ચાનો ઑર્ડર મળે. બસ, એને ઘરાકી ગણવી હોય તો ગણી શકાય.

એક દયાળુ અધિકારીએ જ્યારે ભીખા નામના છોકરાને રેલવે ટી સ્ટૉલનું લાઈસન્સ અપાવેલું ત્યારે આ સ્ટૉલની બોલબાલા હતી. બસવ્યવહાર તદ્દન ઓછો હતો. તેથી ગાડીઓ મુસાફરથી ભરચક્ક રહેતી. ગાર્ડ-ડ્રાઈવર શેડ્યૂલ હોલ્ટ કરતાં ગાડીઓ વધુ સમય થોભાવતા અને જોઈએ ત્યારે એન્જિનમાંથી કોલસા દેતા. બદલામાં ડ્રાઈવર-ગાર્ડને ફીફંડમાં ચા-નાસ્તો મળતાં. તદુપરાંત સ્ટૉલને 'પરબ' સમજી મફતની ચા ગટગટાવી જતા ટિકિટચેકર અને પોલિસવાળા તો ખરા જ. આવક પ્રમાણે તે પોસાતું.

પરંતુ હવે વાત જુદી છે. હવે તો ગાડી આવીને ઊભી નથી કે પિપૂડી વગાડી નથી. કોલસાની તો વાત જ નહીં, ને બળેલી કોલસી માટે 'ઇંગાર' કાઢવાના રોકડા ચાલીશ માંગે. આંખની શરમેય નહીં. રેલવેએ ટ્રાફિકના અભાવના નામે અથવા પાણીની અછતના બહાને ખોટ કરતી ગાડીઓ બંધ કરી છે. રેલવેના ચોપડે જમા થવી જોઈતી રકમ ક્યાં જાય છે તેની કશી ગમ વગર રેલવેના ચોપડામાં ખાલી ગાડીઓ દોડે છે. એ કારણસર પોતાના ધંધાનો ધક્કો લાગ્યો છે તેની ભીખા ભગતને ખબર નથી. તેમને મન ગાર્ડ-ડ્રાઈવર અને સ્ટેશનમાસ્તર હજીયે 'આપડાં માવતર' છે.

બીજી વાત, લોકોને હવે બાપુ ગાડીઓમાં પ્રવાસ કરવાનું ગમતું નથી. બસવ્યવહાર વધી ગયો છે. સામે ભંગાર એન્જિન, ખરાબ કોલસા-પાણીને કારણે ગાડીઓ ધણીધોરી વિનાની હોય તેમ દોડે છે. પરિણામે મુસાફરો ઘટી જવાથી ભીખા ભગતની આર્થિક સ્થિતિ છેલ્લાં કેટલાંક વર્ષોથી બગડી ગઈ છે. છોકરાઓ પરણી-પરણીને નોખા થઈ ગયા છે. રાતી પાઈની પણ આવક રહી નથી. પરંતુ ભીખા ભગતની ઉદારતા હજી અકબંધ છે. સ્ટેશન માસ્તરને આગ્રહ કરી ચા પીવડાવે છે.

બે રૂપિયા દઈ ચા પીવા હવે સ્ટૉલે કોઈ ઢૂંકતું નથી. તેથી દર છ મહિને ભરવાની થતી લાઈસન્સ ફીની રકમ ભરી શકાતી નથી. સ્ટેશન માસ્તરની દયાથી અને કમર્શિયલ ઇન્સ્પેક્ટરની મહેરબાનીથી ચડતર ફી ભર્યા વગર થોડો સમય પસાર થઈ જાય છે.

પરંતુ આખરે એક દિવસ સ્ટૉલને સીલ લાગી જાય છે. કમર્શિયલ ઇન્સ્પેક્ટર સીલ કરવા આવે છે. ભીખા ભગત રોણાંધોણાં આદરે છે. પરંતુ સ્ટૉલને તાળું દેવાઈ જાય છે.

છતાં નિયમ મુજબ ભીખા ભગત સવારના સાતે આવે છે. સ્ટૉલની પાછલી બારી નીચે હાથ નાખી સ્ટૉપર ખોલે છે. બારી ઊંચી કરી ગડકીને અંદર જાય છે. અંદર જઈ ભીખા ભગત કબાટમાં રાખેલી ખોડિયાર માની છબી સામે અગરબત્તી પેટાવે છે. ઘરમાં માંદી ઘરવાળી ડોશીની દવામાં એકે ફદિયું ખરચી નહીં શકનાર ભીખા ભગત એક નાની દાબડીમાં દેશી ઘી રાખે છે. રૂની મોટી વાટ કરી ઘીમાં બોળે છે. પછી વાટ પેટાવી હથેળીમાં રાખે છે. હથેળીના ખાડામાં થોડું વધુ ઘી નાંખે છે. પછી, - 'હે માવડી, મારી લાજ રાખજે' - એમ બોલતા-બબડતા દીવો બળી રહે ત્યાં સુધી માતાજીની આરતી ઉતારે છે. બળતરાની વેદના થાય ત્યારે ભીખા ભગતની વૃદ્ધ આંખોમાંથી આંસુ ખરતાં હોય છે. પરંતુ સ્ટૉલના ચોખંડા અંધકારમાં રોજ ભજવાતું એ દૃશ્ય જોવાવાળું કોઈ હોતું નથી.

દિવસો અને મહિનાઓ પસાર થઈ જાય છે. પણ ફીની રકમનો જોગ થાતો નથી. ઘરમાં માંદી ડોશી જાઉં જાઉં થઈ રહી છે, પણ ભીખા ભગતને એની ફિકર નથી. સ્ટૉલ ઊઘડી જાય તો આબરૂ રહી જાય એની ફિકરમાં ભીખા ભગત ડૂબી ગયા છે. ટી સ્ટૉલ ભીખા ભગતનાં આંતર્‌બાહ્યનો એક હિસ્સો બની ગયો છે.

લાઈસન્સ રદ ન થાય તે માટે ભીખા ભગત સ્ટેશન માસ્તરને કાકલૂદીઓ કરી જાય છે. નવા સ્ટેશન માસ્તરને ખબર છે, પોતે ભીખા ભગતની બેકારી વધારી છે. એ જુગાર રમતો નથી ને રમવા દેતો નથી, તેથી ભીખા ભગતની ચાના ઘરાક સ્ટેશને આવતા બંધ થયા છે. સ્ટેશન માસ્તર કરુણાથી પ્રેરાઈને ભીખા ભગતની કાકલૂદીઓ હમદર્દીપૂર્વક સાંભળે છે;... 'સાહેબ, થોડા દિ ખોભળી જજો... બેસેંનો વેંત થઈ ગ્યો છ.' એકવારનું હોય તો ઠીક છે, પરંતુ આ તો કાયમની વાત થઈ, ભવની કોણ ભાંગે! છતાં સ્ટેશન માસ્તર શક્ય એટલો વિલંબ કરે છે. હેડઑફિસનાં ફીનાં પુછાણનાં કાગળિયાં દબાવી રાખે છે, અથવા ફાડી નાંખે છે, ને કસો જવાબ દેતા નથી. એમ બીજા બેત્રણ મહિના નીકળી જાય છે.

દરમિયાન ભીખા ભગત સ્ટેશન વિસ્તારમાં આડેધડ ઊગેલા ગાંડાબાવળનાં લાકડાં વેચી ગુજરાન ચલાવે છે. એકાદવાર કમર્શિયલ ઇન્સ્પેક્ટર ખૂદ આવી ભીખા ભગતને ચડતર ફી ભરવા દબાણ-દમદાટી દઈ જાય છે. ભીખા ભગત ચા પીવડાવે છે, હાથેપગે પડે છે, આંસુડાં ખેરવે છે.

અચાનક એક દિવસ લાઈસન્સ રદ થવાની અણીએ ભીખા ભગત ફીની તમામ રકમ સ્ટેશને જમા કરાવી જાય છે, અને તરત સ્ટૉલનો દરવાજો ખૂલી જાય છે. ભીખા ભગતનું નંદવાઈ ગયેલું મન ફરી સંધાઈ જાય છે.

હવે ભીખા ભગત લિટર દૂધ સાથે સ્ટૉલમાં બાકાયદા પ્રવેશે છે. પ્રાયમસ ઉપર દૂધ ગરમ કરવા મૂકે છે. દૂધ ગરમ થઈ રહે ત્યાં સુધી માતાજીની આરતી કરે છે; હે, માડી, તેં તારા રાંક ભગતની પત્ય રાખી ખરી... તારી કરપાનો કોઈ પાર નથી, મા...! સતને મારગે હાલ્યો છઉં ને હાલવા દેજે, હે જોગમાયા ! પછી ચા ઉકાળે છે. ઊકળતી ચા હથેળીમાં લઈ ચાખતા જાય છે ને ચાની ભૂકી અને ખાંડ ઉમેરતા જાય છે, ને ગરણી હલાવતા રહે છે. દરમિયાન દર પાંચ મિનિટે અડધી અડધી અડાળી ચા પીતા જાય છે. સમ ખાવાયે એકે ઘરાક ચા પીવા આવતો નથી. સવારની નવની ત્રણસો ચોપન લોકલ જાય છે. છતાં ગલ્લામાં એક પૈસો પડ્યો નથી. એનું દુઃખ નથી. લાજ સચવાઈ ગયાનાં સુખની આભાથી ભીખા ભગતનો ચહેરો ચમકી રહ્યો છે.

ગાડી ગયા પછી સ્ટેશનમાં કાળો કાગડો દેખાતો નથી. ત્યારે કેડેથી ઝૂકી ગયેલો સિત્તેર પારનો લવોભાભો સ્ટેશનનાં પગથિયાં ચડી થર્ડ ક્લાસ વેઇટિંગ હૉલની પથ્થરની લાદી પર લાકડી ઠપકારતો ભીખા ભગતના સ્ટૉલ દીમનો આવે છે. ભીખા ભગત નજીક આવતા જતા લાકડીના ઠપકાર સાંભળતા રહે છે. સ્ટૉલનાં બારણે નરવો અવાજ સંભળાય છે... એલા ભીખા, ક્યાં ગ્યો ! ભીખા ભગત લવાભાભાને સ્ટૉલમાં બેસાડે છે. પછી બંને જણ ઊભડક બેસી મૂંગા મૂંગા બેત્રણ રકાબી ચા પીએ છે. પછી લવોભાભો બોલે છે; લાવ્ય, લે ભીખા, કાવડિયાં. ભીખા ભગત ખીસાંને ખૂણેખાંચરેથી પાવલી કે આઠઆની ગોતી કાઢી લવાભાભાને આપે છે. લવોભાભો ગાંધીચશ્માંમાંથી ઝાંખી નજરે જોતાં પૂછે છે; રૂપિયો કાં નૈં ?! ભીખા ભગત માતાજીના સોગંદ ખાઈ કહે છે... લવા, એકેય ચા ખપી હોય તો મારી માવડીના સમ... તારાં કાવડિયાં દૂધે ધોઈને દેવાં છ... આવતે ભવ મારે તારો ઢાંઢો થાવું નથી. લવોભાભો કહે છે... આવતે જલમ મારેય તારો ઘોડો થાવું નથી. બંને વચ્ચે ઝીણી ઝીણી રકઝક-કચકચ ચાલતી રહે છે - કોઈ સાંભળે નહીં તેમ.

લેઉઓ કણબી લવોભાભો ખાદીભંડારમાં ચોકીદાર હતો. ખાદીનાં જરવાળિયાં ઝભ્ભો-ચોરણી અને માથે માથાથી મોટી ગાંધીટોપી પહેરે છે. બાળબ્રહ્મચારી છે. જમીન ભાઈઓને આપી દીધી છે. ગામના ગાંડા-અપંગની સેવા કરે છે અને કૂતરાઓને રોટલા નીરે છે. બાકીનો સમય ઓટલાઓ ઉપર નવરા ભાભાઓ સાથે સત્સંગ કરે છે.

લવોભાભો ભીખા ભગતને ઠપકો આપે છે : 'ભીખા, હવે કાંક્ય સુધર્ય તો સારું... બાકી આમ કેટલા દિ હાલશે ! ધંધામાં જીવ રાખ્ય તો બે કાવડિયાં રળીશ... તુંને એકલાને સા પીવા થોડો કાવડિયાં દઉં છઉં ?' ભીખા ભગત કપાળે આંગળી અડાડી કહે છે:... 'નસીબ... નસીબ, લવા, નસીબ ! નસીબંમાં નો હોય તો અમથાં ઉધામા કરવા ખોટા,... ને આમાં લખ્યું હશે તો ક્યાંય નૈં

જાય... મારી માવડી દૈ રેશે, સમજ્યો !' - એમ કરતાં બે ય ડોસા અગમનિગમના ગૂઢ ગિનાનની વડછડે ચડી જાય છે.

બપોર સુધીમાં લિટરેક દૂધની ચા ભીખા ભગત પોતે એકલા ઢીંચી જાય છે. અલબત્ત, ગ્રાહકના ઇન્તેજાર અને ગમમાં ! પછી બપોરે સર્વે આધિ-વ્યાધિ-ઉપાધિ ચાની તપેલીમાં ઢાંકી નિરાંતે કોઈ ધાર્મિક સામયિકના જૂના અંક વાંચે છે.

આમ, મહિનો બે મહિના જાય છે ત્યાં ફરી લાઈસન્સ ફી ભરવાની નોટિસ આવે છે. જો કે હજી બેચાર મહિના સુધી વાંધો આવે તેમ નથી.

આ ઘટના દર વરસે ઘટે છે. દર વખતે ફી ચડતર થાય છે. પાવલી-આઠ-આના કરી માંડ વીસપચ્ચીસ લવાભાભાને ચૂકવાણા હોય ત્યાં પાછા વસમા દિ' આળી જાય છે. ફરી ગાંડા બાવળના આધારે દિવસોને ધક્કા મરાય છે. ફરી માવડીની કરપાએ ફી ભરાય છે, ને ફરી તિલસ્માતીરીતે તાળાં ખૂલી જાય છે. ફરી સ્ટૉલના અભેદ્ય કિલ્લા વચ્ચે સલામત ભીખા ભગત ચાનું દ્રાવણ ઉકાળતા થાય છે. ફરી લાકડીના ઠપકાર સંભળાય છે. લવોભાભો આવે છે. 'ચાઉં' પીવાય છે, 'ગિનાનની ચર્ચાઉં'નો દોર ચાલે છે... અને ફરી ફરી... ફરી ફરી ઘટનાચક્ર ફરતું રહે છે.

કહેવાય છે, હરવખત લવાભાભાના વ્યાજ સાથે મૂળગાય ડૂબી જાય છે. લવોભાભો કહે છે : ... 'કાંય જાતા નથી... દઉં છઉં તો એમનમ નથી દેતો... વિયાજ લઉં છઉં રોકડું.' લવાભાભા ચાલતા થાય છે, ને કંઈક બબડતા જાય છે. જો કે પૂછનારને એનો બબડાટ સમજાતો નથી.

ભીખા ભગતને પૂછો તો કહે છે : .. 'મારી પાંહે કાંય હોય તો લવાને દઉં ને.' લવાભાભાને પૂછો તો કહે છે : 'ભીખાનું વિયાજ ખાઉં છઉં.' બેમાંથી કોણ સાચું તેની ખબર પડતી નથી. સાચી વાત એટલી કે ભીખા ભગતની ભીડ ભાંગે છે.

યુનિયન કાર્યકર સ્ટેશન માસ્તર બીજા દૃષ્ટિકોણથી વિચારે છે. એને દરેક માણસ કાં તો સર્વહારા દેખાય છે અથવા શોષણખોર. એની ફાંદની ચિંતા કરવાને બદલે શોષણ સામે પડકાર, બહેતર જિંદગી, સમાજવાદ અને એવી બીજી ઘણી વાહિયાત બાબતોની ફિકરમાં એ સતત ડૂબેલો રહે છે. એને થાય છે, કૂબડો લવોભાભો ભીખા ભગતને એક્સ્પ્લોઇટ કરે છે.

જો કે કાણી કોડી વગરના ભીખા ભગતના શોષણનો એનો ખ્યાલ ખરેખર રમૂજી છે. એને સમજાતું નથી, કે તો પછી લવોભાભો આમ વારંવાર ઘર બાળીને તીરથ શું કરવા કરે છે.

એક દિવસ એ લવાભાભાને પૂછે છે.

ચશ્માની દોરી કાને સરખી વીંટતા, બચ્ચા-ખૂચ્યા ખેરી ખાધેલા બેચાર દાંત દેખાડતા લવાભાભા પહેલાં તો સ્ટેશન માસ્તરનો ઇરાદો અને સમજણશક્તિનું માપ કાઢતા લાંબીવાર સુધી એકધારું તાકતા રહે છે. પછી મૂંગા મૂંગા લાકડીને ટેકે ઊભા થાય છે અને કંઈક અવાજ સાંભળતા સ્ટૉલ તરફ જુએ છે.

હૉલમાં તડાકા મારતા રખડુ બાવાઓનું ઊકળતી ચા તરફ ધ્યાન આકર્ષિત કરવા ભીખા ભગત તપેલી ઉપર ગરણી ઠપકારી રહ્યા છે. ક્રમશઃ તીવ્ર બનતા જતા હર ઠપકારે ભીખા ભગત બાવાઓ તરફ એક નજર કરી લે છે.

પછી લવાભાભા વાંકા વાંકા સ્ટૉલ તરફ ચાલતા થાય છે. ચાલતા-ચાલતા સ્વગત બોલતા હોય તેમ બબડતા જાય છે :... આ ઓલ્યા ગીત માયલું સે...કે... પરેમની વાતું સે નિયારિયું, ઓધાજી,... પરેમની વાતું સે નિયારિયું... □

ટેઢા પ્રશ્નો

અહીં કેટલાક પ્રશ્નો આપ્યા છે, જરા ટેઢા છે, બરાબર વિચારીને જવાબ આપો.

૧. જમીન ઉપર ઊભા રહીને ત્રણ ફૂટ સુધી ઈંડું ભાંગે નહિ એમ કઈ રીતે ફેંકશો ? અલબત્ત, ઈંડું ભાંગે નહિ તે માટે જમીન ઉપર પોચી ગાદી કે એવું કંઈ મૂકવાનું નથી.

૨. બે રીંછ જંગલમાં હરેફરે છે. એક મોટું અને એક નાનું રીંછ છે. નાનું રીંછ મોટા રીંછનું બચ્ચું છે, પણ મોટું રીંછ નાના રીંછનું પિતા નથી. તો એ કોણ છે ?

૩. પૂરા જોરથી તમે એક દડો ફેંકો છો. દૂર સુધી જઈ સહેજ થંભી એ દડો તમારી જ પાસે પાછો આવે છે, પણ એ કોઈ દીવાલ કે કોઈ આડશને અડ્યા વિના જ. વળી, તેની સાથે રબ્બરની દોરી કે એવું કશું બાંધ્યું પણ નથી. તો એ કઈ રીતે બને ?

૪. ખાનામાં ૧૦ રાતાં અને ૧૦ લીલાં મોજાં છે. તમારે અંધારામાં તેમાંથી એક સરખા રંગની એક જોડ કાઢવાની છે, તો એ માટે ઓછામાં ઓછી કેટલી જોડ ખાનામાંથી કાઢવી પડે?


ઉત્તર

૧. ચારેક ફૂટ જેટલો હાથ ઊંચો કરી ઈંડું પડવા દેવું. ત્રણ ફૂટ સુધી તો એ ભાંગ્યા વિના જ પડશેને ? એ પછી એનું જે થાય તે.

૨. મોટું રીંછ નાના રીંછની માતા છે.

૩. આગળ જઈ જરા થંભીને તમારી તરફ પાછો આવે એવું તો ત્યારે જ બને કે જો તમે તે ઊંચે હવામાં ફેંક્યો હોય.

૪. ત્રણ જોડ મોજાં કાઢો તો એમાંથી લીલી કે લાલ રંગની જોડ બની જ જાય. નસીબદાર હો તો કદાચ પહેલી કે બીજી જોડ મોજાં કાઢતાં પણ લીલી કે લાલ જોડ મળી જાય.



એલિફન્ટાની ગુફાઓ • ઈ. ૧૮૦૩માં ડબ્લ્યુ. વેસ્ટોલે કરેલું આલેખન

ભારતનું ગુફા-સ્થાપત્ય


(ઈશાન)

હેમંત વાળા

બૌદ્ધ ધર્મ સાથે અશોકે આજીવિક સંપ્રદાયને પણ પ્રોત્સાહન આપેલું. આ સંપ્રદાયના તત્ત્વજ્ઞાનમાં ક્ષણભંગુર જીવન કરતાં સનાતન એવા આત્માના કલ્યાણ માટે કાર્યરત રહેવા જણાવાયું છે. આજીવિક સંપ્રદાયના લોકોએ તેમના ધાર્મિક સ્થાપત્યમાં પણ આ વિચાર-સરણી પ્રતિબિંબિત કરવા પ્રયત્ન કર્યા હતો. ઈંટો, પથ્થર તથા લાકડાનાં બનતાં મકાન પ્રમાણમાં ઓછી આવરદાવાળાં થતાં હોવાથી આ સંપ્રદાયના સાધુઓએ ધાર્મિક-સ્થાન તરીકે ગુફાઓ પસંદ કરી હતી. એ શક્ય છે કે આરંભમાં આ સાધુઓ કુદરતી ગુફામાં વસતા હશે. જરૂરિયાત મુજબ ગુફાઓને કોરીને તેમાં ફેરફારો પણ કર્યા હશે. આવા ફેરફારથી સમકાલીન સમાજને ઉપયોગિતા મુજબની આખી ગુફા કંડારી નાંખવાનો વિચાર આવ્યો હશે. ભારતમાં ગુફા-સ્થાપત્યના પ્રકરણની આ પૂર્વભૂમિકા છે.

ઈસ્વી સન પૂર્વે ૩જી સદીના ભારતમાં ગુફા-સ્થાપત્યના એક સુવર્ણ-પ્રકરણની શરૂઆત થઈ. એમાં વિશ્વમાં અન્યત્ર જોવા ન મળે તેવી ઉત્કૃષ્ટ રચનાઓનું સર્જન થયું છે. ગુફા-સ્થાપત્યના વિશાળ પ્રમાણમાપવાળાં મંદિરો તથા ઉપયોગિતાની દૃષ્ટિએ સુયોગ્ય એવા ચૈત્ય-વિહારમાં આબોહવાનાં વિપરીત પરિબળો સામે રક્ષણ મેળવવાની પદ્ધતિ, તત્કાલીન સમાજની વિચાર-સરણી રજૂ કરતું સ્થાન-આયોજન, પ્રતીકાત્મક રજૂઆત તથા દૃશ્ય-અનુભૂતિની સમૃદ્ધિ માટે કરાતી કોતરણી, પ્રકાશની માત્રાને જરૂરિયાત પ્રમાણે નિયંત્રિત કરવાની રીત, સંલગ્ન કાર્ય-હેતુ માટે વિવિધ પ્રમાણમાપવાળી જગ્યાઓનું એકરાગતા મુજબ કરાયેલું આયોજન ઇત્યાદિ ઉલ્લેખનીય છે. સ્થાપત્યના ઉત્કૃષ્ટ નમૂનાઓના સર્જન માટે આ બધાં પાસાંઓ યોગ્ય રીતે ભારતીય ગુફા-સ્થાપત્યમાં વણાયેલાં છે.

આજીવિક સંપ્રદાયની ગુફાઓ પ્રમાણમાં સાદી રહેતી, પરંતુ ત્યાર બાદ બૌદ્ધ સાધુઓએ ચૈત્યની પ્રતિકૃતિ જેવી ગુફાઓ કંડારી. આવી ગુફાઓના પાછળના ભાગમાં નક્કર સ્તૂપ બનાવાતો. આ સ્તૂપ ઉપર બુદ્ધની પ્રતિમા કંડારાતી. આવી બૌદ્ધ ગુફાઓની


અર્ધગોળાકારે પથરાએલી ટેકરીઓ વચ્ચે બૌદ્ધ સાધુઓએ
કોરેલી અજંતાની ગુફાઓ તથા (જમણી બાજુ) પહાડોમાં કોરેલી ઇલોરાની બૌદ્ધ ગુફાઓ

શરૂઆત હિનયાન સંપ્રદાયે કરી હતી. આ ગુફાઓ પ્રમાણમાં નાની અને ઓછી કોતરણીવાળી હતી. આ સંપ્રદાય મૂર્તિપૂજામાં માનતો ન હોઈ તેમની ગુફાને મંદિરનો દરજ્જો મુશ્કેલીથી મળતો. હિનયાન સંપ્રદાય કરતાં મહાયાન સંપ્રદાય વધુ સમૃદ્ધ હતો તેથી ૨૦૦ વર્ષ પછી બનાવાયેલી મહાયાન સંપ્રદાયની ગુફાઓ વિશાળ તેમજ સ્થાપત્યશૈલીમાં - સમૃદ્ધ હતી. આગળ જતાં બ્રાહ્મણ તેમજ જૈન ગુફાઓ પણ બની. આમાંની જૈન ગુફાઓ મહદ્ અંશે બૌદ્ધ ગુફાઓને મળતી આવતી, જ્યારે સનાતન ધર્મની ગુફાઓ મંદિરની પ્રતિકૃતિ સમાન બનતી.


અન્ય પ્રકારના બાંધકામની જેમ ગુફા-સ્થાપત્યની રચનામાં ઓરડાઓના વિવિધ ગાળા પર માળ અથવા છત બાંધવા ચોક્કસ અંતરે ટેકા મૂકવાની જરૂર નથી હોતી. ખડકમાંથી કોરી કઢાયેલી ગુફા આમ તો સ્વયં-આધારિત હોય છે. પણ ગુફા-સ્થાપત્યની રચનામાં લાકડામાંથી થતા બાંધકામ જેવી રચના અમલમાં મુકાઈ છે. ચોક્કસ અંતરે આવેલા સ્તંભ, તેના પર કોરી કઢાયેલા આડા મોભ, છતની રચનામાં લાકડાની પટ્ટીઓ નજીક નજીક મુકાઈ હોય તેનો ભ્રમ ઊભો કરતી રચના, પ્રવેશ-દ્વાર તથા તેના પર આવેલી અલંકૃત બારીની રચનામાં લાકડાનાં બારી-બારણાં જેવી ભાત,અંદરના કક્ષના પ્રવેશદ્વારની બારસાખ તથા ઊંબરા-આ બધું લાકડાના બાંધકામ જેવું છે. ગુફા-સ્થાપત્યને આવી રચના કરવાનાં વિવિધ કારણો હોઈ શકે. શક્ય છે કે તત્કાલીન કારીગરો લાકડાના માળખાકીય બાંધકામથી વધુ માહિતગાર હોવાથી આ પ્રકારની રચના તેમણે અપનાવી હોય. ખરેખર તો ગુફા-સ્થાપત્યમાં આંતરિક જગ્યાઓ ઉપરથી ગોળાકાર બનાવવી વધુ યોગ્ય ગણાય. પરંતુ આવી ગોળાકાર છતને બદલે સપાટ છત બનાવવા માટે તેમને આડસ્તંભ તથા ઊભા સ્તંભની રચના જરૂરી જણાઈ હોય. એ પણ શક્ય છે કે કોઈ એક સમયે કોઈ એક ગુફાની છતમાં કુદરતી કારણોસર તિરાડ પડી હોય અને તે છતને અટકાવી રાખવા લાકડાના મોભ તથા ટેકા પ્રયોજાયા હોય, જે પાછળથી ગુફા-સ્થાપત્યના અંગ બની ગયા હોય. વળી, સ્થાપત્યની સંપૂર્ણ ભિન્ન એવી પરિભાષા વિકસાવવામાં ગુફા સ્થાપત્યના રચનાકારને સમાજની સંભવિત અસ્વીકૃતિ બાબતે અસમંજસતા પણ જણાઈ હોય. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ મોભ-સ્તંભવાળું બાંધકામ વધુ ટકાઉ હોય તેમ જણાય છે. વળી, જ્યારે ધાર્મિક પ્રવૃત્તિ માટેના સ્થાનની ઉપયોગિતાની દૃષ્ટિએ જરૂરિયાત ન બદલાઈ હોય ત્યારે સ્થપતિને ગુફા-સ્થાપત્યમાં બાંધકામનો આકાર બદલવાની જરૂર ન જણાઈ હોય; અર્થાત્ ફંક્સન ન બદલાતાં ફોર્મ બદલવાની જરૂર ન જણાઈ હોય.

બાંધકામના વિવિધ ભાગોની ગોઠવણી તથા તેની ઉપયોગિતાના સંદર્ભમાં ગુફા સ્થાપત્યના ત્રણ પ્રકાર પાડી શકાય. પ્રથમ એ પ્રકારની ગુફાઓ કે જે ચૈત્ય-મંદિરો તરીકે બનાવાઈ બીજી; એ પ્રકારની ગુફાઓ કે જેમાં ચૈત્ય-કક્ષ પ્રમાણમાં નાનો રહેતો અને સાધુઓના નિવાસ-સ્થાન માટેના કક્ષ પ્રમાણમાં વધુ જગ્યા રોકતા. આ પ્રકારની ગુફાઓને ચૈત્યવિહાર તરીકે ઓળખાવી શકાય. ત્રીજા પ્રકારની ગુફાઓ બ્રાહ્મણ સંપ્રદાયનાં મંદિરો હતાં જેમાં હિન્દુ માન્યતા પ્રમાણેના મંદિરના બધાં જ અંગો જોવા મળે છે


ચૈત્ય પ્રકારની ગુફાઓ સાંકડી તેમજ ઊંડી તથા આગળથી લંબચોરસ અને પાછળથી ગોળાકાર રહેતી. તેમાં પાછળના ભાગમાં વચમાં નક્કર સ્તૂપ બનાવાતો, જેના પર અર્ધી ઉપસાવેલ ભગવાન બુદ્ધની પ્રતિમા બનાવાતી. આ સ્તૂપ તથા વચ્ચેના ગાળાની બંને બાજુ હારબંધ સ્તંભ રહેતા અને તે પછી પ્રદક્ષિણા પથ રહેતો. આ ગુફાઓનું પ્રવેશદ્વાર એકસ્તરીય અથવા દ્વિસ્તરીય બનાવાતું અને ચૈત્યમાં ઠેઠ અંદર સુધી આછો પ્રકાશ પહોંચે તે મા પ્રવેશદ્વાર ઉપર ગોળાકાર બારીઓ ઉપરાંત બીજી નાની-મોટી બારીઓ બનાવાતી. આ સમગ્ર રનચાથી ગુફાના પાછળના ભાગમાં આવેલા સ્તૂપ પર ધ્યાન કેન્દ્રિત થતું. વળી, પ્રમાણમાં ક્ષીણ થતે



૧



૨




3


ગુફા સ્થાપત્યના ત્રણ પ્રકારોનાં તલદર્શન
૧. કાર્લાની ચૈત્યગુફા
૨. ઇલોરાનો ચૈત્યવિહાર
૩. એલિફન્ટાની ગુફા

પ્રકાશથી ગુફાની અંદર દુનિયાથી અલિપ્ત થવાની અનુભૂતિ ઉત્પન્ન થતી, જે તે સંપ્રદાયની વિચારધારાને અનુરૂપ હતી. પશ્ચિમ ઘાટમાં ઈસુની પહેલી સદીમાં બનેલ કાર્લાની ગુફા એ આ પ્રકારના ગુફા સ્થાપત્યનો ઉલ્લેખનીય નમૂનો છે. આ ગુફામાં વચ્ચેનો ચૈત્ય-ખોરડો ૪૬.૬ ફૂટ×૧૨૪ ફૂટ પ્રમાણમાપનો હતો. જેના પ્રાંગણમાં ૫૦ ફૂટ ઊંચાઈનો સ્તંભ છે જેના વડે પ્રવેશદ્વાર સૂચિત થાય છે. પ્રવેશદ્વારની આગળ પર્વતમાંથી કોરી કઢાયેલો વિશાળ મંચ છે જેનાથી ગુફાના બાહ્ય દેખાવને વધુ ઓપ મળે છે.

ચૈત્ય-વિહાર પ્રકારની ગુફાઓમાં વિશાળ ચોકની ચારે તરફ વિવિધ સ્થાનોનું આયોજન થતું. આ ચોકની એક તરફ પ્રવેશ પાસે મંડપ બનતો. અને મહદ્ અંશે તેની સામેની દીવાલમાં પૂજા-પ્રાર્થના માટેનું નાનું ચૈત્ય બનાવાતું. આ પ્રવેશદ્વારની બંને બાજુ સાધુઓના નિવાસ માટે ઓરડીઓ બનતી. તેમાં ઘણીવાર પથ્થરમાંથી જ કોરેલી પથારીઓ પણ બનાવાતી. વચમાં આવેલો ચોક ચારે બાજુ હારબંધ આવેલા સ્તંભથી નિર્ધારિત થતો અને વિવિધ કક્ષ તથા આ સ્તંભહાર વચ્ચે પરસાળ બનતી. આ પ્રકારની ગુફાઓમાં ઘણીવાર વિવિધ કક્ષ બે માળીય પણ રહેતા. બૌદ્ધ ભિક્ષુઓ આ ગુફાઓમાં વસવાટ કરતા. ત્રીજા પ્રકારનું ગુફા-સ્થાપત્ય દક્ષિણમાં મહાબલિપુરમમાં પલ્લવોની દરિયાકિનારે આવેલી રાજધાની નજીક રથ તરીકે ઓળખાતી ખડક કોરીને બનાવેલાં મંદિરો છે. ખડકમાંથી કોરેલાં આ મંદિરો સ્થાપત્યના બેનમૂન નમૂનાઓ ગણાય છે અને આની રચનાથી ગુફા-સ્થાપત્યમાં પાછળથી વધુ સમૃદ્ધિ આવી હતી. મહાભારતનાં વિવિધ પાત્રના નામે ઓળખાતાં આ રથ બ્રાહ્મણ ગુફા સ્થાપત્યના પુરોગામી ગણાય છે. જે પ્રમાણે મહાબલિપુરમમાં ખડકો કોરી કઢાયા છે તે પ્રમાણે પાછળથી રાષ્ટ્રકુટ રાજવીઓના આશ્રયે આખા પર્વતને કોરી કઢાયા હતા. પ્રવેશદ્વાર એકસ્તરીય અથવા દ્વિસ્તરીય મંડપવાળું બનાવાતું. તેમાંથી વ્યક્તિ વિશાળ ખુલ્લા ચોકમાં પ્રવેશી શકે. આ ચોકની વચ્ચે હિન્દુ-સ્થાપત્યના બધા જ અંગોને ધ્યાનમાં રાખીને પ્રવેશમંડપ, સભામંડપ તથા ગર્ભગૃહવાળું મંદિર બનાવાતું. ક્યારેક આ ચોકની ચારે બાજુ નાનાં નાનાં ગર્ભગૃહ બનાવી તેમાં સંલગ્ન મૂર્તિઓનું પ્રતિષ્ઠાન થતું. આ



ખડકોમાંથી કોતરી કાઢેલાં મહાબલિપુરમના રથમંદિરો. (જમણી બાજુ ઉપર) મુંબઈ પાસે કન્હેરીની બૌદ્ધ ગુફાઓમાંની ત્રીજા નંબરની ગુફાનો પ્રવેશનો ભાગ અને (નીચે) અજંતાની બાવીસ નંબરની ગુફા - ચૈત્ય. મૂળ કાષ્ટસ્થાપત્યમાંથી ઊતરી આવેલી કમાનાકાર ટેકાની રચના અને સ્તંભો પર ટેકાએલો છતનો ભાગ. તેની નીચે પ્રવેશની સામેના છેડે ચૈત્ય દેખાય છે.






મંદિરોમાં સાધુઓના નિવાસ માટે કોઈ સ્થાન રહેતું નહિ અને મંદિરો માત્ર પૂજાસ્થાન તરીકે જ વપરાતાં. આ મંદિરોનાં શિખર મહાબલિપુરમના શિખર જેવાં ગોળાકાર બનાવાતાં.

હથોડા અને છીણી આવી સ્થાપત્ય-રચનાનાં મુખ્ય સાધનો હતાં. આવા સ્થાપત્યોમાં સ્થાપત્ય કરતાં શિલ્પકળાના અનુભવો વધુ મહત્ત્વના બન્યા હશે. આવાં સર્જનો માટે પ્રથમ તો યોગ્ય ખડક પસંદ કરાતો. આ પસંદગી બાદ તે જગ્યાને સાફ સમતળ કરી, તેના પર પ્રવેશદ્વારની છાપ દોરાતી. ત્યાર બાદ આ છાપ પરથી ઊંડાણમાં જવા માટે કોતરકામ ચાલુ થતું. પછી ગુફાની રચના પ્રમાણે કાં તો તેમાં વચ્ચે જગ્યા છોડી બે બાજુ બોગદા બનાવાતા જેને ચોક્કસ ઊંડાઈ પછી જોડી દેવાતા; અથવા તો પ્રથમ વચમાં ખુલ્લો વિશાળ ચોક કોરી કાઢી તેની ચારે બાજુ જરૂરિયાત પ્રમાણે નાનામોટા કક્ષ કોરાતા. મનાય છે કે જે તે ખડકને તોડવા લાકડના પણ વપરાતા. ખડકમાં લાકડાનો ખૂંટો ભરાવી પાણી તથા ભેજ વડે ફુલાવતા. આને પરિણામે ખડકની ફાટમાં દબાણ વધતાં તે તૂટી જતો. પછી ગુફામાં મંદિરનો આકાર ઘડાતો. અને તેના ઉપર શિલ્પાંકન કરવા તેની ભીંતને યોગ્ય સપાટી અપાતી. આ બધા કામ માટે વિવિધ પ્રકારની છીણીઓ વપરાતી. મંદિરનું કંડારણ બહુધા ઉપરથી શરૂ થતું જેથી માંચડા બાંધવા ન પડે.

ગુફાની અંદરના ભાગમાં કોતરણી તથા ચિત્રકામ કરવા માટે બહારથી પ્રકાશને અંદર પરાવર્તિત કરાતો. અંદરની ભીંત ઉપર ચિત્રકામ કરવા માટે ખાસ પ્રકારની સપાટી બનાવવા છાણ, માટી,



ઈલોરાની કૈલાસ ગુફાનો એક ભાગ. (નીચે) આ ગુફામંદિરના ચૉક વચ્ચે મુખ્ય મંદિરની બં બાજુએ આવેલા બે વિશાળ સ્તંભોમાંનો એક. (જમણી બાજુ નીચે) પર્વતમાંથી કોરેલા એ વિશાળ ગુફામંદિરનું મુખ્ય મંદિર.

ડાંગરના છોડા તથા પ્રાણીઓના નાના નાના વાળ વગેરેનું મિશ્રણ કરી ભીંત ઉપર તેનું લીંપણ લગાડાતું. આ લીંપણ પર જિપ્સમનું પ્લાસ્ટર કરાતું જેથી તે સપાટી સફેદ, લીસી તથા ચકચકતી બને. ત્યારબાદ તેની ઉપર કુદરતી રંગોના મિશ્રણ વડે ચિત્રકામ કરાતું.

ગુફાની રચનામાં વિશાળકાય ખડક તોડવાના મહેનતભર્યા કામ સાથે બારીક શિલ્પાંકન તથા ચિત્રાંકન કામ થતું. તત્કાલીન ભારતમાં રૂઢિગત સ્થાપત્ય અને ગુફા-સ્થાપત્યના નિષ્ણાંતો હતા. એકબીજા પર પોતાની સર્વોપરિતા સિદ્ધ કરવા બંને વચ્ચે ચડસાચડસી પણ થતી હશે.

ભારતમાં ગુફા-સ્થાપત્ય ૨૫૦૦ વર્ષ જૂનું ગણાય છે. અશોક તથા તેના અનુગામીના કાળમાં રાજ્યાશ્રયે બિહારમાં નાગાર્જુન તથા આસપાસની ટેકરીઓમાં ગુફાઓ કંડારાઈ હતી. ઈ.સ. પૂર્વેની ૩જી સદીમાં આજીવિક સંપ્રદાયની ગુફાથી ભારતમાં ગુફા-સ્થાપત્યની શરૂઆત થઈ તેમ મનાય છે; આ સ્થાપત્ય-શૈલીમાં આશરે ૧૨૦૦ વર્ષ સુધી ભારતમાં આવી ગુફાઓ બનાવાતી રહી. આમાં શરૂઆતમાં ૫૦૦ વર્ષમાં ઈસુની બીજી સદી સુધી બૌદ્ધ તથા જૈન ધર્મની ગુફાઓ બનાવાઈ હતી. અજંતા તથા ઈલોરાની કેટલીક ગુફાઓનો પણ તેમાં સમાવેશ થાય છે. અજંતાની કુલ ૨૯ ગુફાઓ ઈસુ પૂર્વેની ૨જી સદીથી શરૂ થઈને ૮૦૦ વર્ષના લાંબા ગાળામાં બનાવાઈ છે, જ્યારે ઈલોરાની ૩૪ ગુફાઓ ઈસુની પાંચમી સદીથી આઠમી સદીના ૩૦૦ વર્ષના સમયગાળામાં બનાવાઈ છે.

ગુફા-સ્થાપત્યનાં પ્રથમ ૫૦૦ વર્ષમાં બનેલી ગુફાઓ ચૈત્ય અથવા ચૈત્ય-વિહારના સમન્વય જેવી બનાવાઈ હતી. આ ગુફાઓ









ઇંદ્રાણી. ઇલોરાની ૩૨ નંબરી ગુફામાંનું શિલ્પ અને (જમણી બાજુ) ૨૯ નંબરની ગુફામાં અંધક દૈત્યનો વધ કરતા મહાદેવ.

હાલમાં અજંતા-ઈલોરા ઉપરાંત બેડસા, કાર્લા, એલિફન્ટા, ભાજા, કેનેરી, પિત્તખોરા વગેરે સ્થાનોએ જોવા મળે છે. કાષ્ઠ-સ્થાપત્ય શૈલીના અનુકરણ જેવી બનેલી કેટલી ગુફાઓ વિશાળ પ્રમાણમાપ-વાળી પણ બનાવાતી; જેમ કે અજંતાના એક ચૈત્યનું માપ ૧૧૦ ફૂટ x ૪૦ ફૂટ છે અને તેની મહત્તમ ઊંચાઈ ૩૩ ફૂટ છે, તેવી જ રીતે કાર્લાની ગુફામાં ૧૨૪ ફૂટ x ૪૬.૬૫ ફૂટ લાંબા પહેળા ચૈત્ય-ઓરડાની ઊંચાઈ ૧૫ ફૂટ છે. આ સમયગાળામાં જૂનાગઢ નજીક ઢાંક, બાવાપ્યારા, ઉપરકોટ તથા ખંભાલી મુકામે પણ બૌદ્ધ ગુફાઓ બની હતી. જ્યારે ઓરિસ્સાની ઉદયગિરિ અને ખંડગિરિ નામની ટેકરીઓમાં ઇ.સ. પૂર્વની ૧૫૦ સાલથી ઈસવી સનના પ્રારંભના સમયગાળામાં જૈન સાધુઓના આશ્રયસ્થાન માટે ગુફાઓ બની. આ ગુફાઓ સ્થાપત્ય-શૈલીની દૃષ્ટિએ બૌદ્ધ ગુફાઓ જેવી હતી. અહીંની દ્વિમાળીય રાણીગુફા એ આ પ્રદેશના ગુફા-સ્થાપત્યનો ઉલ્લેખનીય નમૂનો ગણાય છે.

મનાય છે કે ઈસુની ૨૦૦ની સાલની ૫૦૦થી સાલના ૩૦૦ વર્ષના ગાળામાં ભારતમાં ગુફા સ્થાપત્યોનું સર્જન થયું નથી. ગુફા-સ્થાપત્યના આ અવકાશ'મયાં તબક્કા બાદ બીજો તબક્કો ઈસવી સન ૫૦૦થી ઈસવી સન ૭૦૦ સુધીનો ગણાય છે. આ તબક્કામાં ગુફા-સ્થાપત્ય કંઈક અંશે કાષ્ઠ-સ્થાપત્ય-શૈલીથી ભિન્ન એવું થયું, પરંતુ આ ભિન્નતા રચનાના પ્રાથમિક નિયમો કરતાં તેની નાની નાની ગોઠવણના સંદર્ભમાં હતી. આ સમયગાળામાં પણ ચૈત્યની રચના પહેલા તબક્કાની પ્રચલિત રચનાને અનુરૂપ છે, પરંતુ અહીં મહાયાન સંપ્રદાયની અસર હેઠળ ભગવાન બુદ્ધની પ્રતિમાઓ તથા જાતક કથાઓનું ચિત્રણ મહત્ત્વનું બની રહેલું. વળી, આ તબક્કામાં ચૈત્ય તથા વિહારનું સંયુક્ત બાંધકામ વધુ પ્રચલિત થયું. આ સમયમાં બનેલી મહત્ત્વની ગુફાઓમાં અજંતાની ૨૬ નંબરની ગુફા તથા ઇલોરાની વિશ્વકર્મા ગુફાઓ મુખ્ય છે. આ તબક્કામાં બનેલી ગુફાનું કદ પણ વધ્યું.

ગુફા સ્થાપત્યના ત્રીજા અને અંતિમ ચરણમાં મુખ્યત્વે જૈન તથા બ્રાહ્મણ ગુફાઓ આવે છે. ઈ. ૭૦૦થી ૯૦૦ સુધીમાં બનેલી. આ ગુફાઓએ ભારતના ગુફા-સ્થાપત્યનું અંતિમ પણ ઉત્કૃષ્ટ પ્રકરણ રચાયું. આ સમય સુધીમાં ભારતમાંથી બૌદ્ધ ધર્મ ક્રમશઃ લુપ્ત થતો ગયો અને બ્રાહ્મણ ધર્મે ફરી પોતાનું વર્ચસ સ્થાપ્યું, જ્યારે જૈન

ધર્મનાં મૂળ સમાજમાં ધીમેધીમે ઊંડાં ઊતરતાં ગયાં. આ વખતની જૈન ગુફાઓ મુખ્યત્વે ઈલોરા, એલિફન્ટા, કેનેરી તથા મહાબલિપુરમમાં આવેલી છે. આ જૈન ગુફાઓ કરતાં બ્રાહ્મણ ગુફાઓ વધુ આકર્ષક, વિશાળ તેમજ મહત્ત્વની બની રહી છે. ગુફા-સ્થાપત્યના ત્રીજા તબક્કામાં બનેલી જૈન ગુફાઓ સામાન્ય રીતે બૌદ્ધ ચૈત્યવિહારની રચનાના સિદ્ધાંતને આધારિત હતી, જ્યારે બ્રાહ્મણ ગુફાઓ મહાબલિપુરમના ખડક સ્થાપત્ય પરથી વિશાળકાય માળખાકીય મંદિરો જેવી પણ બનાવાઈ છે, જે એક ઉલ્લેખનીય બાબત છે.

ભારતીય ગુફા-સ્થાપત્યની ચર્ચા કૈલાસ મંદિર નામે ઓળખાતી ઈલોરાની બ્રાહ્મણ ગુફાના ઉલ્લેખ વગર અધૂરી ગણાય. ભારતીય સ્થાપત્યની છબીને રજૂ કરતું. આ ઉત્કૃષ્ટ દૃષ્ટાંત અન્ય બધી જ ગુફાઓ કરતાં વિશાળ છે. પરંતુ માત્ર વિશાળતા એ તેની ગુણવત્તા નથી; તેનુ મુખ્ય વૈશિષ્ટ્ તેની રચના તથા તેમાં પ્રાપ્ય અનુભૂતિ છે. તે સમકાલીન પટ્ટડકલના વિરૂપાથી મંદિર સાથે સામ્ય ધરાવે છે. વિશાળ પર્વતમાંથી ઘડી કઢાયેલા આ વિશાળ શિલ્પની ઊંચાઈ ૧૦૦ ફૂટ કરતાં પણ વધુ છે, અને તેનો જમીન પરનો વિસ્તાર ૩૦૦ ફૂટ x ૧૭૫ ફૂટ છે. રાષ્ટ્રકુટ કુળના શાસકોના આશ્રયે તેમની રાજધાનીથી છ માઈલ દૂર આ ગુફાનું મુખ્ય મંદિર ૨૫ ફૂટ ઊંચી પ્લીન્થ ઉપર બનાવાયું છે. ૧૬૪ ફૂટ લંબાઈ, ૧૦૯ ફૂટ પહોળાઈ તથા ૯૬ ફૂટ ઊંચાઈવાળા આ મુખ્ય મંદિરનું શિખર ત્રિસ્તરીય છે. અને તેના પર શિખરની રચના છે. આની બાજુમાં આવેલા નંદીમંદિર તળમાં ૨૦ ફૂટ x ૨૦ ફૂટ લાંબુંપહોળું અને ૫૦ ફૂટ ઊંચાઈ ધરાવતું છે. કૈલાસ મંદિરનો મુખ્ય પ્રવેશમંડપ બે માળનો છે. આ પ્રવેશમંડપમાંથી મુખ્ય મંદિરની ચારે બાજુ આવેલા ખુલ્લા ચૉકમાં પ્રવેશી શકાય છે. આ ચોકમાં ૫૧ ફૂટ ઊંચાઈ ધરાવતાં બે સ્તંભો છે, જેનાથી ચૉકની દૃશ્ય-અનુભૂતિ રમ્ય બને છે. વળી, ચૉકની બહારની બાજુમાં નાનાંમોટાં સ્થાનો પર કોતરણી કરાઈ છે જેનાથી પ્રદક્ષિણા પથની દૃશ્ય-અનુભૂતિ સમૃદ્ધ બને છે. આ સમગ્ર ગુફાની રચનામાં ૨૦૦ લાખ ટન પથ્થર કોરી કઢાયો હતો. આ મંદિરની ઘણી સપાટીઓને તે સમયે સફેદ સ્ટુકો પ્લાસ્ટરથી મઢવામાં આવી હતી અને તેના પર કુદરતી રંગો વડે રંગકામ કરાયેલું. તત્કાલિન મુસ્લિમ હુમલાખોરો આથી આ મંદિરને રંગ-મહલ તરીકે ઓળખતા. કૈલાસ મંદિર પછી એ જ પર્વતમાળામાં કેટલીક જૈન ગુફાઓ બનાવાઈ છે, પરંતુ ગુફા-સ્થાપત્યના અંતિમ ચરણ તરીકે કૈલાસ મંદિરની ગણના થાય તે જ યોગ્ય છે, કારણ કે આ ઉત્કૃષ્ટ સર્જન બાદ ગુફા-સ્થાપત્યનો અંત આવી ગયો. એમ કહેવામાં આવે છે કે કૈલાસ મંદિર બનાવ્યા બાદ તેને બનાવનાર સ્થપતિએ એમ કહ્યું હતું કે 'ઈશ્વરી કૃપા વગર આ શક્ય નથી'. અને આમ પણ કૈલાસ મંદિરથી ઉતૃષ્ટ તો નહિ, પણ તેને સમકક્ષ પણ કોઈ ગુફા બનાવી શકાઈ નથી. આ ગુફાથી ભારતીય સ્થપતિની ક્ષમતાના સમર્થ્યની પ્રતીતિ થાય છે.

કૈલાસ મંદિરની રચના પાછળ એટલાં સમય, શ્રમ અને નાણાં ખર્ચાયાં કે ત્યાર બાદ ગુફા-સ્થાપત્ય પ્રત્યે લોકો ઉદાસીન બનતાં ગયાં, અને કૈલાસ મંદિર એ એક રીતે ગુફા-સ્થાપત્યના અંતનું કારણ બની રહ્યું એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ☐

ઔષધીય વૃક્ષ

કાંચનાર

વૈદ્ય બળદેવપ્રસાદ પનારા

મરાઠીમાં રક્તકંચન જેવા સુંદર નામે ઓળખાતું કાંચનારનું વૃક્ષ તેનાં સાધારણ વાસવાળાં વિવિધ રંગી પુષ્પોને કારણે રાતો પીળો તેમજ સફેદ કાંચનાર નામે ઓળખાય છે. વનસ્પતિવિદો તો તેની ત્રીસેક જેટલી જાત ગણાવે છે. અંગ્રેજીમાં તે 'ધ વેટીગેટેડ બોહીનીઆ' નામે ઓળખાય છે. શાસ્ત્રીય નામ Bauhinia Verieguta Linn. છે. જૉન અને કેસ્પર બોહીન નામના સોળમી સદીના બે જર્મન વનસ્પતિવિદોના માનમાં આ નામ અપાયું છે, અને કાંચનારના જોડકાં જેવા પાન આ બે બંધુઓનાં સૂચક છે. સંસ્કૃતમાં તેને કોવિદાર કહે છે.

અસમ, બ્રહ્મદેશ, છોટાનાગપુર, મધ્યપ્રદેશ, ચીન અને સિંધુની પૂર્વ તરફનો હિમાલયનો નીચેનો પ્રદેશ એ તેનું ઉત્પત્તિ-સ્થાન. ભારતમાં તેનાં સુંદર ફૂલો માટે તે બાગબગીચા ને માર્ગોની બાજુઓ પર ઉગાડાય છે.

કાંચનારનું વૃક્ષ મધ્યમ કદનું થાય છે. તેની છાલ લગભગ લીસી અને ઘેરી ભૂખરી હોય છે. એની કૂમળી ડાળીઓ પર ભૂરી રુંવાટી હોય છે. આંતરે આંતરે ઊગતાં તેનાં પાન સાદાં, ચારથી છ ઇંચ લાંબાં ને લગભગ એટલાં જ પહોળાં હોય છે. મધ્યમાં એક સાંધો હોવાથી તે લગભગ સરખાં બે અડધિયાંનાં બનેલું લાગે છે. એ અડધિયાં વાળીને ભેગાં કરતાં તેનો આકાર લંબગોળ બને છે. કૂમળાં પાન ઉપર બારીક રુવાંટી હોય છે. પાન પાકતાં એ રુવાંટી ખરી પડે છે. પાનમાં ૧૧ થી ૧૫ નસો હોય છે ને દરેક પાનને એક-દોઢ ઇંચ જેટલી લાંબી દાંડી હોય છે. નવેમ્બરથી ડિસેમ્બરમાં એનાં પાન ખરવા માંડી માર્ચ આવતાં તો આખું વૃક્ષ પાનરહિત બની જાય છે અને એપ્રિલ-મેમાં નવાં પાન આવે છે.

ફેબ્રુઆરીથી એપ્રિલ દરમ્યાન કાંચનારને ફૂલો આવે છે. આ ફૂલો મોટાં, સુવાસિત ને વૃક્ષવાર સફેદ, પીળાં, ગુલાબી કે જાંબલી વગેરે જુદા જુદા રંગનાં હોય છે. ફૂલો આવે ત્યારે વૃક્ષ પર પાન હોતાં નથી. વૃક્ષની નમતી શાખાઓમાં છેડે તથા પાનની ડાંડી શાખાની વચ્ચેના ભાગમાં ઝૂમખાંમાં આવે છે. દરેક ફૂલને ટૂંકી દાંડી હોય છે.

કાંચનાર શિંબી વર્ગનું હોઈ તેને છથી બાર ઇંચ લાંબી અને પોણાથી એક ઇંચ પહોળી સપટી અને કઠણ શિંગો આવે છે જેમાં દસપંદર બીજ હોય છે. મે-જૂનમાં આવતી આ શિંગો વૃક્ષ પર હોય ત્યારે પાકીને ફાટે છે ને તેમાંથી બીજ વેરાય છે. આ બીજ વડે કાંચનાર ઉગાડાય છે.

સુંદર ફૂલોને કારણે શોભાવૃક્ષ તરીકે ઉગાડાતું કાંચનારનું વૃક્ષ બીજી અનેક રીતે પણ ઉપયોગી છે. એની છાલ ચામડું રંગવા તથા તેને કમાવવામાં ઉપયોગી છે. તેની છાલમાંથી નીકળતા રેસા પણ ઉપયોગી છે. કાંચનારનાં પાનની બીડી પણ બને છે. ઢોરના ચારામાં પણ તે વપરાય છે. તેનાં બીજમાંથી તેલ પણ નીકળે છે. તેનું લાકડું બહારથી સહેજ કઠણ, મધ્યમાં કાળું તથા વજનમાં ભારે હોય છે. કાંચનાર પવિત્ર વૃક્ષ પણ ગણાતું હોઈ બૌદ્ધ શિલ્પોમાં તે કંડારાએલું જોવા મળે છે.

ઘરગથ્થુ વપરાશમાં કાંચનારનાં પાન, કળી, ફૂલ અને કૂમળી શિંગોનું શાક થાય છે. ફૂલની કળીનું રાયતું તેમજ અથાણું પણ બને છે.

આયુર્વેદની દૃષ્ટિએ કાંચનાર સ્વાદે મધુર, તૂરો ને રુચિકર છે. ગુણમાં તે શીતલ, સારક, અગ્નિદીપક, ગ્રાહી તથા રૂક્ષ અને વાયુકર છે. તે કફ, પિત્ત, વ્રણ, કૃમિ, ગંડમાળ, રક્તપિત્ત, કોઢ, વાયુ, રક્તસ્રાવ, રક્તપ્રદર, જૂના પ્રમેહ તથા મધુપ્રમેહમાં લાભકર છે. તેનાં ફલ શીતળ, તૂરાં, રૂક્ષ, ગ્રાહી, મધુર અને લઘુ છે ને પિત્ત, ક્ષય, પ્રદર, ઉધરસ અને રક્તવિકારનો નાશ કરે છે. જૂના પ્રમેહના દર્દમાં કાંચનારનાં ફૂલોનું શાક ગુણ કરે છે. એ ફૂલોની કળીઓનું દહીં કે છાશ સાથે બનાવેલું રાયતું લાભપ્રદ છે.

યુનાની મતાનુસાર કાંચનાર ઝાડા, રક્તપ્રદર, કૃમિ તથા રક્તવિકાર મટાડે છે. પચવામાં ભારે હોઈ આફરો તથા શુષ્કતા ઉત્પન્ન કરે છે. તેનાં મૂળની છાલનો ઉકાળો આંતરડાંના કૃમિનો નાશ કરે છે. તેના થડની છાલનો ઉકાળો મધ નાખીને પીવાથી રક્તશુદ્ધિ થાય છે. છાલનું ચૂર્ણ સમભાગે વરિયાળીના ચૂર્ણ સાથે ચોખાના ધોવરામણ સાથે પીવાથી ગંડમાળ મટે છે. તેની છાલ, જાંબુ અને બોરસલીના ઝાડની છાલ સાથે સમભાગે લઈ ટુકડા કરી તેના ઉકાળાથી ધોવાથી દૂઝતા હરસમાં લાભ થાય છે. આ ઉકાળો રોજ પીવો પણ સારો છે. કાંચનારની છાલનું ચૂર્ણ નિયમિત લેવાથી શુક્રમેહ મટે છે. તેની ફળી (શિંગો)ના ચૂર્ણને પાણી સાથે લેવાથી આમાતિસારમાં લાભ થાય છે. કાંચનારના કાષ્ટના કોલસામાં જરૂરી દવાઓ ઉમેરી વાપરવાથી દાંતના દર્દો મટે છે. ડૉ. નાડકર્ણીએ નોંધ્યું છે કે તેના મૂળનો ઉકાળો મંદાગ્નિ તથા મેદસ્વિતા (સ્થૂળતા) પર લાભ કરે છે.

કાંચનારના વૃક્ષ ઉપર ગુંદર પણ થાય છે જે હરસ તથા મરડાના દર્દમાં ફાયદાકારક છે.

કાંચનાર તથા ખેરના ઝાડની છાલના ઉકાળાથી કોગળા કરવાથી જીભ ફાટવી - ચીરા પડવા કે મુખપાક મટે છે. કાંચનારાદિ કવાથ, કાંચનાર ગુગળ (જે ટ્યૂમર, કેન્સરની ગાંઠ વગેરેની અનુભૂત દવા છે.), કાંચનાર ગુલકંદ, કાંચનારિષ્ટ)વગેરે

(અનુસંધાન પાન ૬૭૯ ઉપર)

જાતવાનનો વેશ

——— હસમુખ બારાડી ———

(ગણપતિના વેશ પછી ભવાઈ ભજવતું પાત્ર પ્રવેશે. મોં સાડીથી ઢાંકેલું છે; એની પદગતિ કોઈ 'ઘાઘરી' (સ્ત્રી-પાત્ર)માંથી લઈ શકાય, એ ગાય, અન્ય ઝીલે.)

ભવાઈ : ધન ભવાઈ, ધન અસાઈત,
ધન રે ઊંઝા ગામ,
ધન ભૂંગળ, ધન તાલગર,
ચાચર જેનું ધામ;
'ભવ વહી' જેને કહી,
ગાયન-નર્તન-ખેલ,
'ભાવન' જીવનનું કરે,
રંગત રેલમછેલ !
તાથૈ, તાથૈ, તાથૈ, તા ભાઈભલા !
(નાયક આગળ આવે)

નાયક : એ, કોણ છો તમે ?

ભવાઈ : નહીં કહું.

નાયક : કેમ નહીં કહો ? ઓળખાણ વગર વાત કેમ થાય ?

ભવાઈ : તો સાંભળો -
ઓછું અદકું બોલતાં,
ચડી ઘણાંને રીસ,
'ભૂંડી' થઈ વગોવણી,
દીધી ચુકાવી દિશ !
નાયક નાટક ખેલતો
રંગભૂમિને મંચ,
માલિક-બોલે નાચિયો
(એ) પેટ તણા પરપંચ !
સરકારી વાજું બની,
તરકારી વેપાર,
ભૂંગળ પિપૂડું બની,
વેચ્યો કલાકાર !
'નવીનવી'ના મોહમાં
રંગલો લાવ્યો રંગલી,
પાતક મોટું આ કર્યું
ભવાઈ જ્યાં મંચે ચડી !
તાક ધીના, તાક ધીના, થૈ-થૈ-તાક !

નાયક : પડી, પડી ! પાક્કી ઓળખાણ પડી ગઈ. તમે તો પેલી અસાઈતવાળી - ભવાઈ ! તમે આ મોં કેમ ઢાંક્યું છે ?

ભવાઈ : બતાવવા જેવું જ ક્યાં રહ્યું છે ?

નાયક : કરમ એવાં કૂડાં કીધાં કે શું ?

ભવાઈ : કૂડાં, અવળાં, માઠાં - જે કહો તે !

નાયક : કોનાં, 'જૂની'નાં કે 'નવી'નાં ?

ભવાઈ : જૂનીને આંગળી ચીંધી ભૂંડી ઠરાવી સો વરસ પહેલાં; એવી તો એ ગવાઈ કે આજે તો સાવ ખખડી ગઈ છે.
તન જીરણ, મોં બોખલું,
પગ જ્યાં ત્યાં અટવાય,
ગાયન-નર્તન ઓસર્યાં,
રસ કસ નહીં કશાય !

નાયક : એટલી બધી ભૂંડી કોણે કહી ?

ભવાઈ : પહેરે માથે પાઘડી,
ડગલો લાંબો શ્યામ;
કલમ કાનમાં ખોંસતાં,
ચશ્મા પહેર્યાં આમ !

નાયક : એવા પંડિતોએ ?.... પણ પછી તો 'નવી કરી' હતી ને ?

ભવાઈ : હા, બહુ શણગારી એને તો - કૉન્ટ્રેક્ટ કીધા, નાયલોનની સાડી પહેરાવી, પ્રચારનાં પિપૂડાં વગાડ્યાં, ગામેગામ સર્ટિફિકેટ લખાવ્યાં, ચાચરનો મંચ કીધો....ને પછી... એની લાજ લૂંટી !

નાયક : કેવી રીતે ?

ભવાઈ : ખાતાંપીતાં લૂંટી !

નાયક : શું ? માતાપિતા ?

ભવાઈ : હા, માતાપિતા બનીને આવેલાં ખાતાંપીતાંએ !

નાયક : પણ એ ખાય ક્યારે ?

ભવાઈ : ઊઠે-બેસે બોલે-ચાલે સૂએ-જાગે ત્યારે બસ ખાધા જ કરે !

નાયક : માથે પાઘડી ?

ભવાઈ : ના, માથે ટોપી, ખભે થેલો, પહેરે ઝભ્ભો, ઉપર બંડી... - ઓળખો છો ને ? (નાયક ચૂપ) - નથી ઓળખતાને ? (પ્રેક્ષકોને) તમે તો ઓળખો છો ને ?.... અમારા નાયકથી બોલાય તેમ નથી !

નાયક : (એક બાજુ) આ તો આંખે ચડાવશે ! (ભવાઈને) પણ તો તો એવું કરનારે મોં સંતાડવું પડે. ભૂંડું તો એમણે કર્યું.

ભવાઈ : એમ ! તેમણે તો વરતોરા પહેર્યાં, 'ઉદ્ધર'નાં ભાષણો કર્યાં, થોથાં લખ્યાં - પણ એક આટલો ઠેકો કરતાં ન આવડ્યું (પગનો ઠેકો લે છે) કે ન સમજ્યું કોઈ ભવાઈનો સાર !
સરકારી વાજું બની,
તરકારી વેપાર,
ભૂંગળ પિપૂડું બની,
વેચ્યો કલાકાર !

નાયક : બહુ દુઃખિયારી બાઈ, તું - પણ તારી ત્રેવડ હું પામી ગયો છું. તારો માંહ્યલો હજી સાબૂત છે, એટલે થઈ જા તૈયાર, ને બતાવ તારી રંગત, આ પંગતને (પ્રેક્ષકો તરફ), વાત કર કોઈ સુસંગત, જે લાગે અમને અંગત ! 'જૂની'નું જોબન હતું ને તસતસતું, નામ એ રીતે, ગા બૂલંદી હલકે અને ભરી દે આ રાતમાં રોનક !

ભવાઈ : ભવાઈ ખેલી ખંતથી,
સહુ નાત, જાત ને પાંત !
મશાલ ચાચર ઝળહળી,
સૈકા પૂરા સાત !
હરખે હેતે જોઈને
વરણ અઢારે સંગ,
દર્પણ જેવા વેશને
ગીત-નર્તનનો રંગ !

ધન ભવાઈ ધન અસાઈત...
તાક થૈયા, થૈયા, તાક થૈ...

નાયક : ભલે, બાપ ભલે ! થાળો દે ત્યારે નવી વાત, ને નવી રંગત !
(દૂર થી હોંચી હોંચી સંભળાય છે.)
- આ ગામનું/સોસાયટીનું છે ?

ભવાઈ : 'જાતવાન' છે; ખાસ પસંદ કરેલું.

નાયક : (મૂંઝાતાં) એનાથી શરૂઆત કરવી છે ?

ભવાઈ : જુઓ તો ખરા એકવાર; ને પછી તો માથે લઈને ફરશો !

(ફરી 'પહોંચી' સંભળાય છે)

નાયક : ભલે, આ ચાચરની આખી રાત તમારી છે, કહો તો વરતોરા કરું એને ?

ભવાઈ : હમણાં તો આપણું કરીએ :

(ગધેડાનું મ્હોરું પહેરી પાત્ર પ્રવેશે)

એ આવે, આવે, આવે !
આ જાતવાન આવે રે !
આવે, ગુણવાન આવે રે !
ચાર પગે ટટ્ટાર ઊભે,
ને માથું અક્કડ રાખેજી,
આવા જગતનો ભાર વહીને,
મારગ વચ્ચે તાકે રે !
આ આવ્યો, રૂપવાન આવ્યો રે!
આવ્યો જાતવાન, આવ્યો રે !

નાયક : એય, તું વળી અહીં કયાં આવ્યું? (ગધેડો લાત મારે) મરી ગયો રે! એમ, મને લાત કેમ મારી ? આ તમારું જાતવાન ગુણવાનેય બહુ લાગે છે !

ભવાઈ : પશુના આ અવતારમાં નાન્યેતર જાતિ ન હોય, નાયક !

નાયક : તો કોનામાં હોય ?

ભવાઈ : એની જ વાત છે આજે.

(ગધેડો ફરી નાયકને મારે નાયક જમીન પર પડે છે)

નાયક : પણ એ લાત કેમ મારે છે ?

ભવાઈ : તમે એને ગાળ દીધી એટલે.

નાયક : - હોય એનેય ન કહેવાય ?

ભવાઈ : ના, હોય એને તો ન જ કહેવાય, ને ન હોય એને એટલું ઓછું ન કહેવાય.

નાયક : બહુ અટપટું બોલો છો. સારું, હે ગર્દભરાજ ! આપ એમ કહો, કે આપના આવણામાં આ ભૂંગળ બસૂરી બજી એમાં વાંક કોનો ભૂંગળિયાનો કે - (ગધેડો એને મ્હોરાથી મારે) કે મારા કાનનો ? (નાયક એનો કાન ખોતરે, ત્યાં એક કાને ગધેડો હોંચી કરે છે અને બીજે કાને ભૂંગળિયો બસૂરી ભૂંગળ બગાડે છે.) સારું ભાઈ, એમ નહીં પૂછું. (ભૂંગળને) તમેય આઘા જાઓ, મારા બાપ ! (ગધેડાને) હવે તારી પાકી ઓળખાણ આપ, બરાબર !

ગધેડો : સાંભળો, મોટા માણસોનાં બહુ બહુ તો પુસ્તકો લખાય -

નાયક : એટલે કે, - લખાવડાવાય !

ગધેડો : પણ અમે તો એથી ય મોટા - અમારી તો કહેવતો પડી છે !

નાયક : શું વાત કરે છે ?! સંભળાવી દો બેચાર

ગધેડો : લો ને દસબાર ! 'અમારા પર બેસવું'

નાયક : એટલે ફજેત થવું !

(અહીં બેસવા નાયક નીચે પડે છે.)

ગધેડો : 'અમારું પૂછડું પકડવું' (હવે નાયક એનું પૂંછડું પકડતો નથી)

નાયક : એટલે જિદ કરવી.

ગધેડો : 'માથે શિંગડાં ઊગવાં.'

નાયક : એટલે અશક્ય વાત કરવી.

ગધેડો : અમારી પાસે વૈતરું કરાવો તમે, પણ એ ચડે અમારે નામે !

નાયક : હા, એ કહેવાય ગદ્ધાવૈતરું ! (પ્રેક્ષકોને) મારું હાળું નખશિખ "ફૂલેકે ચડ્યું છે."

ગધેડો : હોય ? એ માટે તો ચાલ્યા આવે છે મારી પાછળ; બસ, દેખાયા જ સમજો ! ને તમનેય મારે 'નામે ગવડાવું છું.' જો, જો !

(એ આનંદમાં હોંચી કરી, ગાણું ગાયછે, નાચે છે.)

અમે ગધેડા લાલ,
અંદાવાદ ગામના જી;
અંદાવાદ ગામના રે,
રૂપાળા ઠામના જી !
રૂપાળા ઠામનારે,
અસલ અમ જાતના જી,
અમે ગધેડાલાલ,
ભારેખમ કામના જી,
ભારેખમ કામના રે,
થોથાં બહુ વાંચિયાં જી,
થોથાં બહુ વાંચિયાં રે,
ગનાન-વિગનાનનાં જી !
અમે ગધેડાલાલ,
ગુર્જર આ દેશના જી !

નાયક : ઓ જ્ઞાન-વિજ્ઞાનની પોથીવાળા ! પણ મેં તો તમને તે દિવસે રસ્તા પર ડફણે ડફણે માર ખાતા જોયા હતા, એનું શું ?

ગધેડો : તમારું ચિંતન કરતાં, ભાર વેંઢાર્યાનો થાક ઉતારતાં સ્થિર થઈએ તોય તમે ડફણાં મારો !

નાયક : (પ્રેક્ષકોને) ભાઈ, હવેથી કોઈએ આ જાતને ડફણાં ન મારવાં ! બસ ? પણ તમે એવું ચિન્તન શું કરો, એ તો કહો.

ગધેડો : જાતજાતનું કરીએ : વેદ-ઉપનિષદનું કરીએ, કુરાન-બાઈબલનું કરીએ, ગાંધી-નેહરુનું કરીએ, અયોધ્યા-બાબરીનું કરીએ, બોફોર્સ-શેરદલાલીનું કરીએ : પણ વધુ તો તમારા આ મગજનું કરીએ. કરમતમારાં એવાં છે કે તોય તમે તો 'અમને તાવ આવે' એવા ને એવા જ રહ્યા !

નાયક : એટલે ?

ભવાઈ : મૂરખ ! (ગધેડો હોંચી કરે છે)

ગધેડો : અમે તમારી ગાળોનું સાધન !

નાયક : હા, માણસને ગધેડો કહીએ તો ખોટું લાગે.

ગધેડો : પણ ગધેડાને માણસ કહીએ, તોય માઠું તો માણસને જ લાગે. આ બધું અવળું ભાળીને અમે બહુ બહુ તો રસ્તા વચ્ચે ઊભા હોઈએ ત્યારે માથું નમી ગયું હોય તો એને ડાબે-જમણે સ્હેજ હલાવી લઈએ ! બીજું શું ?

નાયક : (પ્રેક્ષકોને) આ 'ના-ગધેડા-લાયક' વાતો 'એના પર અંબાડી જેવી' લાગે છે. (ગધેડો હોંચી કરે છે.) કહો તો સાદ પડાવી દઉં આખા મુલકમાં, કે રાજનાં બધાં મોટાં જાડાં, ઊંચા, પહોળાં, કાળાં, ધોળાં, બધાં હવેથી આ બે પગાળાં મ્હોરાધારીની જ કંઠી બાંધે !

ગધેડો : ચાર પગોમાં શું બાળ્યું છે,
બે પગથી જો ચાલે કામ !
ચહેરો ખોટો, મ્હોરું સાચું -
રંગ બે રંગી, ઊપજે દામ !
અમે ગધેડાલાલ, અમારાં
વંશજ ઘૂમે ચારે કોર,
ઊંચે આસન કોઈ બિરાજે -
કોઈ કૂટાતો આઠે પ્હોર ! તાક્થૈયા-
(ત્યાં આધેડ વયનો બાપ હાથમાં લાકડી લઈને પ્રવેશે 'ક્યાં ગયું રે, કોઈએ દીઠું ?' વગેરે બૂમો પાડે, ચાચરમાં આંટો મારે, ગધેડો નાયક પાછળ સંતાય : ''મને મારશે' વગેરે બોલે.)

બાપ : એ ઊભું હોય તો અહીં જ, માણસોની વચ્ચે જ, ચાચરની વચાળે ! ઓળખું એને હું. પણ ગયું કયાં ?

નાયક : મારો નહીં, તો કહું.

બાપ : કોને, ગધેડાને ?

નાયક : નહીં ગધેડાને, કે નહીં મને. 'અડફણાં,' 'અડફણાં !' (કાનેમોંએ હાથ કરે)

ભવાઈ : આ લોકની હાજરીમાં અમે બધાંને એવી પ્રતિજ્ઞા લેવડાવી છે કે કોઈએ ગધેડાને તો ડફણાં ન જ મારવાં !... બોલો, જય હિંદ ! (બન્ને જય હિંદ બોલે, ગધેડો હોંચી કરે, બાપ એને પકડવા દોડે, નાયક અને ભવાઈ એને બચાવવા ગોળ ગોળ ફરે.)

બાપ : મારું નહીં તો શું એની પૂજા કરું ? રા. રા. શ્રમાન્ ગર્દભરાજ ૧૦૦૮ કહીને -

નાયક : હવે તો હજારો કરોડ કહો. નાની રકમો મને સમજાતી નથી.

(ધમાચકડી પછી બાપ 'દીકરા' એવી બૂમો પાડે, સામેથી 'બાપા'નો ઉત્તર મળે છે.)

બાપ : જલદી-આ લોકો આપણું ગધાડું લઈ જાય છે. (દીકરો-વીસેક વરસ, હાથમાં ડફણું - પ્રવેશે, બંને ભવાઈ-નાયકની આજુબાજુ દોડે, ગધેડો મ્હોરું પાછળ સંતાડી માણસની જેમ ઊભો રહી જાય, દરમ્યાન મ્હોરું ત્રણેયના હાથમાં ફરે; છેવટે મ્હોરું ગધેડા પાસે રહે; નાયક અને ભવાઈ બાપ-દીકરાને પકડી રાખે. 'અમારું ગધેડું આપો, અમારી વાત સાંભળો.' વગેરે બોલે.)

નાયક : પહેલા તમે કોણ છો તે કહો.

બા-દી : અંદાવાદથી નીસર્યા
ખેડ્યા કંઈ પરદેશ, મહેનત
પામીએ, (અમે) બ્રહ્મા, વિષ્ણુ,
મહેશ !
ધરતી ખોળો ખૂંદીએ,
માથે ઊંચું આભ,
વરણ અઢારે સેવિયે, અંબા-
દીધો લાભ !
પિતા-પુત્રની જોડમાં,
આ લીધો, સાથીદાર,
કમર-તોડ મજૂરીએ
અમે સરખા હિસ્સેદાર !
થૈયા-થૈયા-તાક થૈ !

ગધેડો (મ્હોરું પહેરી) :
જાત, નામ કે કામથી
(મને) બોલાવો જો ક્યાંય,
અપમાનો લાગે મનેે,
તમથીય ના સ્હેવાય !
(પણ) માલિક આવા દોહ્યાલાં
બાપ બેટાની જોડ,
ખવડાવીને ખાય જે,
કામ કરે તનતોડ !

નાયક : ભારે થઈ ! આતો બેય એક બીજાને 'તમે મોટા-અમે મોટા' કહે છે ! ક્યા પાટનગર લઈ ગયા હતા એને ?

ગધેડો : સાચું તો કહેવું પડે ને !

દીકરો : મારું હાળું મુલ્લા નસરુદ્દીનનું જ લાગે છે !

નાયક : એય તમે લડો નહીં ફરી પાછા,
વાત કરો આગળ.
અંદાવાદથી નીસર્યા -

બાપ : પણ જંપ ન વળ્યો -

દિકરો : બહુ હેરાન થયા -

ગધેડો : સતામણી બહુ કરી લોકોએ !

ભવાઈ : (પ્રેક્ષકો બતાવી) બધાં કંઈ આ લોકો જેવાં કદરદાન થોડાં હોય ?

બાપ : ના, કદરદાન તો બહુ હતાં, ઓટલો ને રોટલો બેઉ દીધા, પણ -

નાયક : ટુકડે ટુકડે નહીં, માંડીને વાત કરો.

ભવાઈ : ના, કરીને બતાવો.

(પેલાં ત્રણેય ચૂપ, એકબીજાંને ઈશારા કરે, 'કોણ શરૂ કરે, તું કર' વગેરે)

ગધેડો : તો પહેલાં રાજા નીમો.

નાયક : કેમ, કરવેરા ઉઘરાવવાના છે ?
ઈન્ડિયા-ઉત્સવ કરવાની છે ?
સેન્સરશિપ લાદવાની છે ?

ગધેડો : ના, ન્યાય જોખવાનો છે. મારે ફરિયાદ છે.

બા-દી : ફરિયાદ અમારેય છે.

નાયક : પણ તમે તો હમણાં વખાણ કરતાં હતાં ને એકબીજાનાં ? સારું, તો ન્યાય જોખશે આ ભવાઈ. મંજૂર ?

ભવાઈ : અને મારા ન્યાયનોય ન્યાય કરશે આ લોકો ! (ભવાઈ - 'ધાગીન તીનકતીન' (ત્રણ વખત) નાચતાં ચાચરનો આંટો મારે, ભૂંગળ વાગે)

નાયક : ત્રોખડ ત્રણામાં જો પડી
ભવાઈ કરતી ન્યાય,
(જોજો) ચતુરાઈની આડશે,
ના સત્ય જાય છુપાઈ ! (ભવાઈ વિધિપૂર્વક ન્યાયાધીશ બને, બાપદીકરો પદગતિ સાથે ગાય)

બા-દી : અંદાવાદથી નીસર્યા...
(ગધેડા પર બાપ બેસે, દીકરો બાજુમાં ચાલે, આંટા દરમ્યાન લોકોની સલામો ઝીલે–તાક તા થૈયા (૨) વગેરે)

નાયક : પણ આ થાળીવાજા પર પીન અટકી ગઈ હોય એમ, 'અંદાવાદથી નીસરી'ને પહોંચ્યા ક્યાં એ તો કહો !

દીકરો : તમને કંઈ દેખાતું નથી એમાં અમે શું કરીએ ?

નાયક : ગધેડા પર બાપ બેઠો છે, દીકરો ચાલે છે - એમાં-

બાપ : એમાં ઉમરલાયક બાપની દીકરો સેવા કરે છે એ તમને નથી દેખાતું ? 'ઉચ્ચ ભારતીય સંસ્કાર' (ગધેડો બાપના પગ નીચેથી સરકે)

ગધેડો : ને એ જોઈને લોકો કહે : બાપ ગાંડો થયો છે ? દીકરો તો પાછળ ટાંટિયા ઘસે છે !
પળિયાં માથે આળિયાં,
આંકે વળતી ઝાંય ! (પણ)
ડહાપણ ક્યાંથી લાવીએ,
ના મળે બજારે ક્યાંય !

નાયક : કોણે, જોનારાંએ કહ્યું ?

બાપ : હા.

નાયક : પછી ?
(દીકરો ગધેડાસવાર થાય અને બાપ બાજુમાં ચાલે - 'અંદાવાદથી નીસર્યા' વગેરે) ભલે બાપ, ભલે ! આફરિન છું તમારા ઉપર. પુત્ર-પ્રેમ, ઉદાર હૃદય, નવી પેઢીને તમારી તાલીમ, એના વિકાસમાં રસ... (ગધેડો દીકરા નીચેથી સરકી કરોડરજ્જુ ખેંચે છે.)

દીકરો : પણ લોકો તો કહે : દીકરો કેવો સ્વાર્થી, જુવાનજોધ ફૂલેકે ચડ્યો તો ચડ્યો, પણ ઘરડા બાપની દયા ન આવી ?

બાપ : અને બીજાં લોકો કહે : છોકરાં તો જિદ કરે - બાપમાં અક્કલ નહોતી ?

ગધેડો : કંધોતર આ દીકરો,
થયો ગદેડા-સ્વાર !
બાપ ઘસે છે ટાંટિયા, કેળવણીનો સાર !

ભવાઈ : એનાં એ જ લોકોએ કહ્યું ?

દીકરો : હા, નામવર.

બાપ : પછી અમે તોડ કાઢ્યો :
(બાપ-દીકરો બંને ગધેડા પર ચડી બેસે, અડધે આંટે ત્રણેય પડે.)

નાયક : સમજી ગયો. લોકોને ગધેડાની દયા આવીને ?

ગધેડો : ભાર વહી ખવડાવતું
દિવસ, રાત ને રોજ !
એની પીઠે બે ચડ્યા,
દયા-ધરમ ક્યાં ખોજ ?

નાયક : વાહ ! તો તમારી ફરિયાદ શું લોકો સામે છે ?

બાપ : ના, લોકો તો કદરદાન છે.

દીકરો : એ તો માલિક કહેવાય.

ગધેડો : એવડું મોટું ગળણું ક્યાંથી લાવીએ ?

નાયક : પછી ?
(પેલાં ત્રણેય અલગ અલગ ચાચરમાં ફરે)

ભવાઈ : બોલો, આ વખતે લોકોએ શું કહ્યું હશે ?

નાયક : કહ્યું હશે, કોઈ પારકાના ગધેડા સાથે આ લોકો અમસ્તા ચાલે છે.

ગધેડો : ના, બહુ ભોળા તમે તો ! તેમણે કહ્યું : બીજાનો ગધેડો પડાવી લેવાની દાનત લાગે છે !

બાપ : તો બીજાંએ કહ્યું : ગધેડો વાહન છે, તો વાપરતાં કેમ નથી ? સંગતની અસર થઈ લાગે છે !

દીકરો : અને કહે : ગધેડુંય પોતાનું હોય, તો વારાફરતી ન બેસાય ?

ભવાઈ : અતિ બધું ના છોડિયે,
તો મતિ કરાવે ભ્રષ્ટ;
પરમારથ કુપાત્રને,
કરતાં થાતો નષ્ટ !

નાયક : પછી ?

ગધેડો : ચાલો બતાવીએ.

બાપ : ના.

ગધેડો : બધું બતાવ્યું તો આ કેમ નહીં ?

દીકરો : આ વખતે વાત જ કરીએ.

ગધેડો : નેક નામદારને તો બતાવો તો જ સમજાય ! પુરાવા વગર ન્યાય જોખાયો સાંભળ્યો છે ક્યાંય ? (છેવટે બાપ-દીકરો નમે, ગધેડો માથે લે, એ 'હોંચી' કરે, નાયક તાળીઓ પાડતો ચાચરમાં પાછળ પાછળ ફરે, પેલાં ત્રણ પડે, પણ ગધેડો માથેથી ઊઠે નહીં, બેઉ એને ફેંકીને ઊભા થાય, ત્રણેય ભવાઈ આગળ આવી ઊભે.)

નાયક : નામદારનો પ્રશ્ન છે : તમારે કોની સામે ફરિયાદ છે ?

ત્રણેય : અમારે સામસામી ફરિયાદ છે.

ભવાઈ : હાશ !

નાયક : મનેય બહુ બીક હતી, નામદાર.

ગધેડો : અરે હોય ! લોકો તો જાતવાન છે, ગુણવાન છે.

બાપ : બહુ બહુ તો, 'અમારી વાતમાં ઊંડો રસ લીધો' એવું ધીમેથી કહેવાય, વિનયપૂર્વક !

દીકરો : નહીં તો, પછી માનવસ્વભાવને દોષ દેવાય !

બાપ : અમારે (ગધેડો ચીંધી) એની સામે ફરિયાદ છે.

ગધેડો : મારે આ બેઉ સામે ફરિયાદ છે.

બંને : આ તો વિદ્રોહ કહેવાય !

ગધેડો : આ લોકો મારો અધિકાર છીનવી રહ્યા છે.

બાપ : એ અમારો ગધેડો છે.

દીકરો : અમે એ ખરીદેલો છે.

ગધેડો : બરાબર.

(તબલા પર થાપ, દર વખતે)

બાપ : નાનેથી મોટો કર્યો -

દીકરો : જોઈતું બધું આપ્યું.

ગધેડો : - બરાબર.

બાપ : હવે એ મરડાય છે -

દીકરો : મનધાર્યું કરે છે.

ગધેડો : - બરાબર.

બાપ : અમારી પાસેથી ભાગી ગયો-

દીકરો : એને શોધતાં અમે અહીં આવ્યા.

ગધેડો : - બરાબર.

નાયક : તારે સ્વબચાવમાં શું કહેવાનું છે ?

ગધેડો : એમણે પીઠે નાંખ્યો એટલો ભાર મેં વેંઢાર્યો, પણ ફરિયાદ ન કરી. બોલો સાચું ? (બેઉ ચૂપ.) આપ્યું એટલું, અને ત્યારે ખાધું. બોલો સાચું ? ડફણાં માર્યાં, પગે દોરી બાંધી. બોલો સાચું ? એમને મેં લાત નથી મારી, બોલો સાચું ?

નાયક : તો તારી ફરિયાદ એ છે કે -

ગધેડો : ના, મારી 'એ' ફરિયાદ નથી. તેઓ મારો અધિકાર ઝૂંટવી રહ્યા છે.

નાયક : કયો અધિકાર ?

ગધેડો : નામદાર બધું જાણે છે.

નાયક : કયો અધિકાર, નામદાર ? (ભવાઈ ચૂપ) (બાપ-દિકરાને) કયો અધિકાર એ મળો છે ?

બાપ : નામદારથી કંઈ છૂપું નથી.

ભવાઈ : બાપ-દિકરાને માતે ચડવાનો અધિકાર ગધેડો માગે છે. (ગધેડો હોંચી કરે છે. 'અમે ગધેડા લાલ'ની એક કડી ફટકારે છે.)

દીકરો : પણ એવું તે હોય, નામદાર ?

બાપ : ગધેડો માણસ ઉપર બેસે ?

નાયક : અલ્યા, તારે કેમ માલિકને માતે બેસવું છે ?

બાપ : એક વખત માથે લીધો એટલે-?

દીકરો : તું તો અમારો સેવક છે - !

ગધેડો : નામદાર, મારી આટલી અરજ છે. આ બેઉ એવું માને છેકે એમણે મને માથે લીધો, કંટાળીને, લોકોના કહેવાથી, નિંદા અને વાંક દેખા સ્વભાવથી ધરીને, લોકોને વળતી ઠેકડી ઉડાવવાના ઉદ્દેશથી ! પણ નામદાર, એમણે માતે ન લીધો હોત, તોય હું માથે ચડી બેસત ! બોલો, સાચું ?

ભવાઈ : હા, સાચું.

નાયક : કેવી રીતે સાચું ?

ગધેડો : નામદાર રજા આપે તો જવાબ આપું. (ભવાઈ હા કહે) હું તમારા બધાંનું વાહન - તમારી સેવા, સગવડતા અને સરળતા માટે નિર્માયેલો છું. પણ તમને એ લેતાં ન આવડે, અને કોઈ કારણથી માથે ચડાવો તો પછી હું શું કામ ઉતરું ?

નાયક : કોની વાત કરે છે ?

ભવાઈ : કેમ, તમને અનુભવ નથી માતે ચડેલાંઓનો ?

ગધેડો : હું બતાવું નામદાર. (મ્હોરું કાઢી ગાય છે.)

અમે તો સેવકલાલ,
જાતભાત ને રૂમેરંગે સહુએ સાવ નિરાળાં,
અજબગજબની ચાલ ચલતા,
કરતાં ધોળાં કાળાં !
જુઓ, જુઓ કમાલ, અમે તો સેવકલાલ !
આમ જુઓ તો માથે ટોપી, તેમ જુઓ તો ટાલ, પળમાં અહીં, ને પ્હોરે ત્યાં, સેવા કરતાં માલંમાલ !
જુઓ, જુઓ -
ખોલું મોં ત્યાં ધાણી ફૂટે, લૂલી ચાલે - વચનો વહેતાં, સપનાંની રંગોળી પૂરું, સાચ ઠરે જે બોલે નેતા ! જુઓ જુઓ -
જાતવાન બહુ, રૂપવાન કંઈ, ગુણવાન જ્યાં આસન બેસે, રંગ અનેકા ભાવે જો, તો 'ગુરૂગુરૂ' કાંચીંડો કહેશે !
જુઓ, જુઓ, કમાલ !
અમે તો સેવકલાલ !

ભવાઈ : (બાપ-દીકરાને) હવે તો તમારી પાસે ઉકેલ જ નથી.

(ગધેડો હોંચી કરે; બાપ-દિકરો એને માથે લે, આચરતાં આંટો મારે)

બોલો, જયહિંદ !

(પાંચેય જયહિંદ બોલે - અને ગાય)

દીકરો : માલિક-સેવક ભેદને-
ભૂલવા, મોટી વાત;
(પણ) સેવક માથે જો ચડે,
થાય આવી પંચાત !

બાપ : બહુમતિ મોટી મતિ, શક્તિ લોક અપાર, (પણ) લોકમતિ ના જાણી,
એ ગધેડાં થાય સવાર !

ગધેડો : સીસ્ટમ જો નાથો નહીં,
માથે ચડશે આમ,
સાધન સાધ્ય જો બને,
બગડે કામ તમામ !

ભવાઈ : ખયાલ આવ્યો ખુશનુમા,
આ 'જાતવાનનો વેશ',
લોકચરિતર અજવાળતાં,
(હવે) કરજો આવા વેશ !

નાયક : ધન ભવાઈ, ધન અસાઈત,
ગાયન-નર્તન-ખેલ,
ભાવન જીવનનું કરે
રંગત રેલમછેલ !○○ □

પણ ધન્ય છે. એણે આપના તરફની પ્રેમભક્તિથી એવું કામ કર્યું, જેનાથી સજ્જનો વચ્ચે અમારાં મસ્તક કાયમ ઊંચાં રહેશે. મારે મન પદ્માવતી વાસવદત્તાથી જરાય જુદી નથી. બંને હૃદયથી પણ (પરસ્પર) એક છે; તેથી, હવે તમે ઝટઝટ (તમારે ઇષ્ટ) કામે લાગી જાવ !' શ્વશુરદૂતનાં આવાં વચનો સાંભળીને વત્સેશ્વરનું હૃદય તરત જ પ્રસન્નતાથી ભરાઈ ગયું; દેવી વાસવદત્તા પ્રત્યેના તીવ્ર પ્રેમમાં પાછો વધારે થયો; અને એ મંત્રીવર પ્રત્યેનો સ્નેહસંબંધ પણ વધારે દૃઢ થયો. પછી બંને દેવીઓને સાથે રાખીને દૂતને વિધિપૂર્વક યોગ્ય રીતે સત્કારી, એનું આતિથ્ય કરી, એને રાજી કરીને વળાવ્યો.

પછી નિર્ધારિત કાર્યે તરત જ લાગી પડવાના નિશ્ચયથી, મંત્રીઓની સાથે ચર્ચા કરીને, રાજાએ કૌશામ્બી પ્રતિ પ્રયાણ કરવા ઠરાવ્યું (૧૭૧)

ઇતિ
મહાકવિશ્રી સોમદેવ ભટ્ટ-વિરચિત
કથાસરિત્સાગરના લાવાણકલમ્બકનો
ત્રીજો તરંગ

(ક્રમશઃ)

પાદટીપ

૧. અહલ્યાકથા પ્રસરી રામાયણથી. એટલે પહેલાં તો એ જ મૂળ જોઈએ. પહેલાં જુઓ બાલકાંડ, ૪૮નો સર્ગ: (રાક્ષસોના ત્રાસને પહોંચી વળવા, દશરથ પાસેથી રામ-લક્ષ્મણને મેળવીને, મુનિ વિશ્વામિત્ર નીકળી પડ્યા છે.)

મુનિ વિશ્વામિત્ર રાજા સુમતિને ત્યાં આવે છે. બંનેનો પરિચય રાજાને કરાવે છે. ત્યાંથી ત્રણેય મિથિલા તરફ જાય છે. મિથિલાના ઉપવનમાં એક આશ્રમ. છે તો સુંદર, પણ સાવ સૂમસામ ! 'આમ કેમ ?' રામ પૂછે છે.

વિશ્વામિત્ર કહે છે, 'એ મહાત્માના ક્રોધનું આ પરિણામ ! પૂર્વે અહીં ગૌતમ ઋષિનો આશ્રમ હતો. દેવો પણ પૂજાર્થે આવતા, એટલો પવિત્ર. અહીં ઋષિ ગૌતમ અને એમનાં પત્ની અહલ્યા તપ કરતાં. ઘણાં વર્ષો, આમ, અહીં એમણે તપમાં ગાળ્યાં. એક વાર ઋષિજી બહાર ગયેલા ને શચીપતિ ઇન્દ્ર ગૌતમઋષિના વેશમાં ત્યાં આવ્યો ને માંગણી કરી : 'સંગમં ત્વહમિચ્છામિ !' અહલ્યા સહસ્રાક્ષને ન ઓળખે એમ તો કેમ બને ? પણ જિજ્ઞાસા ને દુર્વૃત્તિનેતાબે થઈ. પછી કહે,

'થઈ કૃતાર્થા દેવેશ ! શીઘ્ર ભાગો હવે પ્રભુ !
મને ને તમને યે તે રક્ષો ગૌતમથી કદા !' (૨૦)

પણ એ છટકી જાય એ પહેલાં તો ગૌતમ આવી પહોંચ્યા ! - દેવદાનવદુર્ધર્ષ, ઊજળા અગ્નિના સમ, હાથે સમિધ, ભીંજેલું શરીર તીર્થને જળે ! ઇન્દ્રને પોતાના જ રૂપમાં જોઈને એ તો તરત જ બધું પામી ગયા. તાડૂક્યા : 'તેં અલ્યા ન કરવાનો કામો કર્યો ! તો તું હવે વિફલત્વં ભવિષ્યતિ ! થા પુરુષત્વહીણો તું !'

શાપ મળતાં જ ઇન્દ્રનાં બંને વૃષણો પડ્યાં ખરી !' પછી એમણે પત્નીને પણ શાપી : 'તું અહીં હજારો વર્ષ હવા ખાતી, ઉપવાસ કરતી, કોઈ જ પશુપ્રાણીની નજરે પડ્યા વિના, આ આશ્રમની (યજ્ઞ)રાખમાં પડી રહે !- વાતભક્ષા, નિરાહારા, તપ્યન્તી ભસ્મશાયિની ! આ આશ્રમે જ્યારે દુર્ધર્ષ એવા દાશરથી રામ આવશે ત્યારે તું પૂતા ભવિષ્યસિ - પાછી પાવન થઈ જઈશ. એમનું આતિથ્ય કરીશ એટલે લોભ-મોહથી પર થઈશ. પછી પાછાં આપણે મળીશું.' કહીને ઋષિ તપાર્થે હિમાલયે ગયા.

•

જરા થોભો. વિચારો. ક્યાંય 'તું અહલ્યા, શિલા થઈશ - પથ્થર થઈ જઈશ' એવું આવ્યું ? જરા ધ્યાનથી વાંચતાં તો અહીં આશ્રમમાં જ 'વસિષ્યસિ' 'નિવસિષ્યસિ' એવું જ મળે છે ! તો, આ 'શિલા'વાળી વાત ? લોકકલ્પનાનું ઉમેરણ. હજી આ વાત અહીં પૂરી થતી નથી. અહીં એ આગળ વધે છે !

•

"શક્રના પસ્તાવાનો પાર ન રહ્યો. એ અગ્નિ વગેરે દેવોને કહે :

'ઋષિને ગુસ્સે કરીને તો મેં એમનું તપબળ ઓછું કર્યું ને ? એ તો દેવકાર્ય જ થયું કહેવાય ને ? તો, દેવો મને હવે સહાય કરે.'

એની આ વાત સાંભળીને મરુદ્‌ગણો ને દેવો બધા, પિતૃદેવો પાસે ગયા. ને કહે, 'પિતૃગણ ! આ આપનો મેષ સવૃષણ છે ને શક્ર બીચારો અવૃષણ ! એટલે એ મેષના બેય વૃષણો શક્રને આપો !' વાત ખરી લાગી. એટલે પિતૃદેવો એ એમ કર્યું." આ વાત કહીને વિશ્વમિત્રે રામને વિનંતી કરી કે 'તમે હવે આ આશ્રમમાં પ્રવેશ કરો અને

'તારયૈનાં મહાભાગામહલ્યાં દેવરૂપિણીમ્'
(ઉદ્ધારો એ મહાભાગા અહલ્યા દેવી જેવીને !)

ત્યારે રામે લક્ષ્મણસહિત એ આશ્રમે પ્રવેશ કર્યો અને (જુઓ, રામ કોને જુએ છે ? કોઈ શિલાને ? નહિ રે !)

'દદર્શ ચ મહાભાગાં તપસા દ્યોતિતપ્રભામ્.'

દેવોનેય દુર્લભ એ દર્શન હતું ! કેવી એ હતી ?

'પ્રયત્નાન્નિર્મિતાં ધાત્રા દિવ્યાં માયામયીમિવ;
ધૂમેનાભિપરીતાંગી દીપ્તામગ્નિશિખામિવ. (૧૪)
સતુષારાવૃત્તાં સાભ્રાં પૂર્ણચન્દ્રપ્રભામિવ;
મધ્યેઽમ્ભસો દુરાધર્ષાં દીપ્તાં સૂર્યપ્રભામિવ.' (૧૫)

(યત્ને ઘડી વિધાતાએ દિવ્ય માયામયી જ એ;
ધૂમાડે ઘેરી લીધેલી જલતી આગ-જ્વાળ શી !
મેઘ-ઝાકળ-વીંટેલી પૂર્ણિમાની પ્રભા જ જો !
જલમધ્યે દુરાધર્ષા ઝગેશી સૂર્યની પ્રભા !)

એવી ચમકતી એ હતી, છતાં ગૌતમના શાપને કારણે કોઈ એને જોઈ નહોતું શક્તું; તે એકાએક રામદર્શને સૌસમક્ષ પ્રગટી !

રામ-લક્ષ્મણ એને પગે પડ્યા. અને અહલ્યાએ બંનેનું મનમૂકીને આતિથ્ય કર્યું. ને ગૌતમ પણ ત્યાં આવીને પાછા તપ કરવા લાગી ગયા.

*

એને 'શલ્યા' કહેવાને બદલે વાલ્મીકિ તો 'તપોબલવિશુદ્ધાંગી' (શ્લોક ૨૦) કહે છે. આવી કથા વા. રા. ના 'બાલકાંડ'માં છે. પછી પાછી છેક ઉત્તરકાંડમાં આ વાત આવે છે ! આ બંને કાંડ પાછળથી રામાયણમાં જોડાયેલા લાગે છે એ ખરું, છતાં આજે એ અખંડ ભાગો છે ને જોડાયાને ય ખાસ્સાં બેક હજાર વર્ષ તો ખરાં ! પણ હવે, જોવા જ બેઠા છીએ તો, ઉત્તરકાંડ ખોલીએ :

*

રામ-રાવણનું યુદ્ધ મંડાયું છે. એમાં રાવણપુત્ર મેઘનાદે ઈન્દ્રને હરાવ્યો, પકડ્યો, લંકા તાણી ગયો ! ત્યારે ખુદ બ્રહ્મા દેવો સાથે ત્યાં ગયા. બ્રહ્માએ રાવણને અભિનંદન આપ્યાં, ને કહ્યું, 'આજથી આ મેઘનાદ હવે 'ઈન્દ્રજિત' કહેવાશે. હવે તું ઈન્દ્રને મુક્ત કર. બોલ, એના બદલામાં તું કહે તે આપું.' રાવણને બદલે ઈન્દ્રાજિતે જ માગ્યું : 'અમરત્વ' 'એ તો, બેટા, કોઈ જીવને ન મળે. બીજું જે માંગે તે આપું.'. 'તો, એમ કરો : હું યુદ્ધે ઊતરવા માટે જેવો હોમહવન કરું કે એમાંથી એક એવો, અશ્વો જોડેલો જ, રથ મારે માટે નીકળે કે એના પર હું બેઠેલ હોઉં ત્યાં સુધી મને કોઈ મારી ના શકે.'

'તથાઽસ્તુ !'

હતપ્રત ઈન્દ્ર આમ છૂટ્યો. દેવો એને લઈને દેવલોકે આવ્યા. ઈન્દ્રના દુઃખનો પાર નહોતો. પોતે હાર્યો ને અપમાન વેઠ્યું ! ત્યારે બ્રહ્માએ એને જણાવ્યું : 'તેં ભૂતકાળમાં એવું તે શું કર્યું કે આજ તારી આ દશા થઈ ? એનો તો વિચાર કર. પહેલાં મેં પ્રજા નિર્મી ત્યારે સ્ત્રીપુરુષભેદ જ નહિ, સૌ સમાન; પછી વળી મને એક વાર એમ સૂઝ્યું તે, સૌનાં સુંદરતમ સત્ત્વો લઈલઈને એક એવી સુંદરતમ વ્યક્તિ ઘડી જે સહેજેય, ક્યાંય પણ, વિરૂપ હોય જ નહિ. એટલે મેં વિશ્વની પ્રથમ સ્ત્રી અને વિશ્વની સુંદરતમ સ્ત્રી ઘડી એને નામ આપ્યું 'અહલ્યા'.

'હલં નામેહ વૈરૂપ્યં હલ્યં તત્પ્રભવં ભવેત્;
યસ્યા ન વિદ્યતે હલ્યં તેનાહલ્યેતિ વિશ્રુતા !'
(૩૦:૨૨-૨૩)

('હલ' તે 'કુરૂપતા' છે, (ને) 'હલ્ય' તે 'રૂપહીનતા';
નહિ કુરૂપતા જેમાં 'અહલ્યા' કહેવાય તે.)

આમ, મેં 'અહલ્યા' નામ આપ્યું. પછી પ્રશ્ન થયો કે હવે આ કોની પત્ની બને ?

હજી હું તો વિચારતો જ રહ્યો ત્યાં તો તું, તારે સ્થાનને કારણે માની જ બેઠો કે એ તારી જ હોય ! એટલે, મેં તો, પહેલાં, મુનિ ગૌતમને એ સાચવવા માટે સોંપી. એમણે વર્ષો સુધી એને જાળવી ને મોટી થયે મને સોંપી ! એના આ સંયમ પર હું તો વારી ગયો. મેં એને જ આ કન્યા વરાવી.

એ દેવોનેય ના ગમ્યું ! તારા ક્રોધે તો માઝા મૂકી. તેં બલાત્કારે એને ભોગવી ! ને ઋષિએ તને શાપ આપ્યો કે તું હતપ્રભ થઈશ, હારીશ, પકડાઈશ. તેં, દેવોના રાજાએ ઊઠીને આવો કામો કર્યો ! તેથી તો હવે જગતમાં પણ જારકર્મ ફેલાશે ! તું જ આ પાપનો પ્રથમ પ્રચારક ! હવે તો તારું આ સ્થાન પણ અચળ નહિ રહે. જે કોઈ ઈન્દ્રાસને બેસશે, એ તે સ્થાને ગમગાશે જ !

પછી તો ઋષિએ પત્નીને પણ શાપી : 'તેં રૂપગુણની મર્યાદા ન પારખી ! હવે આ રૂપ તારી એકલીનું નહિ રહે; અનેકોમાં વહેંચાઈ જશે. તું રૂપભ્રષ્ટ થઈ, અહીં જ, આ આશ્રમે પડી રહેજે !'

ત્યારે અહલ્યા કહે, 'મહર્ષિ ! દેવરાજ તો આપનું રૂપ લઈને આવ્યો'તો ! હું છેતરાણી જરૂર ! પણ એમાં મારો કેટલો દોષ ? (૪૦) મેં સ્વેચ્છાચાર કર્યો નથી. હું એને ઓળખી ન શકી એ કબૂલ !' ત્યારે ઋષિ કૂણા પડ્યા. કહે, 'ભદ્રે ! ઇક્ષ્વાકુવંશમાં અવતરશે રામનામે વિષ્ણુ પોતે. એ આ આશ્રમે આવશે. એનાં દર્શને તારો શાપ ટળશે, ને એમના આતિથ્યે, પાછાં આપણે જોડાઈશું !' પછી અહલ્યા ત્યાં પ્રખર તપ કરવા લાગી.અને શક્ર, તારી આ દશા થઈ.'[૨]

*

અહીં પણ અહલ્યા શલ્યા થયાનો ક્યાંય કશો ઈશારો પણ નથી ! રામાયણની અહલ્યા આવી છે : ૧ બ્રહ્માસર્જી પહેલી

નારી, ૨ બ્રહ્મસર્જી પહેલી રૂપવતી, ૩ બ્રહ્માએ એને ગૌતમને વરાવી - એટલે ગૌતમ જગતનો પહેલો પતિ, ૪ ઈન્દ્રે ગૌતમરૂપે એને છેતરી એ જગતનું પહેલું જારકર્મ, ૫ ગૌતમે શાપઆપ્યાથી ઈન્દ્ર હતપ્રભ થયો, અને ૬ ગૌતમે શાપઆપ્યાથી અહલ્યા અદૃષ્ટ થઈ આશ્રમે પડી રહી - છેક રામદર્શન સુધી.

કથા રામાયણથીયે જૂની હશે - લોકપરંપરામાં. અને એટલી બધી લોકપ્રચલિત હશે કે એનાં ઘણાંઘણાં રૂપાંતરો મળે છે. એમાંથી નીચેનાં નોંધપાત્ર :

क. ઈન્દ્રે ગૌતમરૂપે અહલ્યાને છેતરી;

ख. અહલ્યા તો ઈન્દ્રને ઓળખી ગઈ હતી છતાં લોભાણી;

ग. ઈન્દ્રને ચન્દ્રે મદદ કરી (વત્તા કામદેવે). એણે કૂકડાનું રૂપ લઈને પ્રભાતની છઠી મધરાતે પોકારીને ગૌતમને નિત્યકર્માર્થે નદીએ જવા પ્રેરી, ઈન્દ્રને અનુકૂળતા કરી આપી; પણ ઋષિ આવી પડતાં, બંને શાપાયાં;

घ. ઋષિને મધરાતભ્રાન્તિ ટળતાં જ પાછા આવ્યા ત્યારે પોતે પકડાવાની બીકે ઈન્દ્રે બિલાડાનું રૂપ લીધું;

च. શાપની બાબતમાં પણ થોડાક ફેરફારો છે : ક્યાંક વૃષણવાળી વાત છે, ક્યાંક સહસ્ર ભગ સહસ્રાક્ષ થશે એવી વાત છે, વગેરે;

छ. રામાયણમાં તો ક્યાંય અહલ્યા શિલા થયાનું નથી.

'અહલ્યા'ના શબ્દાર્થો બે : ૧ 'અ+હલ્યા' એટલે 'નહિ ખેડાયેલી', અને ૨. 'અ+હલ્યા' એટલે 'નહિ વિરૂપ' આમાંનો બીજો અર્થ રામાયણમાં છે. (ઉત્તરકાંડ, સ. ૩૦) આ કથા રામાયણ, મહાભારત, શતપથબ્રાહ્મણ અને અનેક પુરાણોમાં - બ્રહ્મ, બ્રહ્મવૈવર્ત, પદ્મ, શિવ, સ્કન્દ, વિષ્ણુ ધર્મોત્તર વગેરેમાં - છે. અનેકોએ આ કથા અનેક દૃષ્ટિએ ચર્ચી છે, કે રસિકરૂપે નિરૂપી છે. જેની પ્રસ્તાવના રાધાકૃષ્ણને લખી છે ને જેમાં વિશિષ્ટ પ્રકારનાં રેખાચિત્રો જ્યૉર્જ કેઈટનાં છે તે 'ટેઈલ્સ ફ્રોમ ઈન્ડિયન માયથૉલોજી' (કુતુબપૉપ્યુલર, મુંબઈ ૧૯૬૧; પૃ. ૮૮)માં એ એસ. રમણે સરસ કથા નિરૂપી છે; બેહ્રી રેડિસ- સંપાદિત, પૅંગ્વિન-ક્લાસિક્સની શ્રેણિમાં 'હિન્દુ મિથ્સ', ૧૯૭૬, પૃ. ૯૪-૯૬) પણ કથા છે; પૅન્ઝરે પણ ચર્ચા કરી છે. 'ચરિત્રકોશ' વગેરે પૌરાણિક કથાકોશોમાં તો હોય જ. બે મુદ્દાઓ પશ્ચિમીઓ ચર્ચે છે : કોઈનુંયે તપોબળ ન વધે માટે કાં એને ક્રોધીમાં કાં કામમાં પાડવો એવી દેવીની પેરવીની કથાઓ ઘણી છે; પણ આમાં ઈન્દ્ર પોતે દેવકાર્ય કર્યાનું કહે છે તે ગળે ઊતરતું નથી. છતાં દેવો સહાય કરે જ છે ! બીજો મુદ્દો, વૃષણપ્રત્યારોપણનો. માનવઅંગોનાં છેદન અને પ્રાણીઅંગોનાં પ્રત્યારોપણની કથાઓ ઘણી છે. આ એક લોકપ્રિય મોટિફ છે. ગણેશકથા તો છે જ. પણ શતપથબ્રાહ્મણમાં અશ્વિનોની એવી કથા ટૂંકમાં આવી છે : મુનિ અથર્વણનો પુત્ર દદયાંચ. અશ્વમેધની ગુહ્યતમ પ્રક્રિયા - અશ્વનું મસ્તક છેદાય અને પાછું ચડાવાય તે - જાણતો. પણ એને ઈન્દ્રે સ્પષ્ટ ધમકી આપલી કે 'જો આ વિદ્યા તું કોઈનેય આપીશ તો તારું માથું હું છેદીશ.' એટલે જ્યારે અશ્વિનો આ વિદ્યા મેળવવા એની પાસે ગયા અને કહ્યું કે 'અમને તમારા શિષ્ય તરીકે અપનાવો,' ત્યારે આણે ચોખવટ કરી : 'ઈન્દ્રની મનાઈ છે ! મારું તો માથું જાય !'

'અમે એનો ઉપાય વિચારી રાખ્યો છે. માથું નહિ જાય'.

'કઈ રીતે ?'

'તમે અમને શિષ્ય તરીકે સ્વીકારો કે અમે તમારું જ માથું ઉડાવીને, એને બરાબર ક્યાંક સંતાડી, એને સ્થાને એક અશ્વનું માથું તમારી પર ચડાવી દઈશું ! એ માથા વડે તમે અમને પેલી ગુહ્ય વિદ્યા આપશો કે ઈન્દ્ર આવીને એને છેદશે ! પછી તો અમે તરત જ તમારું મૂળ માથું પાછું તમારા પર ચડાવી દઈશું !' પછી એ પ્રમાણે જ થયું ! આવી કથાઓ ઋગ્વેદકાલીન છે ! અહલ્યાની એક કથામાં ઈન્દ્રને મેષનાં વૃષણ ચડાવ્યાનું છે. મૂળ તો કામની પ્રબળતાની ને એને સંયત રાખવાનો બોધ આપતી આ કથા છે. અહલ્યાપક્ષે નારીની નિરાધારીની. મોટા ભાગના લોકો (લોકસમગ્ર) અહલ્યાને જ પક્ષે રહ્યા છે તે નોંધપાત્ર છે. અહલ્યાને પવિત્ર ગણી છે. પાંચ પ્રાતઃસ્મરણીય પવિત્ર સ્ત્રીઓમાંની અહલ્યા એક. એ પાંચમાં કેવી ભાતભાતની, જાત-ગુણ-નાત એમ અનેક રીતે વિભિન્ન નારીઓ છે ! ભારતીય વિચારધારામાં (ભલે, આજે વ્યવહારમાં અત્યંત સંકુચિતતા છે) એક વાર કેવી વિશાળતા હશે ! - પેલી પાંચમાં એક છે બલાત્કારમાં છેતરાયેલી; એક પાંચપતિયુક્તા, તો એક છે એકપતિવ્રતા; એક એવી રાણી છે જે રાજાના સત્યવ્રતને સાથ આપતાં રાજ-પાટ ને ખુદ પતિ-પુત્ર બધુંયે ત્યાગીને પરમ દુઃખ ભોગવવા તૈયાર થાય - ને છતાં પતિપ્રેમ/પુત્રપ્રેમ ન જ છોડે; એક છે દેવદ્વેષી દાનવની પત્ની ! એક છે ઋષિપત્ની; એક દેવપત્ની; બે રાજકુળની તો એક દાનવકુળની ! એ પાંચ પ્રાતઃસ્મરણીયાઓ એટલે-

અહલ્યા, દ્રૌપદી, સીતા, તારા, મંદોદરી તથા
પંચકન્યા સ્મરેન્નિત્યા, મહાપાતકનાશિની !

૨. આ વ્યાપકોક્તિ આજ સુધી કેટલી સાચી છે !-

'પ્રભુણાં હિ વિભૂત્યંધા ધાવલ્યવિષયે મતિઃ'

(અનુસંધાન પૃ. ૬૯૭ ઉપર)

જંગલ

મૂળ લેખક કૃષ્ણ આલનહલ્લી અનુ. પ્રફુલ્લ રાવલ

જે કંઈ પણ થયુ હતું તેને જાણે બધા ભૂલી ગયા. હવે ખળામાં લાગેલી આગ વિષે કોઈ કશું કહેતું નહોતું. આથી કિટ્ટીને બહુ આશ્ચર્ય થયું. હોસૂરની સ્કૂલથી પાછા ફરતી વખતે શિવગંગા દેખાતાં તો તે જોયું -ન જોયું કરતો હતો. પહેલાંની જેમ હવે તે તાકીને જોતો નહોતો. કિટ્ટી સેટ્ટીની દુકાનવાળી ગલીમાંથી આવવા-જવા લાગ્યો, જેથી બસક્કાની નજરે ન પડે. મામા પહેલાંની જેમ હોસૂરમાં જ નહોતા પડ્યા રહેતા. પહેલાં ક્યારેક ક્યારેક સેટ્ટીની દુકાનમાં ક્યાંય સુધી પત્તાં રમતા હતા. હવે તેને જોઈને કહેતા હતા - 'દિવસ થતાં જ ઘરે ચાલ્યો જા. રાત્રે અહીંતહીં ન રોકાવાય.'

ઘરે આવીને, મોં-હાથ ધોઈને કિટ્ટીએ ખાધું અને ચૉક તરફ ગયો. તો મામી પૂજાપાત્રમાં આંબાનાં પાંદડાં, અગરબત્તી, તેલની વાકટી મૂકીને ઊભી હતી. તેણે કહ્યું - 'કિટ્ટી, મંદિરે ચાલ.' કિટ્ટી કશું બોલ્યા વગર તેની સાથે ચાલવા માંડ્યો. મામી કેટલીયે વખત એને લઈ ગઈ હતી. નહેરવાળા ખેતરની બાજુમાં ચારેબાજુ જંગલ જેવું સૂમસામ મેદાન દેખાય છે, ત્યાં જ મંદિર હતું. તેને બારણું નહોતું. તેની આગળ એક બાજુ નાનું એવું તળાવ હતું. મામીની સાથે મંદિરની અંદર પગ મૂક્યો તો ત્યાં અંધારું હતું. પરંતુ ધીમેધીમે અંદરનું બધું જ દેખાવા માંડ્યું. બે-ચાર દેવચકલીઓ પાંખ ફફડાવતી બહાર ઊડી ગઈ. મામીએ દીવાસળી સળગાવીને દીવો પેટાવ્યો. નાનો એવો પથ્થરનો દીવો મંદિરને પ્રકાશિત કરવા લાગ્યો. પહેલાં કિટ્ટીને અહીં આવતાં બહુ બીક લાગતી હતી. ચિત્તાના પંજાના નિશાન મંદિરનાં આંગણાંમાં દેખાતાં હતાં. પરંતુ આ દિવસોમાં બહુ થોડા ચિત્તા અહીં આવે છે. મંદિર પાસેનાં વૃક્ષો પરથી હવે કાતરો તોડવાનું સહેલું થઈ ગયું છે. મામી હાથ જોડીને બહુ વાર લગી ઊભી રહી. કિટ્ટી બહાર જોવા માંડ્યો. ઝટપટ અંધારું છવાવા લાગ્યું હતું. કિટ્ટી મામીનો પાલવ પકડીને બોલ્યો - 'અંધારું થઈ ગયું છે, મામી.' તેઓ બહાર આવી ગયાં. ખેતરો પાર કરીને ગલીમાં આવ્યા તો ગામ તરફ પાછા ફરનાર ઢોરોની ધૂળ હવામાં વેરાઈ ગઈ હતી. ઢોર ચરાવનાર નાટકનાં ગીતો ગાતા પાછા ફરી રહ્યા હતા. મામીને જોઈને તેઓ અચાનક થોભી ગયા.તેઓ આગળ નીકળીને ઘર તરફ ચાલવા માંડ્યા. પાછળથી વળી એ લોકોનો ગાવાનો અવાજ આવવા લાગ્યો.

ઘરમાં અંધારું છવાઈ ગયું હતું. મામી દીવો પ્રગટાવીને રસોડામાં ગઈ. મામા ખાઈને હંમેશાંની જેમ બૅટરી લઈને ચમ ચમ બોલતી ચંપલો પહેરીને નીકળી જતા હતા. એમનું આ રીતે જવાનું બંધ ન થયું. મામી ભોગી સાથે વાતો કરી રહી હતી. મામીએ કહ્યું - 'ભોગી, તાંત્રિકનો વાંચેલો લેખ બેઅસર રહ્યો.' ભોગી બોલી, 'ના, બા, હવે થોડોક સુધારો થયો છે. પહેલાં તે દિવસે પણ ત્યાં રહેતા હતા.' પછી એણે વાત બદલી.

સંક્રાંતિનો મહિનો શરૂ થનાર છે. દરેક ખળામાં મોસમની તૈયારી દેખાઈ રહી છે. ખળું સાફ કરવું, 'રાસ' કરવું, આખી રાત ગાતાં નોકર-ચાકરોનું ત્યાં સૂઈ જવું - કિટ્ટીની આંખોમાં એ બધાં ચિત્ર ઉભરાઈ આવ્યાં. તેણે પોતાના જ ખળા તરફ જોયું. રાખનો ઢગલો હજુ પણ દેખાતો હતો. કિટ્ટીને કશુંક ખોવાઈ ગયું હોય તેવું લાગ્યું.

નાટકઘરે જવાની ઉત્કંઠા હવે તેનામાં રહી નહીં. ત્યાં જાય તો બધા જુદી જ નજરથી તેના તરફ જુએ છે તો કિટ્ટીને સારું નથી લાગતું. જ્યારથી ચન્દ્રેગૌડાના ખળામાં આગ લાગી હતી, ત્યારથી બધાં બાળકોને નાટક તરફ એક પ્રકારની નિરાશા વ્યાપી ગઈ હતી. જોતાં જોતાં તેની આંખ સામે જ બધો પાક બળીને ખાખ થઈ ગયો હતો. તે દૃશ્ય હજુ સુધી એની આંખોથી અદૃશ્ય થયું નથી. આગમાં ભપકીને નીકળતી જ્વાળાઓ હજુ એની આંખોની સામે ઘુમરાતી હતી.

એ વાતની માત્ર કોપ્પલને જ નહીં, પરંતુ હોસૂરવાળાને પણ જાણ હતી કે ગૌડના ખળામાં આગ ચાંપનારો શિવગંગા જ હતો. ન્યાયને માટે પણ પંચાયત ન બોલાવવાથી આખા ગામમાં અચરજ હતું. ગૌવલ્લી શાનભોગેએ તેની ફરિયાદ પોલીસમાં કરવા કહ્યું. પરંતુ ચન્દ્રેગૌડા દોડ્ડગૌડા કરમને સીતારામય્યાએ મનાઈ કરવાથી ચૂપ થઈ ગયા હતા. તેની જોડે હવે બે-ચાર માણસો લાગેલા રહેતા હતા. તેમનામાં 'મારોકાપો'ની વાતો જ થતી હતી. હોસૂરના કેટલાંક લોકોને તેનો વર્તાવ બહુ ખરાબ લાગતો હતો. પહેલાં બસક્કાથી જલતો શિવગંગા, ચંદ્રેગૌડાના કારણે ચૂપચાપ રહેતો હતો. પરંતુ હવે બસક્કાને તે એટલા જોરથી ગાળો દેવા માંડ્યો હતો કે આખું ગામ સાંભળે. આમ તો તે ગમે તેટલી ઊછળકૂદ કરે, પરંતુ ચંદ્રેગૌડા આંખ ઊંચી કરીને જોતાં જ હજુ પણ તેના અંગમાં કમકમાં આવી જતાં હતાં. કોઈક કારણે તેણે ઇંડિગકૌંડય્યાને એટલો માર્યો હતો કે ત્રણ દિવસ સુધી ખાટલેથી ઊઠી ન શક્યો. ગૌડ એ વખતે પણ ચૂપ રહ્યા હતા.

સેટ્ટીની દુકાન હોય કે ભુજંગય્યાની હોટલ, બધી જગ્યાએ તે કહેતા ફરતા હતા કે 'આ જમીનમાંથી પાક તો લઈ જવા દો, જોઉં

છું.' ચંદ્રેગૌડાનો પડછાયો જોતાં જ એ આડી-અવળી વાતો કરવા મંડી જતો.

દિવસે ક્યારેક જ બાહર નીકળનાર ચંદ્રેગૌડા સાંજ થતાં જ કિટ્ટીને સ્વયં પોતાની સાથે લાવતા હતા. મામા હવે નાગી અને કિટ્ટીની બહુ નજીક આવી ગયા. પછી જ્યારે પણ મામા મળતા, કશુંક ને કશુંક ખાવાનું પણ મળતું હતું. પરમ દિવસે સેટ્ટીની દુકાનમાં રંગીન ગોળીઓ જોઈને મામાએ તેને અપાવી હતી. રંગીન ગોળીઓ 'બોમ્મદેવર' મંદિરના મેળામાં જ વેચવા માટે લાવવામાં આવતી હતી. બજારમાં નહોતી મળતી. કિટ્ટીના કહેવાથી મામાએ નાગીને લીલા રંગનું ફૂમતું અપાવ્યું હતું. નાગીને તે પસંદ હતું. સ્કૂલેથી પાછા આવતાં કમલમ્માને પોતાના લાંબા ચોટલે બાંધેલ ફૂમતું બતાવતી બોલી - 'મામી, મામાએ અપાવ્યું છે આ ફૂમતું !' મામી હસતી હસતી બોલી - 'અત્યારથી તેને ડર છે કે ક્યાંક તે રિસાઈ ન જાય !' આ સાંભળીને નાગીનું મુખ લજ્જાથી લાલ થઈ ગયું હતું.

જ્યારે પણ કિટ્ટી નાગીના ઘરે જતો, કંઈક ને કંઈક બખેડો જોવા મળતો. ગાળ દેવાનું કામ જ નાગીની નાનીનું હતું. રમવા માટે નાગી બોલાવતાં જ કહેતી - 'જા, જા, પુરુષોની જેમ રમવા જા' એવી ગાળ દેનાર આ ડોશી અને પોતાના ગામમાં રહેતી ડોશીમાં જમીન-આસમાનનું અંતર હતું. કિટ્ટી પોતાના ગામમાં જે દાદીમા છોડીને આવ્યો હતો, તેની યાદ આવી ગઈ. એ ન તો ક્યારેય ગાળો દેતી કે ન ક્યારેય મારતી હતી. પિતાજીને પણ મારવાની મનાઈ કરનાર નાનીના ચહેરા અને હાથ, બધાં જ અંગો પર ચાઠાં પડી ગયાં હતાં. મામીની ફાટેલી સાડી જ પહેરીને તળાવ સુધી પાંદડાં તોડવા માટે જતી ડોશીને કહે કે - 'જરાક નવી સાડી પહેરી લો, નાની.' તો જવાબ મળતો હતો, 'આજકાલ હું મરવા બેઠેલી પાગલને નવી સાડીની શી જરૂર છે ?' કિટ્ટીને તેણે સંભળાવેલી રાજકુમારની વાર્તા યાદ આવી ગઈ. છોટે રાજકુમારને રાક્ષસ કેવી માયાથી પોતાના લોકમાં લઈ ગયા હતા ? તેણે લાગ્યું, જાણે તેણે આ વાર્તા પરમદિવસે જ સાંભળી ન હોય ? ન જાણે કેમ કિટ્ટીના મનમાં નાનીને જોવાની ઇચ્છા બળવતી બની ગઈ.

મામા નહેરની પાસેના ખેતરમાં અનાજ કાપવા માટે સવારે જ જતા રહ્યા હતા. કિટ્ટીએ સાંજે બહાનું બનાવ્યું કે તેના પગમાં કાંટો વગ્યો છે અને પગ સૂજી ગયો છે. ત્યાં બહુ દર્દ થાય છે. કિટ્ટી સ્કૂલે જવાનું છોડીને અને મામીની પાસે બેસીને નાટક કરી રહ્યો હતો. અત્યારથી જાનવરોને છુટ્ટી મળી રહી હતી. પોતાના નહેરવાળા ખેતરમાં સેમને ફળ નહોતાં આવ્યાં. ફળ આવવાની હજુ એક અઠવાડિયાની વાર હતી. ત્યાં સુધી સવારથી માંડીને સાંજ સુધી સિલ અને લોંપી રખેવાળી પર હતા. કિટ્ટી સ્વામી ગૌડા રાજુની સાથે કાલે સાંજે બનાવેલી યોજના મુજબ મધ ભેગું કરવા માટે દોડ્ડનસેના જંગલ તરફ નીકળી પડ્યો હતો.

કિટ્ટીને જંગલમાં ફરવું બહુ ગમતું હતું. સાપ, ચિત્તા અને વાઘથી જરા પણ ભયભીત ન થઈને ઝાડીની વચ્ચેની પગદંડી પર ચાલવું, મધપૂડા શોધતાં આગળ વધવું, પગ નીચેના સૂકાં પાંદડાંના ખડખડાટથી મનોમન ખુશ થવું - બીજું કશું ન જોઈએ કિટ્ટીને. બપોર સુધી જંગલમાં ભરાઈ રહીને અંતે બે-ચાર નાના મધપૂડા ઉતાર્યા. જંગલમાંથી બહાર નીકળતાં નીકળતાં બધાના હાથ-પગમાં ઉઝરડા પડી ગયા હતા. કિટ્ટીનો ઝભ્ભો એક બાજુથી ફાટી ગયો હતો.

તળાવવાળા આંબાવાડિયામાં આંબાના વૃક્ષ પર વાંદરાની રમત શરૂ થઈ. એ સહુમાં કિટ્ટી જ સહુથી નાનો હતો. રાજુ, મુત્તુ, શિવા બધા જ તેનાથી મોટા હતા. જલદી એમની પંકડમાં આવી જવાના ભયથી કિટ્ટી સહુથી ઊંચી પાતળી ડાળી પર જઈને બેઠો. ડાળી ઝૂલી રહી હતી. શિવા એને પકડવા આવ્યો તો કિટ્ટી વધુ ઉપર ચડી ગયો અને ત્યાંથી રાજુ અને મુત્તુ તરફ જોવા લાગ્યો. તેઓ નીચે કૂદયા અને લાકડી પકડી એમ જ બેસી રહ્યા. કિટ્ટીને આ જોઈને ગુસ્સો આવી ગયો. શિવા હવે એને પકડશે જ, એ ડરથી કિટ્ટી ગભરાઈને ડાળીમાંથી પગ કાઢીને નાજુક ડાળ પર કૂદવાનો જ હતો કે ઉપરવાળી જે ડાળી તેણે પકડી રાખી હતી તે તૂટી ગઈ અને તે નીચે પડી ગયો. પડતી વખતે જમણા હાથની કોણીમાં નીચેની પાતળી ડાળી વાગી ગઈ. વૃક્ષ પર બેઠેલા બધા નીચે કૂદી પડ્યા અને તેને ઉપાડીને બેસાડી દીધો. વૃક્ષની નીચેની માટી નરમ હોવાને કારણે કિટ્ટીને જરાય વાગ્યું નહીં. એ તરત જ ઊભો થઈ ગયો. બીજી ક્ષણે જ તેને લાગ્યું કે તેના ડાબા હાથનું હાડકું ખસી ગયું છે. તેને ભયંકર પીડા થવા લાગી. કિટ્ટી જોરથી રડવા લાગ્યો. બધા કિટ્ટીને ઉપાડીને કોઈપણ રીતે ઘરે મૂકી ગયા. કિટ્ટીને બહુ દર્દ થઈ રહ્યું હતું. તે સતત રડી રહ્યો હતો. કમલમ્માને કશું ન સૂઝ્યું. હાડકું તૂટી ગયું હશે એવું વિચારીને કિટ્ટીને ખોળામાં બેસાડી દીધો, અને તેને પંપાળવા લાગી. એવું લાગી રહ્યું હતું કે જરાક હલતા જ જાણે જીવ નીકળી જશે. રડીરડીને થાકી જઈ કિટ્ટી ત્યાં જ સૂઈ ગયો.

સાંજે મામા આવી ગયા. તેમણે હાથ ઊંચો કરીને કોણી જોઈને કહ્યું - 'મચકોડ આવ્યો હશે !' પછી સિલ અને લોંપી બન્નેને ગોવલ્લીના મચકોડ ઉતારનાર બન્દીગૌડાને બોલાવી લાવવા મોકલી દીધા. મામી ખોળામાં બેસાડીને ભાત ખવડાવી રહી હતી કે તે જ વખતે બન્દીગૌડા આવી ગયો. મામાએ તેને બોલાવીને પલંગ પર બેસાડ્યો. જમીને તેણે થોડીક આડી-અવળી વાતો કરી અને વરંડાના થાંભલે ટેકો દઈ બોલ્યો - 'લઈ આવો'. કિટ્ટીએ બન્દીગૌડાનો ચહેરો જ જોયો. અનેકવાર જોયેલો વિચિત્ર ચહેરો ! એક આંખવાળો બન્દીગૌડા. તેલની માલિશ કરીને તેણે અચાનક

(અનુસંધાન પાન ૬૭૫ ઉપર)



પદ્મિની. શ્રીકૃષ્ણલાલ શ્રીધરાણી રચિત એ નામના નાટકોમાંના એ પાત્રનું સોમાલાલે કરેલું ભાવવાહી સુંદર ચિત્ર. સરખાવો એમનું જ કરેલું લગભગ આવું જ અને એમને અત્યંત પ્રિય ચિત્ર 'દેવયાની'.

કલાવાર્તા

સોમાલાલ શાહની કલાસાધના

નટુ પરીખ

તાજેતરમાં કલાકાર સોમાલાલ શાહનું અવસાન થતાં ગુજરાતી કલાગગનના એક તેજસ્વી તારકનો અસ્ત થયો છે. કરિયાણું વેચતા પિતાની દુકાને બેસીને ભણવામા કરતાં ચિત્રો દોરવામાં તે વધુ ખંત દાખવતા. શાળામાં પણ ચિત્રો દોરવાનું વધુ આકર્ષણ. મૅટ્રિક થઈ અમદાવાદ ગુજરાત કૉલેજમાં દાખલ થયા, પણ ચિત્રસાધનની લતે એમના ભણવામાં ભલીવાર આવવા દીધો નહિ. કૉલેજના પ્રથમ વર્ષમાં જ નાપાસ થયા. એ દરમિયાન ચિત્રકાર રવિશંકર રાવળના પરિચયમાં આવ્યા અને જીવનની એક નવી જ દિશાનાં દ્વાર ખૂલી ગયાં. રવિભાઈની પ્રેરણાથી તેઓ મુંબઈની કલાશાળામાં દાખલ થયા, એ પૂર્વે ઉમરેઠમાં ભરાયેલાં કલાપ્રદર્શનમાં તેમને ચિત્રકલામાં રૌપ્યચંદ્રક મળેલો. આમ, ચિત્રમાં અમુક હદે એમનો હાથ તૈયાર કોઈ મુંબઈમાં તેમને બીજા વર્ષમાં સીધો પ્રવેશ મળી ગયો. સ્વ. ડૉ. હરિપ્રસાદ દેસાઈએ તેમની કલાનિષ્ઠા પિછાણી એમને આર્થિક સહાય પણ કરી હતી. મુંબઈની કલાશાળા પાશ્ચાત્ય ઢબે શિક્ષણ આપતી. સોમાભાઈને પૂર્વની ઢબે ચીતરવું ગમતું છતાં અભ્યાસ દરમ્યાન વર્ગશિક્ષક ચુડેકર અને પ્રિન્સિપાલ ધુરંધરની ચાહના મેળવી હતી.

કલા-સાધનાના આ કાળ દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદના કલા પ્રદર્શનમાં એમના 'પ્રભુચરણે' ચિત્ર માટે તેમને સુવર્ણચંદ્રક મળ્યો. ગુજરાતમાં કલા માટેનું વાતાવરણ ઊભું થતું હતું. રવિભાઈ તેના પાયામાં હતા. તેઓ પોતાને ત્યાં ફી લીધા વિના ચિત્રવર્ગો ચલાવતા હતા.

મુંબઈનું શિક્ષણ એમને બહુ ન રુચ્યું. બીજી પણ મુશ્કેલીઓ હતી. શાંતિનિકેતનમાં જવાની પણ ઇચ્છા ખરી. એ જ અરસામાં ગુજરાતમાં વડોદરાના કલાભવનમાં બંગાળી કલાકાર શ્રી પ્રમોદકુમાર ચેટરજી (ચટ્ટોપાધ્યાય) આચાર્ય તરીકે આવેલા. મુંબઈની. કલાશાળાને સલામ કરી સોમાભાઈ ૧૯૨૭માં વડોદરા આવ્યા. ભારતીય કલાના પુનરુત્થાનનો એ કાળ હતો. અવનીન્દ્રનાથ ઠાકુર બંગાળમાં ત્યારે અગ્રિમસ્થાને હતા. સોમાભાઈએ એ વેળાની જલરંગીય 'વૉશ પદ્ધતિ'માં કામ કર્યું. રાજા રવિવર્માનાં વાસ્તવદર્શી ચિત્રોનો ત્યારે લોકોમાં પ્રભાવ હતો. બન્ને શૈલી એક બીજાથી જુદી હતી. આ વૉશ પદ્ધતિની ભારતીય રીતિ લોકોને ત્યારે રુચતી નહોતી.


સોમાભાઈના અભ્યાસકાળના સાથીદાર સ્વ શ્રી કૃષ્ણલાલ ભટ્ટ પણ સારા ચિત્રકાર થયા. તેમણે પ્રસ્તુત જીવન અને આધ્યાત્મ પર ચિત્રો કર્યાં. શ્રી માતાજી પાસે રહી જીવન-સાધના અને કલા સાધના કરવા તેઓ પૉંડિચેરી ચાલ્યા ગયા. જ્યારે સોમાભાઈ શ્રી પ્રમોદબાબુ પાસે દોઢ વર્ષ રહ્યા તેમની કલાદૃષ્ટિ બધુ વિકસી. મન હવે બંગાળ તરફ વળ્યું. તેમણે કલકત્તાની અવનીન્દ્રનાથ ઠાકુરની ઓરીએન્ટલ આર્ટ સોસાયટીમાં પ્રવેશ મેળવ્યો છે. ત્યાં 'ખેડૂત', 'તુલસી ક્યારો', અને 'નવવધૂ' ચિત્ર તૈયાર થયાં. આ ચિત્રો જોઈ અવનીન્દ્રનાથે કહ્યું હવે તમારે અહીં રહેવાની જરૂર નથી. તમારી પીંછીમાં પકવતા આવી ગઈ છે.

ઇ. ૧૯૨૯ની સાલ એ એમના જીવનની મહત્ત્વની તવારીખ. ભાવનગરની 'દક્ષિણામૂર્તિ' સંસ્થા ઊંચા ધ્યેય સર્વાંગીય કેળવણી આપી રહી હતી. તેમાં કલાશિક્ષણ માટે સ્વ. સી નાનાભાઈ ભટ્ટ. એક આદર્શ કલાશિક્ષકની શોધમાં હતાં. કોઈ સુભ સંજોગોમાં એમને શ્રી સોમાભાઈ મળી ગયા. હવે સોમાભાઈ કલાર્થીમાંથી કલાશિક્ષક થયા. એમની અંદરના કલાકારને હવે વિશાળ ક્ષેત્ર મળ્યું. સૌરાષ્ટ્રની ભૂમિનાં નરનારી અને તેનાં વેશ-પરિધાન તેમને માટે સર્જન પ્રેરક બન્યાં. 'છૈયો,' 'ગોવાલણ', 'મીંઢળબંધ' વગેરે અનેક સુંદર ચિત્રો એમણે સર્જ્યાં. 'રંગરેખા' નામે એમનો એક ચિત્રસંપુટ પણે પ્રકટ થયો.

આગળાં જતાં દક્ષિણામૂર્તિ સંસ્થાનું સંકોચન થતાં તેમણે અર્ધ સમયની નોકરી સ્વીકારી ત્યાર બાદ ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં પણ કલાશિક્ષકની નોકરી કરી. ગુજરાતમાં કલાપ્રસારનું કામ રવિભાઈને હાથે થયું તેમ સૌરાષ્ટ્રમાં ભાવનગરમાં સોમાભાઈએ મહત્ત્વનો ફાળો આપ્યો.

ભાવનગરમાં તેમને વિખ્યાત પક્ષીવિદ શ્રી કંચનરાય દેસાઈનો પરિચય





છીએ. સોમાલાલનું એક સુખ્યાત ચિત્ર. સૌરાષ્ટ્રના લોકજીવન અને કૌટુંબિક જીવનનું તો એમણે પોતાનાં આવાં અનેક ચિત્રો દ્વારા દર્શન કરાવ્યું છે એ જ રીતે તાદૃશ કર્યાં છે એમણે ગ્રામજીવનની સુંદરતા, માધુર્ય અને પ્રાકૃતિક સૌંદર્યને. એમનાં સર્જનોમાં સૌરાષ્ટ્રની ભોમકા, ત્યાંના માલધારીઓ, વણઝારા ને આહીરો, ત્યાંનાં પશુપક્ષીઓ અને સરળ સંતોષમય લોકજીવનને એમણે પ્રકટ કર્યાં છે. એમનું આ બીજું (નીચે) ચિત્ર **'ગ્રીષ્મ સૌંદર્ય'** જુઓ. મધ્યાહ્નનું કાવ્યમય રૂપ એમણે એમાં નિરૂપ્યું છે. ધરિત્રીના હૃદયના ધબકાર જેવી ઊંચીનીચી ભોંય પર પર્ણહીન વૃક્ષ ઝાંખરાંની વચ્ચે વહેતી ગાળીમાં, ગાડર-બકરાંને હાંકી જતા ભરવાડ દંપતીનું રૂના પોલ જેવું નાનકડું દૃશ્ય ચૈત્રી મધ્યાહ્નના સોને સ્થેલી ટેકરીઓની ગોદમાં કેવું આહ્લાદક લાગે છે તેનો રસ પીને તેની કટોરી એમણે આપણા માટે ધરી છે. એમનાં ચિત્રોમાં રામાયણ, મહાભારત અને ઋષિકાળ દેખાય છે. આ બધાંનાં રંગનું સૌંદર્ય, નારીદેહનું લાલિત્ય, લયબદ્ધતા ને તેમાંથી પ્રકટતું સૌંદર્ય - કવિતાને જાણે એમણે ચિત્રમાં વહેતી કરી છે. તેમાંથી સંગીત પ્રકટે છે. એમણે જળરંગો જ વાપર્યા છે. અદ્યતન કલાનો એમને વિરોધ નહોતો પણ પોતે સ્વીકારેલો માર્ગ એ કદી ચાતર્યા નથી અને પ્રયોગશીલતા પણ જારી રાખી હતી.





ચરગ : સોમાલાલ શાહનું એક પક્ષીચિત્ર. ચરગ એટલે કે બાજ. હરણ પર પણ ઊતરતો હોવાથી એને 'હારણી ચરગ' પણ કહે છે. સિંધમાં વ્યાપકપણે જોવા મળતા આ બાજ આપણે ત્યાં માત્ર શિયાળામાં સૌરાષ્ટ્રમાં ક્યાંક ક્યાંક જોવામાં આવે છે. પૂછડીમાંની ગોળગોળ ચાંદલાથી એ ઝટ ઓળખાય છે. સોમાલાલે એને ઝીણવટભરી વિગત અને ચીવટથી આલેખ્યો છે. સોમાલાલની આની આવી ચીવટભરી ચિત્રણાથી ગુજરાતને આ પ્રકારના એકમાત્ર પક્ષી-ચિત્રકાર બનાવ્યા છે. (જમણી-બાજુ) આવું જ એમનું એક પ્રાણી આલેખન. આ ચિત્ર તેઓ ક્યાં ક્યાંથી ચિત્રવિષયો ખોળી કાઢતા તેનું એક સુંદર દૃષ્ટાંત છે. પાછલે પગે ઊભી થઈ ડોક લંબાવીને ચારો કરતી બકરીઓની લાક્ષણિકતાને એમણે એમાં સચોટતાથી આલેખી છે. બકરીઓની અંગભંગિ, ડોકની છટા તથા તેમની સાથે તાલ લેતી વૃક્ષના પાંદડાની લીલા સોમાલાલે તેમાં હૃદયંગમ તાદૃશતાથી દર્શાવીને પોતાની અવલોકન અને ચિત્રશક્તિનો પરિચય કરાવ્યો છે.

થયો. સોમાભાઈને તો પક્ષીઓમાં પણ ભારે રસ. એમણે અનેક પક્ષીચિત્રો બનાવ્યાં. લગભગ ૫૦ ચિત્રો ભાવનગર નરેશે ખરીદ્યાં. ગુજરાતનાં પક્ષીચિત્રોનું એક મૂલ્યવાન સર્જન થયું, જેને મુંબઈ રાજ્યનું રૂ. ૨૦૦૦નું ઇનામ મળ્યું. સૌરાષ્ટ્ર અને કચ્છનાં લગભગ ૩૦૦ - જેટલાં પક્ષીઓનો પ્રત્યક્ષ અભ્યાસ કરીને ચિત્રો બનાવ્યાં જે ભાવનગરના કુમાર ધર્મેન્દ્રસિંહજીના 'બર્ડ્ઝ ઑફ સૌરાષ્ટ્ર ઍન્ડ કચ્છ'માં તે પ્રગટ થયાં છે.

શ્રી સોમાભાઈ અમદાવાદના સ્થાનિક કલાકારો અને કલાપ્રવાહ સાથે સતત સંપર્કમાં રહેતી. 'કુમાર' દ્વારા તેમનું કામ સમગ્ર ગુજરાતમાં પરિચિત થઈ ગયું હતું. શ્યામ વર્ણા, ઊંચા, ધીર ગંભીર સોમાભાઈ હવે ગુજરાતના એક કલાકાર અને આદર્શ કલાશિક્ષક બની ચૂક્યા હતા. ગુજરાતે તેમને માન સન્માનથી નવાજ્યા અને તેમણે ગુજરાતને અનેક ચિત્રોથી સમૃદ્ધ કર્યું.

ભાવનગરથી ૧૯૬૨માં તેઓ અમદાવાદ આવેલા અમદાવાદનું કલાવર્તુળ એમનું બન્યું. ૧૯૬૯માં ગુજરાત સરકારે તેમને તામ્રપત્ર અને શાલ સરપાવથી સન્માન્યા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પણ ૧૯૮૮ની ૨૮ માર્ચે એમને





સોમાલાલની સ્કેચબુકોમાં તો એમણે મબલખ ચિત્રનોંધો કરી છે. એ નોંધો તેમજ ભાવિ ચિત્રસર્જનોના ખસરા પણ કેટલા ચોક્કસ છે તે એમના આ ત્રણ સ્કેચ જોતાં સમજાશે અને રેખા પરના એમના કાબૂનો પણ ખ્યાલ આપશે.



સન્માન્યા. ૧૯૮૯માં તેમના જન્મદિને જ રૂપિયા એક લાખનો ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો. ભાવનગર વાસીઓ તો તેમને ભૂલ્યા જ નથી. એમને મન એ ભાવનગરના જ રહ્યા છે. ત્યાં તો તેઓ વખતો વખત સન્માન પામતા રહ્યા હતા. છેલ્લે ૧૯૯૨માં ૧૦મી નવેમ્બરે ભાવનગરમાં તેમના પુત્રવત શિષ્ય ખોડીદાસ પરમારે ગુરુની કલાની મશાલ સતત જલતી રાખી છે.

સાહિત્યસંપર્ક

કે. વી. પુટપ્પા, સ્વ.

કર્ણાટકના મૂર્ધન્ય સાહિત્યકાર કે.વી. પુટપ્પાનું લાંબી માંદગી બાદ તા. ૧૦મી નવેમ્બરે ૯૦ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. ડૉ. કે.વી. પુટપ્પા અર્વાચીન કન્નડ સાહિત્યમાં આગલી હરોળમાં સ્થાન ધરાવતા હતા. કવિતા, નાટક તથા નવલકથા ક્ષેત્રે તેમનું પ્રદાન ધ્યાનાર્હ રહ્યું છે. વિશેષ કરીને તેમની પ્રસિદ્ધિ કન્નડના .કવિઓમાં પ્રથમ કક્ષાના હતી.

કન્નડ ભાષાના મહાન કવિઓમાં સર્વપ્રથમ પમ્પનું નામ લેવું પડે. 'કવિરાજ માર્ગ' અને 'વડ્ડારાધને' ગ્રંથો ગદ્ય-પદ્ય મિશ્રિત ચંપૂકાવ્યનાં કન્નડ કાવ્યક્ષેત્રે સુંદર પ્રમાણો છે. પમ્પ પછી પોન્ન અને રન્ન કવિઓ પૌરાણિક કથાકાવ્યો લઈને આપણી સમક્ષ આવે છે. તે પછી ગદ્ય શૈલીકાર ચાવુંડરાય, નાગ વર્મા, નાગચન્દ્ર, કવયિત્રી કાન્તિ, નવસેન, નાગવર્મા દ્વિતીય, અલ્લમપ્રભુ, બસવેશ્વર, રાઘવાંક, નેમિચન્દ્ર, રુદ્રભટ્ટ, જન્ન, આંડય્ય, કુમારવ્યાસ, ચામરસ, નિજગુણ, શિવયોગી, સર્વદી, પુરંદરદાસ કનકદાસ, જગન્નાથદાસ, કુમાર વાલ્મીકિ, લક્ષ્મીશ, રત્નાકાવર્ણિ અને પડક્ષરદેવ સુધીના કન્નડ સાહિત્યકારો કન્નડ સાહિત્યના પ્રાચીનકાળથી મધ્યકાળ સુધીના અર્થાત્ ઇ.સ. ૨૦૦ના સમયથી ગણી શકાય.

દક્ષિણ ભારતની મુખ્ય ભાષા કન્નડ છે જે તેનાં આરંભકાળથી જ ભારતીય પ્રવાહો સાથે પરોવાયેલી રહી છે. કર્ણાટક રાજ્યની મુખ્ય ભાષા કન્નડ, છે. કર્ણાટકવાસીઓ માટે 'કરુણાડરાન' શબ્દ પ્રયોજવામાં આવે છે. તેમ જ કર્ણાટક 'કર્નાડુ' યા 'કમ્મિતુનાડુ'નું સંસ્કૃત સ્વરૂપ છે. 'કર્નાડુ' એટલે કાળી ભૂમિનો પ્રદેશ અને કમ્મિનાડુ એટલે પુષ્પો તથા સુખડની સુગંધનો પ્રદેશ, સંસ્કૃત સ્વરૂપ છે. 'કર્નાડુ' એટલે કાળી ભૂમિનો પ્રદેશ અને કમ્મિતુનાડુ એટલે પુષ્પો તથા સુખડની સુગંધનો પ્રદેશ.

અર્વાચીન કન્નડ સાહિત્યનો સમય ૧૯મી સદીના ત્રીજા દાયકાથી ગણવામાં આવે છે. તેમ જ અન્ય ભારતીય ભાષાઓની જેમ કન્નડ ભાષામાં પણ અર્વાચીન સાહિત્યનો વિકાસ અંગ્રેજી શિક્ષણ અને નવી વિચારપદ્ધતિના પ્રભાવને કારણે થયો. કન્નડ કાવ્યક્ષેત્રે નવી કવિતાનો આરંભ અનુવાદો અને રૂપાંતરોના સ્વરૂપમાં થયો. સ્વાભાવિક છે કે અનુવાદ માટે પણ સર્જકતાનો ગુણ હોય તો જ અનુવાદ શક્ય બને વસ્તુતઃ આ પ્રકારે કન્નડમાં ઊર્મિકાવ્યોની પરંપરા શરૂ થઈ. પરંતુ ગરિમા કે અસ્મિતા તો કન્નડ ભૂમિના સંસ્પર્શવાળી જ.

કન્નડની અર્વાચીન કવિતામાં ઊર્મિની ઉત્કટતા સવિશેષ જોવા મળે છે. બી.એમ. શ્રીકંઠપ્પા, ગોવિંદ પાઈ, ડી.વી. ગુંડપ્પા, માસ્તિ વેંકટેશ આયંગર, (શ્રીનિવાસ), દિવાકર, સાલિ, ડી.આર. બેન્દ્રે, કૃષ્ણશર્મા બેતગેરી, ચૈનમલ્લ હળસન્ગી, વી. સીતારામપ્પા, કે.વી. પુટપ્પા (કુવેમ્પુ), પીટી. નરસિંહા, આર., જી.પી. રાજરત્નમ, રસિકરંગ, તેમ જ ડી.એસ. કર્કી વગેરેને કન્નડ કવિતાના અર્વાચીન કવિતા ક્ષેત્રના ખ્યાતનામ કર્ણધારો કહી શકાય.

ડૉ. કે.વી. પુટપ્પાએ શરીરી વિદાય લીધી છે. કુવેમ્પુ હિન્દીના કવિ પંતજીની જેમ નૈસર્ગિક ચિત્રો માટે જાણીતા હતા. સ્વાભાવિક છે કે તેઓ મલનાડની ગોદમાં જન્મ્યા હતા. આ કવિએ પ્રાચીન તથા અર્વાચીન ખ્યાતનામ કવિઓ પાસેથી પ્રેરણા મેળવેલી. ખાસ કરીને વિગત કન્નડ કવિઓમાં જે કંઈ ઉત્તમ હતું તે આ કવિએ આત્મસાત કરેલું. પ્રકૃતિપ્રેમ અને ઈશ્વરપ્રેમ આ બંને તત્ત્વો આ કવિની કવિતામાં મુખ્ય ભાવો. રહ્યા છે. તેમની એક ઋતુકાળની અભિવ્યક્તિ જોઈએ.

એક ફૂલ પરથી બીજા ફૂલ પર નૃત્ય કરતા અને મધુપાન કરતા ભ્રમરો ગાતાં ગાતાં બધાંને નિમંત્રે છે. આવો, આ રહી વસંત.

'શિયાળાની ઠંડી પીછેહઠ કરી રહી છે અને ફૂલોથી લચેલી લતાઓ પર મદમસ્ત ભ્રમરો મુક્તાત્માઓની જેમ ગુંજારવ કરી રહ્યા છે, કોયલ કૂજન કરે છે, શુક કિલકારી કરે છે, આ રહી વસંત !'

હા, તેમની કેટલીક રચનાઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રકારે અન્ય કવિઓના સ્વરો સંભળાય છે. તેમ જ 'બ્રાઉનિંગના 'Peid Piper of Hamelin કાવ્ય આધારિત છતાં મૌલિક કહી શકાય એવી 'કિંદર જોગી' જેવાં કાવ્યરૂપાંતરો પણ જોવા મળે છે.

કવિ કુવેમ્પુ સ્વયં પ્રકૃતિની ગોદમાં ઉછરેલા હોવાથી તેમની કવિતામાંકલ્પના સામર્થ્ય, ગહન દર્શન તેમજ સીધી પ્રાકૃતિક રમણીયતા વારે વારે પ્રકટ થાય છે. જોકે ક્યારેક તે અતિશયોક્તિનું રૂપ પણ ધારણ કરે છે.

'શ્રી રામાયણદર્શનમ્' મહાકાવ્ય કુવેમ્પુની પ્રતિભાનું ઉત્તમ પ્રમાણ છે. આમાં વાલ્મીકિ રામાયણની પૂર્ણ અસર પ્રત્યક્ષ થાય છે. ચાર ખંડોમાં વિભક્ત 'શ્રી રામાયણદર્શનમ્' ૨૩૦૦૦ પંક્તિઓનું છે. જોકે આમાં અર્વાચીન યુગની અભિવ્યક્તિ પણ પરોક્ષ પ્રકારે જોવા મળી છે. કન્નડ સાહિત્યમાં જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર પાંચ સાહિત્યકારોમાં ડૉ. કે.વી. પુટપ્પા, 'કુવેમ્પુ' પહેલા હતા. (૧૯૬૭) તેમના પછી ડૉ. ડી.આર. બેન્દ્રે (૧૯૭૩), ડૉ. કે. શિવરામ કારંથ (૧૯૭૭), મસ્તી વેંકટેશ આયંગર (૧૯૮૩) અને વી.કે. ગોકાકને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવેલા. ડૉ. કે.વી. પુટપ્પા 'કુવેમ્પુ'ને ભારત સરકારે 'ચંપૂ કવિ' તથા 'કર્ણાટક રત્ન'ના ઇલકાબોથી નવાજેલા.

આ કન્નડ કવિએ પોતાના સર્જનમાં

પ્રમુખસ્થાન માનવતાવાદને તથા સરહદ રહિત વિશ્વની હિમાયત કરી હતી. 'આ રહી વસંત' કહેનાર કવિ સાચે જ પરલોકની વસંતમાં ક્યાંક નવીન નિયંત્રણો બક્ષતા હશે જ ! તેમને સર્વ વતી હૃદયાંજલિ.

ભારતની પ્રાચીન ભાષા સંસ્કૃતમાં સંસ્કૃતિનો મૂલ્યવાન વારસો જેમ સચવાયો છે તેમ સંસ્કૃત પછી પ્રાચીનતાના ક્રમમાં તમિલ અને કન્નડ ભાષાઓ આવે છે. સાહિત્ય અને ભાષાની દૃષ્ટિએ સંસ્કૃતની અસર આ ભાષાઓમાં સવિશેષ જોવા મળે છે. આથી આ દૃષ્ટિએ પણ કન્નડ સાહિત્યકારોમાં ડૉ. કે.વી. પુટપ્પા પણ કવિ પમ્પની જેમ કહેતા કે 'આખી માનવજાતિ વાસ્તવમાં એક છે.' આમ, આવાં શાશ્વત સત્યો ઉચ્ચારનાર અને સાહિત્ય દ્વારા તેને સ્થાપિત કરનારા કે.વી. પુટપ્પા 'કુવેમ્પુ'ની અભિવ્યક્તિને આપણે પણ સાર્થક કરી શકીએ એ જ સાચી અંજલિ હોઈ શકે. **– રજનીકાંત જોશી**

('જનસત્તા'માંથી ટૂંકાવીને)

અવલોકન

ભૂંસાઈ રહેલી જીવનરેખાનું પુનરાખ્યાન

'જેણે કદી પલળેલો ખોરાક ખાધો નથી, જેઓ હંમેશા હાથ અને મોં દાઝે તેટલો ગરમ ખોરાક પામ્યા છે અને જેને ખાતા પહેલાં દસ મિનિટથી વધુ રાહ જોવી નથી પડી. તેમને આ આકાશમાંથી વરસેલા ભોજનનો સ્વાદ ક્યારેય સમજાવાનો નથી.

ચારે બાજુ પાણી વચ્ચે ઘેરાયેલા ભગ્ન મકાનની અગાસી પર મુરઝાયેલા ચહેરા અને રુક્ષ વાળવાળાં બાળકો અને અમે જે ખાઈ રહ્યા છીએ તેનાથી મળતી તૃપ્તિના અનુભવ તેના રાંધનારને પણ પહોંચે તેવું ઇચ્છું છું.

આ સૂમસામ, નિર્જન સ્થાનથી સુદૂર પોતપોતાના સંસારમાં વ્યસ્ત હે નગરવાસિનીઓ, મારા હાથમાં આવેલું આ અન્ન તમારામાંથી કોણે બનાવ્યું છે તે હું નથી જાણતો, પણ પૂરા આદરથી તેનો સ્વીકાર કરું છું. કદાચ કોઈએ નહીં ખાધું હોય એટલા પ્રેમથી અમે તે આરોગીએ છીએ. તમે ક્યાં છો ? કોણ છો ? તે અમે નથી જાણતા. જાણીએ છીએ માત્ર એટલું કે તમે છો ત્યાં સુધી આ પૃથ્વી પર જીવવાનું કારણ રહેવાનું છે.'' ('સમુદ્રાન્તિકે'*- પૃ. ૧૮૭)

જળ-પ્રલયમાં સપડાયેલાં બાળકો લગી ફુડપૅકેટ્સ પહોંચાડનારા અને તેને રાંધનારી જગન્નપૂર્ણાઓ પરત્વેનો ઋણબોધ જેમાં પ્રગટ થયા છે તે ઉપર્યુક્ત અવતરણ 'સમુદ્રાન્તિકે'*ના નાયકની સ્વગતોક્તિ છે. આ કથાકૃતિને એના સર્જકે ભલે લખાણ (gujarati writing) કહીને ઓળખાવી હોય પરંતુ હાડથી તે નવલકથા છે. તે તાજગીપૂર્ણ વિષયવસ્તુ અને રસાળ નિરૂપણ-શૈલી વડે, છેલ્લા કેટલાક સમયમાં પ્રકાશિત થયેલી, લપટા પડી ગયેલા પ્રેમ-નિરૂપણના ઓબ્સેસનથી ઘેરાયેલી ગુજરાતી નવલકથામાં અલગ તરી આવતી વિશિષ્ટ નવલકથા છે.

કથામાં, અલબત્ત, અત્યંત સીમિત ફલક પર પણ પૂરી આત્મીયતાપૂર્વક એક નિતાંત અસ્પૃષ્ટ અને નિરાળા પ્રદેશનાં એવાં જ નિરાળાં માનવીઓની વાત, તે લગીરેય અપ્રાસંગિક-અપ્રતીકર ન અનુભવાય એ રીતે મુકાઈ છે. કથા-લેખકે મનની મોજથી, સૌરાષ્ટ્રના દક્ષિણ સાગરતટ અને કંઠારના કારમા પ્રદેશની કરેલી યાત્રા દરમ્યાન તેમને, માનવી અને એનાં અડોલ-અબોલ ભાંડુરું સમાં ધરતી, વૃક્ષ, પશુ-પંખી અને અસીમ સાગરની સાક્ષીએ લાધેલા જીવન-અનુભવો અહીં કથારૂપ પામ્યા છે.

કથાનાયક એન્જિનિઅર છે, સૂચિત પ્રદેશમાં રસાયણ ક્ષેત્ર ઊભું કરવાથી ત્યાંનાં લોકો, પશુ-પંખી અને પ્રકૃતિ ઉપર શી શી વિપરીત અસરો જન્મવાની શક્યતા છે અને તેનું નિવારણ શી રીતે થઈ શકે એ અંગેનું સર્વેક્ષણ કરીને અહેવાલ રજૂ કરવા માટે સરકારી નિયુક્તિ પર તે પોતાની મહાનગરીય સંસ્કૃતિથી ઉતરડાઈને આ પહેલી નજરે ખાવા ધાતા પ્રદેશમાં રહેવા આવ્યો છે. સૂચિત કામગીરી દરમ્યાન કથાના દેશકાળમાં વસનારાંની પ્રકૃતિનો સમ્યક્ પરિચય અને તથાકથિત ઔદ્યોગિક વિકાસલક્ષી સુખાકારી લાભવાનાં દિવાસ્વપ્નોથી થનારા પ્રાકૃતિક નુકસાનનો અંદાજ લાધતા તે પ્રકૃતિથી સંસ્કૃતિ સુધની વિકાસયાત્રામાં મનુષ્યે શી શી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે - આ વિશે ભ્રમનિરસિત થઈ અંદરબહાર પરિવર્તન પામે છે.

કથાનાયક ઉપરાંત હાદા ભટ્ટની પૌત્રવધૂ અવલલક્ષ્મી એ આ કથાનું અલપઝલપ દેખાઈને રહસ્યગર્ભ બની રહેતું કેન્દ્રવર્તી ચરિત્ર છે. સર્જકે વાચકને તેનો પ્રથમ પરિચય એ રીતે કરાવ્યો છે કે નવલકથાના અંત સુધી એ ચરિત્ર વિશે વાચકની સર્જકતા પણ સક્રિય રહે. કથાનાયકની રોજિંદી જિન્દગી પર, તેની ઇચ્છા- અનિચ્છા જ નહીં, વિરોધનીય પરવા કર્યા વિના, અવલનો પ્રભાવ વિસ્તરતો રહ્યો છે. અને એમ થતાં, કથાનાયક જીવનને ખુલ્લા દિલે સ્વીકારવાની કળા આત્મસાત્ કરે છે. કથાનાયકના સમગ્ર સંવિત્‌માં આવું મૂલગામી પરિવર્તન થાય એવા સર્જકના પ્રપંચમાં અવલને, દૂધરાજ (પંખી) ઊડતો જોવાને તલસતા નૂરાખભાઈ, ચરાચર પ્રકૃતિ સાથે જેના અંતરતારનું સંધાન થયું છે તેવા બંગાળી સાધુ, માત્ર કુદરતને ખોળે માથું મૂકી - ભરુંસો રાખીને નિર્જન સાગરકાંઠે માતાજીનું સ્થાનક બાંધીને રહેલી વિદેશી સંન્યાસિની, ઓછાબોલો પણ જીવનનેમ પૂરી કરવા કાળજાતૂટ મજૂરીમાં મળી રહેનારા સબૂર, ગોપા આતાની વાતોમાંથી પ્રત્યક્ષ થતા હાદા ભટ્ટ અને જીવનની ઢળતી સાંજે પણ સાગરસ્નાન

કરવા આવેલાં ભાભુ-જેવાં પાત્રોની સહાય મળે છે અને એ સૌનાં સંપર્કથી કથાનાયક પશુ-પંખી અને વૃક્ષો માટેનો લગાવ, પાણી, પવન, ધરતી, આકાશ અને અગ્નિ જેવાં પંચમહાભૂત તત્ત્વો સાથેનું હૃદયાનુસંધાન, જગત-નિયંતા પરત્વેની અતૂટ શ્રદ્ધા, અને અથક શ્રમનિષ્ઠા તથા ટેકીલાપણું - જેવાં જીવનમૂલ્યોની દીક્ષા પામે છે.

કથમાં ભાવ અને ભાષાનો એવો દુગ્ધશર્કરાયોગ રચાયો છે કે કેટલાક કથાંશોમાંથી ફરી ફરી પસાર થવું ગમે છે. નૂરાભાઈની આ ઉક્તિ : 'પેલવેલું જીંડવું કોળ્યું તંયે થ્યું કે હવે ખુદાને ક'વા થાય એવું કામ થયું.'' - આ નવલકથામાં એના સર્જકે શું તાક્યું છે અને શું તાગ્યું છે એનો રમણીય સંકેત નથી રચતી ?

- રમેશ ર. દવે

(*લે. ધ્રુવ ભટ્ટ, હર્ષ પ્રકાશન, પૃ. ૧૯૮, પ્રથમ આવૃત્તિ ૧૯૯૩, રૂ. ૪૨)

પ્રાપ્ત પ્રકાશનો

લોકમિલાપ ટ્રસ્ટનાં ત્રણ પ્રકાશનો

અંગ્રેજી ભણતા વિદ્યાર્થીઓ તેમ જ ઓછું અંગ્રેજી ભણેલાઓને લક્ષમાં રાખીને તેમને અંગ્રેજીના વાચન અને કવિતામાં રસ લેતા કરવાના ઉદ્દેશથી શ્રી મહેન્દ્ર મેઘાણીએ Hundred Poems નામે એક નાનકડું સરસ પ્રકાશન કર્યું છે. વીસમી સદી પહેલાં જન્મેલા યુરોપીઅન અને અમેરિકન કવિઓનાં કુલ એક સો કાવ્યો તેમણે આ સંગ્રહમાં સમાવ્યાં છે. રોચક અને બોધક હોવા સાથે સહેજે કંઠસ્થ થઈ જાય તેવી સરળ આ રચનાઓ છે. વાચકને આ પછીના વધુ વિકસિત કાવ્ય-સાહિત્યમાં વધુ રસ પ્રેરાય તેવું આ પ્રકાશન છે. (કદ ક્રાઉન, પૃ.૧૦૦, કિંમત ૨૦ રૂપિયા.)

આવી જ રીતે 'કાવ્યકોડિયાં' અને 'કાવ્યકણિકા'નાં પ્રકાશનો પછી 'કવિતાનો ચટકો લગાડવા'ના એક વધુ પ્રયાસ રૂપે 'કનક- રજ કવિતાની' નામે એક નવી શ્રેણી પણ લોકમિલાપે શરૂ કરી છે. તેમાંની એક પુસ્તિકામાં કવિ શ્રી ઉમાશંકર જોશીની જીવન ક્રમિકા અને ટૂંક પરિચય, એમનાં કેટલાંક પુસ્તકોની યાદી, સરળ લિપિસુધાર વિષેનાં કેટલાંક સૂચનોનાં થોડાં પૃષ્ઠો પછી ૭૨ પાનામાં શ્રી મહેન્દ્ર મેઘાણીએ કવિના સમગ્ર કાવ્યસર્જનમાંથી સામાન્ય વાચકને પણ પ્રથમ વાચને સ્પર્શી જાય તેવી ૨૨૫ જેટલી કડીઓમાં લગભગ ૧૨૦૦ કાવ્ય પંક્તિઓનું સુંદર સંકલન કર્યું છે.

૧૦.૫ × ૧૪ સે.મી.ના કદનો અને સાત રૂપિયાની કિંમતનો આ ગુટકો કવિ ઉમાશંકર જોશી અને તેમના કાવ્યસર્જનનો અચ્છો ખ્યાલ આપી રહેતો હોઈ કાવ્યરસિકોએ સંઘરવાલાયક બની રહેશે.

આવોજ બીજો ગુટકો છે શ્રી ઝવેરચંદ મેઘાણીની કાવ્યરચનાઓનો, જેમાં શ્રી મહેન્દ્ર મેઘાણીએ વેણીનાં ફૂલ, કિલ્લોલ, યુગવંદના, એકતારો અને રવીન્દ્રવીણામાં પ્રકટ થયેલી શ્રી ઝવેરચંદ મેઘાણીની કાવ્યરચનાઓમાંથી (૯૯ પૃષ્ઠોમાં) સુંદર સંકલન કર્યું છે. (કિંમત ૧૦ રૂપિયા) પ્રકાશક : લોકમિલાપ ટ્રસ્ટ, પો. બૉ. ૨૩ (સરદાર નગર) ભાવનગર-૩૬૪ ૦૦૧

પરિચય પુસ્તિકાઓ :

વાચકોને વિધવિધ ક્ષેત્રોના અદ્યતન જ્ઞાનથી સંપન્ન બનાવતી 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ'થી આપણે સૌ વાચકો હવે તો સારી પેઠે પરિચિત થઈ ગયાં છીએ. વિદ્યાર્થીઓથી માંડી જે તે વિષયના અભ્યાસીઓ અને અન્ય વ્યવસાયીઓ સાથે સૌને માટે ઉપયોગી બની રહે તેવી આ પુસ્તિકાઓમાં તાજેતરમાં ત્રણ નવી (નં. ૮૪૪, ૮૪૫, ૮૪૬) પુસ્તિકાઓ ઉમેરાઈ છે. તેમાંની :


૧. અંગ્રેજી મહાકાવ્ય પૅરેડાઈઝ લૉસ્ટ : અંગ્રેજી જેવી સમૃદ્ધ ભાષામાં આ એક માત્ર મહાકાવ્ય છે. પૅરેડાઈઝ લૉસ્ટ એટલે કે સ્વર્ગમાંથી પતન એ ઈશ્વરાદેશનો ભંગ કરવા બદલ સ્વર્ગમાંથી હાંકી કઢાતાં આદમ અને ઈવની કથા છે, પણ તેના સર્જક કવિ મિલ્ટને તેના ત્રિલોકને આવરી લેતાં ૧૨ પર્વમાં જે વિસ્તૃત કથા આલેખી છે તેનો સાર, એની રચનાનાં છંદ અને શૈલી, એની પાત્રસૃષ્ટિ, કાવ્યનાં પ્રેરક બળો સુંદર પરિચય ડૉ. દુષ્યંત પંડ્યાએ ૩૨ પાનાંની આ પુસ્તિકામાં કરાવ્યો છે.

૨. ભારતના રાષ્ટ્રપતિઓ : લેખક રાજેન્દ્ર દવે. આપણો દેશ લોકશાહીને વરેલો હોઈ તેના સર્વોચ્ચ રાષ્ટ્રપતિપદને માટે નક્કી થયેલી ચાર લાયકાતો ધરાવતો કોઈપણ ભારતીય નાગરિક ઉમેદવારી કરી શકે છે. એ ચાર લાયકાતો સાથે રાષ્ટ્રપતિની ચૂંટણી અને તે કોણ કરે, રાષ્ટ્રપતિને મળતા લાભ, તેની સત્તાઓનો ખ્યાલ આપવા સાથે અત્યાર સુધીના ૯ ભૂતપૂર્વ અને વર્તમાન રાષ્ટ્રપતિનો પરિચય આપતી માહિતીપ્રદ પુસ્તિકા.

૩. એચ. એમ. પટેલ : લેખક શ્રી દિલાવરસિંહ જાડેજાએ આપણા આ બહુવિધ ક્ષમતા ધરાવતા ગુજરાતને ગૌરવરૂપ વ્યક્તિ વિશેષનો અને તેમની સિદ્ધિઓનો વિગતે આપેલો પરિચય.

ઍકવેરિયમ : કવિ ડૉ. સુરેશ દલાલનતી ૯૩ જેટલી કાવ્યકૃતિઓનો સંગ્રહ (ડિમાઈ પૃષ્ઠ ૧૧૨, કિં. રૂ. ૫૫.)

ઝાંખી : નાટ્ય અને સાહિત્યના ક્ષેત્રે મહારાષ્ટ્રમાં ઘણું સારું ખેડાણ થયું છે, તેના વિકાસ અને વહેણનો બહુ અચ્છો પરિચય આપવા સાથે તે ક્ષેત્રના વ્યક્તિવિશેષનો પણ પરિચય કરાવતા આ પુસ્તકમાં નાટ્યક્ષેત્રને લગતા ૨૧ અને સાહિત્યને લગતા ૩૪ લેખો મહારાષ્ટ્રની આ બંને ક્ષેત્રોમાં થયેલી ગતિ-પ્રગતિની જે ઝાંખી કરાવે છે તે આપણી ગુજરાતની આ બંને ક્ષેત્રની ગતિવિધિઓ સાથે એક તુલના કરવા પ્રેરે છે. જેમના નામથી પરિચિત છતાં એમના વિષે કે એમના કાર્ય યા સર્જન વિષે આપણે અલ્પપરિચિત' હોઈએ એવા અનેક વ્યક્તિવિશેષોની આ પુસ્તક અચ્છી માહિતી આપે છે. નાટ્ય અને સાહિત્યના રસિયામાં



અધખુલ્લી આંખો મહીં મંડપ રચીને આજ પણ,
ચાંદ-તારા સંગ હું ખેલી લઉં છું રાસમાં !
જાળવીને ચાલવાની ટેવ પાડી દો હવે,
કોક ઘર બાંધી રહ્યું છે પગ તળે આ ઘાસમાં !
- સતીન દેસાઈ ('મુંખોમુખ'માંથી)

જીવનમાં મૂલ્યવાન શું ?

મન મુંઝાયેલું હતું. દિશા સૂઝતી ન હતી. અકથ્ય નિરાશા અને ગ્લાનિના એ દિવસો હતા. એવામાં ન્યૂ યૉર્કમાં જ એક નિકટના સ્નેહીના મૃત્યુના સમાચાર મળ્યા. પિસ્તાળીશની આસપાસની એમની વય, સારી એવી સિદ્ધિ અને સંપત્તિ એમણે પ્રાપ્ત કરેલી. ઉજ્જવળ ભાવિ એમની સમક્ષ સ્મિત કરતું ઊભું હતું ત્યાં તો અચાનક મૃત્યુએ એમના ઉપર છાયો માર્યો ! સ્નેહીજનના અકાળ મૃત્યુની આ ઘટનાએ મારા વિષાદને વધુ ગાઢ અને તીવ્ર બનાવ્યો. મન ઉદાસ હોય છે ત્યારે હું પુસ્તકનો સહારો લઉં છું.

એપ્રિલ માસ ચાલતો હતો. દિવ્યાએ આવીને કહ્યું : 'મમ્મી, ચલ લાઈબ્રેરીમાં જઈએ. મારે ચોપડીઓ પાછી આપવાની છે. ચોપડીઓ પાછી આપીશું અને તને ગમે તે ચોપડીઓ લેતાં આવીશું.' લાઈબ્રેરીમાં પુસ્તકો જોયાં. બેત્રણ પસંદ કર્યાં.

'વૉટ રિયલી ઈઝ વર્થવાઈલ'- મૂલ્યવાન શું છે ? એ છે તો એક નાનકડું પાતળું પુસ્તક. એ લખાયું ૧૮૮૩ના વર્ષમાં. એનાં લેખિકા હતાં એન્ના રૉબર્ટસન બ્રાઉન. આશ્ચર્યની વાત એ છે કે આ પુસ્તક - 'વૉટ રિયલી ઈઝ વર્થવાઈલ'નો અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે, એવું જ નહિ પણ ૬૭ વર્ષ સુધી આ પુસ્તક છપાતું રહ્યું અને એની ૭૩ આવૃત્તિઓ થઈ ! આપણને સહેજે એમ થાય છે કે એટલું બધું તે આ પુસ્તકમાં શું છે કે આટલી લોકપ્રિયતા એને મળી ? ઈ.સ. ૧૮૮૦નો દાયકો ઊર્મિશીલ દાયકો હતો. એ દાયકામાં લખાયેલાં પુસ્તકનું સો વર્ષ પછી કેટલું મૂલ્ય ? ૧૯૯૦ના રૂક્ષ અને તાર્કિકતાના આ દાયકામાં આ પુસ્તક કેટલું પ્રસ્તુત હોઈ શકે ? પણ છે જ. એક સૈકા પહેલાં લખાયેલા પુસ્તકમાં આજે પણ સનાતન પ્રશ્નોના ઉત્તરમાં સત્યનો રણકાર છે.

'વૉટ રિયલી ઈઝ વર્થવાઈલ' - આ નાના પાતળા પુસ્તકનાં લેખિકા અન્ના રોબર્ટસ બ્રાઉન અંગ્રેજી વિષયમાં અમેરિકાની પેન્સિલ્વેનિયા વિદ્યાપીઠમાંથી પીએચ.ડી. પ્રાપ્ત કરનાર પ્રથમ મહિલા હતાં. એમણે ઇંગ્લન્ડ અને ફ્રાન્સમાં અભ્યાસ કરેલો ! સો વર્ષ પહેલાંના એ જમાનામાં કોઈ સ્ત્રી માટે આટલું ઉચ્ચ શિક્ષણ લેવું સહેલું કે સરળ તો નહોતું જ. અન્નાએ ક્રાંતિ કરી બતાવી એમ જ કહી શકાય. એમના પિતા પાદરી હતા.



આસ્વાન ડૅમ બંધાતાં નાઈલના જળમાં ઇજિપ્તના અનેક પ્રાચીન અવશેષો ડૂબમાં ઢંકાઈ ગયા. આમાંના અબુ સિમ્બોલના ભવ્ય અવશેષોને તો સ્થળાંતર કરાવીને બચાવી પણ લેવાયા. એ એક દુનિયાભરમાં ખ્યાત બનેલું ઇજનેરી સાહસ હતું. આ ચિત્રમાં દેખાતો સ્ફિંક્સ પણ એવો જ કોઈ ભવ્ય પ્રાચીન અવશેષ લાગે છે, નાઈલની કંઠારે એ પાણી અને કંઠારની રેતીમાં અર્ધ ડૂબેલો-દટાએલો દેખાય છે. પણ એની ભવ્યતા કે કદનો ખ્યાલ ચિત્રમાં જમણી બાજુ ઉપરના ખૂણામાં દેખાતા માણસના પગની સાથે તુલના કરતાં આવી શકે. સદીઓ જૂનો આ અવશેષ આસ્વાન ડૅમથી લગભગ ૯૭ માઈલ દૂર નાઈલને કાંઠે રામસિસ બીજાએ બંધાવેલ કોઈ મંદિરનો ભાગ છે. આવા ત્યાં દસેક સ્ફિંક્સ હતા જેમાંના છ માનવ-મુખવાળા હતા અને ત્રણના ચહેરા બાજ પક્ષી જેવા હતા. આ બધાનાં મસ્તક ઉપર બેવડા મુકુટવાળા હતા અને સિંહ દેવતા-'અસ સેબુઆ' નામથી ઓળખાતા. નદી કાંઠે અર્ધ દટાએલો આ સ્ફિંક્સ બાજના મુખવાળો છે અને તેના બે પગ વચ્ચે રામસિસ બીજાની પ્રતિમા છે. એના દટાએલા ભાગ સહિત તેની ઊંચાઈ ૩.૫ મીટર છે. કદાચ હવે તો એ (અને આવા બીજા સ્ફિંક્સ પણ) પાણીમાં ડૂબી ગયા હશે.

૧૮૮૬માં અન્ના બ્રાઉને ડૉ. સેમ્યુઅલ મેક્કુને લીન્ડસે સાથે લગ્ન કર્યાં. આ ડૉ. લીન્ડસે પછી એક ખ્યાતનામ સમાજશાસ્ત્રી તરીકે પંકાયલા. અન્નાએ દુનિયાભરનો પ્રવાસ કરેલો. તેઓ હંમેશ કહેતા : 'હું તો આજીવન વિદ્યાર્થિની છું. જ્ઞાનની ખોજમાં સતત રહું છું. મારો પ્રયાસ છે સર્જનહારની આ સૃષ્ટિના અંતિમ નિયમો જાણવાનો.' અન્નાને ત્રણ સંતાનો થયાં, અને ૮૪ વર્ષના સુદીર્ઘ જીવનમાં એમણે ૩૪ પુસ્તકો લખ્યાં.

આ નાનકડા પુસ્તકનો સંક્ષેપ વેલી ન્યૂઝ-'Valley News'માં નવેમ્બર ૧૯૯૩માં પ્રગટ થયો. સંક્ષેપકાર છે નાર્ડી રીડર કેમ્પીઅન (Nardi Reeder Campion)

અન્ના લખે છે : 'Only one life to live. એક જ જિંદગી જીવવાની હોય છે. આપણે બધા એનો જેટલો થાય તેટલો ઉપયોગ કરવા માંગીએ છીએ. આપણી જે કંઈ શક્તિ અને તાકાત હોય છે તેનાથી જીવનમાં વધુમાં વધુ કેવી રીતે પામી શકીએ ? અને પામવા જેવું શું ? વૉટ રિયલી ઇઝ ? મારે મારી જાતને જે પ્રશ્ન પૂછવાને હતો તે આ જ હતો.

'સંભવ છે કે આપણા સમગ્ર જીવન ઉપર આપણો કાબૂ કે પકડ ન રહી શકે' અન્ના કહે છે, 'પરંતુ જીવનોપયોગી અને મહત્ત્વનું શું? આપણે કશાય નુકસાન વગર શું જતું કરી શકીએ ? એ વિચારવું રહ્યું.'

અને પછી અન્ના કહે છે : 'જે આપણે આપણી સાથે શાશ્વત જીવનમાં લઈ નહિ જઈ શકીએ તે બધું જ આપણે જતું કરીએ ! આ નિયમને એ પોતાના સુવર્ણ માપદંડ તરીકે રાખે છે અને એનાથી પોતાનાં મૂલ્યોનું મૂલ્યાંકન કરે છે અને કેટલાક નિયમો પ્રસ્થાપિત કરતાં કહે છે, 'આપણે આપણા જીવનને ભારથી લાદી દેવું ન હોય તો આ ચાર વસ્તુ કરવા જેવી છે :

(૧) દંભ-ડોળ કે દેખાડો કરવાનું છોડી દો : દંભ છોડી દઈએ - બનાવટ કરવાનું અને ખોટાં મહોરાં પહેરી જીવવાનું છોડી દઈએ તો મન કેટલું હળવું થઈ જાય !

(૨) ચિંતા છોડી દો : ચિંતા કરવી એ અનાધ્યાત્મિક છે. એમાં ટૂંકી દૃષ્ટિ રહેલી છે. ચિંતા કરવી એનો અર્થ એ થયો કે નાની સ્થૂલ અને નજીવી બાબતોને ખોટી અગત્યત આપવી અને એ નાની નિરર્થક વાતોને વધારે મૂલ્યવાન બનાવવી ! આપણી ચિંતા ઘણી વખત કાલ્પનિક નથી હોતી ? દુઃખ આવતાં પહેલાં - કદાચ આમ થશે તો - એવો વિચાર કરી નાહકના આપણે દુઃખી નથી થતા ? નાની શી હરકતને-અડચણને કે અભાવને આપણે મહત્ત્વ આપી મનના શાંત જળને વલોવી નાખીએ છીએ.

(૩) અસંતોષને જવા દો : માણસનો સ્વભાવ છે કે જે નથી તેને માટે એ ઝંખે છે. પોતાની પાસે જે છે તેનો વિચાર કરવાને બદલે બીજાની પાસે શું છે તે જ એ સતત જુએ છે. મનમાં સતત અસંતોષનો અગ્નિ જલતો હોય તો સુખ ક્યાંથી સાંપડે ? શાંતિ ક્યાંથી મળે ? જીવનનો આનંદ ક્યાંથી આવે ? એટલે જ અન્ના રૉબર્ટસન બ્રાઉન કહે છે, 'જે આપણી સમક્ષ ઊભું હોય - ગોઠવાયેલું હોય તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરો.' નથી તેનો વિચાર કરવાને બદલે તમારી પાસે છે તેનો કરો અને તેને કામે લગાડો.

(૪) સ્વાર્થનો વિચાર પડતો મૂકો : 'જે શાશ્વત જીવન છે તેમાં લોભને કોઈ સ્થાન નથી. એમાં તમને 'મારું' અને 'તમારું' સાંભળવા નહિ મળે. બધી જ વસ્તુઓ સૌની છે !'

એટલી વાત કર્યા પછી યુવાન અન્ના સિક્કાની બીજી બાજુ તપાસે છે. જીવનમાં એવું શું શું છે જે આપણે સંભાળવું જોઈએ, જે આપણે રાખવું જોઈએ અને ઉપયોગમાં લેવું જોઈએ ? તેઓ કહે છે કે જીવનનાં આઠ મૂલ્યો એવાં છે કે આપણાં જીવનને ઊર્ધ્વગામી અને ગતિશીલ બનાવી શકે તેમ છે :

(૧) સમયનો ઉપયોગ શાણપણથી કરો. આપણી જિંદગી કેટલી લાંબી છે એ પ્રશ્ન નથી. આપણી પાસે કેટલો સમય છે એ સવાલ નથી. પ્રશ્ન એ છે કે આપણે એ સમયનું શું કરીશું ? જન્મની ક્ષણથી મૃત્યુની ક્ષણ સુધીનો જે સમયખંડ આપણને મળે છે તેનું આપણે શું કરીશું એ વિચારવાનું છે અને એનો સદુપયોગ કરવાનો છે.

(૨) તમારા કાર્યનું મહત્ત્વ સમજો. કામ જરૂર મહત્ત્વનું છે પણ ગમે તે પ્રકારનું કામ નહિ ! કામ નક્કી કરતી વખતે તમારી જાતને પૂછો, 'આ કામ અગત્યનું અને પાયાનું છે ? એ કામ મારા ચારિત્રનું ઘડતર કરી મજબૂત બનાવે તેવું છે ? દુનિયાને કોઈ રીતે મદદરૂપ થાય તેવું છે ? કાર્ય કરતી વખતે તમારી જાતને તમારે આ પૂછવાનું છે.'

(૩) પ્રત્યેક દિને સુખને સોધો. સુખી થવા ઝંખો. કારણ તો સહેલું છે. આજે જો તમને સુખ નહિ લાગે તો તમે ક્યારેય સુખી થવાના નથી ! આ ઉપરાંત ધીરજ રાખો. નિઃસ્વાર્થ બનો. દૃઢ થાવ અને ઉત્સાહપૂર્વક સંપૂર્ણ તાકાતથી કામ કરો, અને એ જો તમે કૃતજ્ઞ હૃદયથી કરશો તો તમે જરૂર સુખી થશો. આ ધરતી પર માણસને જેટલું સુખ મળી શકે તેટલું તો તમને જરૂર મળશે !

(૪) પ્રેમનું હૃદયપૂર્વક જતન કરો; લાલનપાલન કરો. સાચો પ્રેમ ક્યારેય દોષ કાઢતો નથી. એ તો વિશ્વાસ રાખે છે. પ્રેમ એ કોઈ અધિકાર નથી. પ્રેમને બાંધી કે જકડી રાખવાનો ન હોય. એ શાશ્વત છે.

(૫) તમારી મહત્ત્વાકાંક્ષાને સંયમમાં રાખો. મહત્ત્વાકાંક્ષા ઉમદા ધ્યેય માટે હોય અને નાના સ્વાર્થ માટેની પણ હોય. આપણે આપણી મહત્ત્વાકાંક્ષાને અમુક હદમાં-સીમામાં રાખીએ. જીવનમાં મહત્ત્વાકાંક્ષાનું પણ પ્રમાણભાન જરૂરી છે. લેખિકાએ આ કેટલી મોટી વાત કરી છે ! ઘણી વખત માણસ મહત્ત્વાકાંક્ષા પાછળ ગાંડો થઈ દોટ મૂકે છે અને અંતે નિરાશ અને નિષ્ફળ થઈ પાછો ફરે છે. મહાન વિજેતાઓ પણ પોતાની મહત્ત્વાકાંક્ષાને સંયમિત ન રાખવાને કારણે વિનાશ પામ્યા છે. મહત્ત્વાકાંક્ષાનું જીવનમાં પ્રમાણભાન રાખવું આવશ્યક છે.

(૬) મૈત્રીને હૃદયથી આવકારો. સાચા મિત્ર થવા માટે મહાન આત્મા જોઈએ ! એટલું જ નહિ પણ મૈત્રી માટે માણસે ઘણું ભૂલવું જોઈએ. મૈત્રી ક્ષમાશીલતા માંગે છે-મૈત્રી માટે ધીરજ જોઈએ. સાચો મિત્ર મેળવવા સાચા મિત્ર બનવું પડે તો જ મૈત્રીનું અમૃત સાંપડે.

(૭) આપણે દુઃખથી ડરીએ છીએ. લેખિકા કહે છે, 'દુઃખથી ડરો નહિ ! જીવનમાં નિરાશા અનિવાર્ય છે. ક્યારેક ને ક્યારેક નિરાશા મળવાની જ. દુઃખ આપણા પ્રારબ્ધમાં લખાયેલું છે પણ આપણને દુઃખ એટલે નથી મળ્યું કે આપણે વિલાપ કરીએ. દુઃખ આપણને મળ્યું છે કે જેથી એની અનુભૂતિ પછી, એ સહન કર્યા પછી, અને એ વિષે કલ્પાંત કર્યા પછી આપણે પ્રેમને સમજી શકીએ. દુખાગ્નિમાંથી તવાઈને-તપીને શુદ્ધસ્વરૂપે આપણે બહાર નીકળી શકીએ.'

(૮) વિશ્વાસને-શ્રદ્ધાને હૃદયમાં જાળવી રાખો. પરમ કૃપાળુ પરમાત્માની કરુણામાં દૃઢ સૌમ્ય અને અટલ વિશ્વાસ જ આપણને આ ક્ષણભંગુર દુન્યવી જીવનના અંત સુધી નિર્ભયતાથી દોરી જશે. આ જીવનના અંત સુધી મૃત્યુ સુધી જ નહિ પણ શાશ્વત જીવનનાં દ્વારા સુધી એ આપણને દોરી જશે. આ વિશ્વાસ અને અચલ શ્રદ્ધા આપણને આપણું જીવન સુંદર અને સક્ષમ રીતે જીવવા માટે સહાયરૂપ થશે.

એવા કેટલાક માણસો હોય છે જે મૃત્યુને એક સ્વાભાવિક અને કુદરતી ગતિ તરીકે સ્વીકારે છે, કારણ કે તેઓ માને છે કે જીવનને અર્થ છે. અન્ના રોબર્ટસ બ્રાઉનને વાંચ્યા પછી મારું છિન્નભિન્ન થયેલું મન થોડુંક સ્વસ્થ બન્યું.

જીવનને સાર્થક અને મૂલ્યવાન કેવી રીતે બનાવવું એ સરળ રીતે કહેતું આ નાનકડું પુસ્તક સાચે જ મૂલ્યવાન છે. એક સદી પછી એટલું જ પ્રેરક રહ્યું છે.

- જયવતી કાજી ('નવનીત સમર્પણ'માંથી)

સૃષ્ટિના આરંભની કાળગણના

આદિ મહર્ષિઓએ 'સંપાતબિંદુ'ના ૨૭ નક્ષત્રોમાં પરિભ્રમણના કાળની સૂક્ષ્મ ગણના કરેલી છે અને તે વાયુપુરાણ પૂર્વાર્ધ અ.૩૨ શ્લોક ૩૧-૩૨માંથી મળી આવે છે.

विक्रमस्य पदान्यस्य पूर्वोक्तान्येकसप्ततिः ।
तानि भन्वन्तराणीह परिवृत्तयुगकमात् ॥
एकं पदं परिक्रम्य पदानामेकसप्ततिः ।
यदा कालः प्रकमते तदा मन्वन्तरक्षयः ॥

'સૂર્યના વિશિષ્ટ ક્રમણના પૂર્વે કહેલાં ૭૧ પગલાં જ્યારે પૂર્ણ થાય છે ત્યારે યુગોનું પરિવર્તન પણ સંપૂર્ણ થાય છે. આ ક્રમથી મન્વંતરોની ગણના કરવામાં આવે છે. એક પગલું પરિક્રમણા કરીને કાળ જ્યારે ૭૧ પગલાં પૂરાં પરિક્રમણ કરે છે ત્યારે મન્વંતર (ક્ષય) પૂર્ણ થાય છે.

વેદમાં સંવત્સરને પ્રજાપતિ કહે છે અને તેની મુખ્ય તેત્રીસ દેવોમાં ગણના કરી છે. તેથી કાળનું એક પગલું એટલે ૩૬૦ "માનવ વર્ષો"નો એક "દિવ્ય સંવત્સર" આવાં ૭૧ પગલાંના ૩૬૦ x ૭૧ = ૨૫,૫૬૦ માનવવર્ષ થાય. આ સમયમાં ૨૭ નક્ષત્રોમાં "સંપાતબિંદુ"નું પરિભ્રમણ પૂર્ણ થાય છે.

"સંપાતબિંદુ"ની ગતિના સંબંધમાં પાશ્ચાત્ય જ્યોતિર્વિદો આ ગતિ x પ્રતિ વર્ષ ૫૦ વિકલાની જણાવે છે ત્યારે બીજા કેટલાક ૫૦.૧, ૫૦.૨ અને ૫૦.૨૨ વિકલા ગણે છે. પ્રસિદ્ધ જ્યોતિર્વિદો આર્યભટ્ટ અને પારાશરે આ ગતિ અનુક્રમે ૪૬.૩ વિકલા અને ૪૬.૫ વિકલાની નિર્ણિત કરી છે. જ્યોતિષશાસ્ત્રના પ્રાચીન ગ્રંથોમાં તે પ્રતિ વર્ષ ૫૪ વિકલાની માનેલી છે.

જુદાં જુદાં નક્ષત્રોમાં 'સંપાતબિંદુ'ને પરિભ્રમણ થતાં અનેક પ્રકારનાં ગુરુત્વાકર્ષણને લીધે "સંપાતગતિ"માં વધઘટ થાય તે સંભવિત છે, તેથી મહર્ષિઓએ ૨૭ નક્ષત્રોમાં થતા પરિભ્રમણનો એકંદર સમય ગણીને "દિવ્ય વર્ષો"માં ઉલ્લેખ કરેલો છે.

કાળનિર્ણય કરવામાં 'યુગ' શબ્દ ઘણો મહત્વનો છે. સંવત્સરથી એટલે વર્ષથી અધિક અને મન્વંતરથી ન્યૂન એવા ચક્રવત્ પુનઃ પુનઃ પરિવર્તનશીલ કોઈપણ સમયને 'યુગ' કહેવામાં આવે છે. પુરાણોમાં પાંચ 'માનવવર્ષ'ના સમયને પણ 'યુગ' કહેલો છે. તૈત્તિરીય આરણ્યકમાં 'સંપાતબિંદુ' જેટલો સમય એક નક્ષત્રમાં રહે એટલા સમયને 'યુગ' કહ્યો છે. આ ધોરણે ૩૬૦ 'માનવ વર્ષ'ના એક 'દિવ્યવર્ષ'ને પણ યુગ કહી શકાય. વળી આરણ્યકોમાં ૧૨૦૦૦ 'દિવ્યવર્ષ' ના સમયને 'મહાયુગ' કહ્યો છે. આપણે ૩૬૦ 'માનવ વર્ષ'ના એક 'દિવ્યવર્ષ'ને દિવ્યયુગ કહીશું અને એક 'નક્ષત્ર સંપાત'ના કાળને જ નક્ષત્ર યુગ ગણીએ તે મુજબ નીચેના કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે 'કાળ ગણના' કરી શકાય છે.

કાળગણના

૬૦ ઘડી = ૧અહોરાત્ર (રાત-દિવસ)

૩૬૦ અહોરાત્ર = ૧ માનવ વર્ષ

૬૦ માનવ વર્ષ = ૧ દિવ્ય વર્ષ અથવા દિવ્યયુગ.

૭૧ દિવ્ય યુગ = ૧ મન્વન્તર = ૨૫,૫૬૦ માનવ વર્ષ.

૧૦૦૦ દિવ્યયુગ = ૧૪ મન્વન્તર = ૧ પ્રજાપતિનો (પૃથ્વીની સર્જનશક્તિનો) દિવસ = ૩,૫૭,૮૪૦ માનવ વર્ષ.

૧૦૦૦ દિવ્યયુગ = ૧ પ્રજાપતિની રાત્રિ = ૩,૫૭,૮૪૦ માનવવર્ષ.

૧ પ્રજાપતિનો અહોરાત્ર = ૭૧, ૫૬,૮૦ માનવ વર્ષ.

૧૦૦ અહોરાત્ર = ૧ પ્રજાપતિનું વર્ષ = ૭,૧૫,૬૮,૦૦૦ માનવ વર્ષ.

આદ્ય ૨૫ પ્રજાપતિનાં વર્ષ = પ્રજાપતિનો - સર્જનશક્તિનો - તપશ્ચર્યાકાળ.

બીજાં ૨૫ પ્રજાપિતનાં વર્ષ = પૃથ્વીનો વર્ષાગ્રકાળ અર્થાત્ પૃથ્વી

ઉપર જીવસૃષ્ટિનો આરંભ કાળ = ૧,૭૮,૯૨,૦૦,૦૦૦ માનવવર્ષ.
ત્રીજાં ૨૫ પ્રજાપતિનાં વર્ષ = વર્તમાન માનવસૃષ્ટિનો કાળ.
ચોથાં ૨૫ પ્રજાપિતનાં વર્ષ = ક્રમે ક્રમે સર્વ સૃષ્ટિનો લયકાળ.
પ્રજાપતિનાં ૧૦૦ વર્ષ = ૭,૧૫,૬૮,૦૦,૦૦૦ માનવ વર્ષ.

પૃથ્વી ઉપર જીવસૃષ્ટિના આરંભનું વર્ણાગ્ર વાયુપુરાણપૂર્વાર્ધ અ. ૩૦, શ્લોક ૧૫-૧૬માં નીચે પ્રમાણે આપેલું છે અને તે અતિપ્રાચીન સમયમાં પ્રચલિત કાળગણનાની પરંપરા દ્વારા ઊતરી આવેલું હોય એમ જણાય છે.

એક અબજ ઇકોત્તેર કરોડ બાણું લાખ માનવ વર્ષ સ્વાયંભુવ મનુપર્યંત થઈ ગયા છે.

આપણા જ્યોતિપશાસ્ત્ર પ્રમાણે પ્રજાપતિનાં ૫૦ વર્ષ પૂર્ણ થયાં છે અને ૫૧મું વર્ષ શરૂ થઈ ગયું છે. ઉપરના કાળગણના કોષ્ટકમાં જણાવ્યા મુજબ પ્રજાપિતનાં (પૃથ્વીની સર્જનશક્તિનાં) પ્રથમ ૨૫ વર્ષ તપશ્ચર્યામાં ગયાં છે અર્થાત્ તેટલો સમય પૃથ્વી તપ્ત વાયુના રૂપમાં રહી અને તેની ઉપર કેટલેક સ્થળે જમીનનાં પડ બંધાવા લાગ્યાં અને કેટલેક સ્થળે જળનો સંચય થવા લાગ્યો. તેથી પ્રજાપતિનાં બીજા ૨૫ વર્ષના આરંભથી અર્થાત્ વાયુપુરાણમાં જણાવેલાં એક અબજ ઇકોત્તેર કરોડ બાણું લાખ વર્ષો પૂર્વે આ પૃથ્વી ઉપર જીવસૃષ્ટિનો આરંભ થયો એમ નિશ્ચિત કહી શકાય.

છંદોગ્ય ઉપનિષદમાં પણ પ્રથમ સત્ હતુ તેણે તેજ સર્જ્યું. તેજથી જળ ઉત્પન્ન થયું અને જળમાંથી અન્ન અર્થાત્ ફળદ્રુપ જમીન ઉત્પન્ન થઈ એમ સૃષ્ટિક્રમમાં કહ્યું છે.

પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રીઓ માને છે કે, આજથી આશરે દોઢ અબજ વર્ષો પહેલાં પૃથ્વી ઉપર ખડકો બંધાવાની શરૂઆત થઈ હતી અને ત્યાર પછી ૬૦ કરોડ વર્ષ પછી જીવસૃષ્ટિનો આરંભ થયો. આ પ્રમાણે આપણી કાળગણના સાથે પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રીઓના નિર્ણયોનો સુમેળ થઈ શકે છે.

વર્તમાન માનવસૃષ્ટિનો આરંભ પ્રજાપતિના (પૃથ્વીના સર્જનશક્તિના) ૫૧મા વર્ષથી થયો છે. તેમાં છ મન્વન્તરો થઈ ગયા છે. સાતમો વૈવસ્વત મન્વન્તર ચાલે છે. એક મન્વન્તરનાં ૧૫૩,૩૬૦ માનવવર્ષ થાય. તેમાં વૈવસ્વત મન્વન્તર ૮૪૦૦ વર્ષ ઉમેરતા એકંદર ૧૬૧, ૭૬૦ વર્ષ આવે છે. તેથી વર્તમાન માનવસૃષ્ટિનો આરંભ અર્થાત્ સ્વયં ભૂબ્રહ્મા, સ્વાયંભુવ મનુ અને સપ્તર્ષિઓની ઉત્પત્તિ એક લાખ એકસઠ હજાર સાતસો સાઠ વર્ષો ઉપર થયેલી એમ આપણે નિર્ણય કરી શકીએ છીએ.

પાશ્ચાત્ય ભૂસ્તરશાસ્ત્રીઓ પૃથ્વી ઉપર મનુષ્યનું અસ્તિત્વ આશરે છેલ્લાં ત્રણ લાખ વર્ષોના તબક્કામાં થયું એમ માને છે. તેથી છેલ્લાં પોણા બે લાખ વર્ષો ઉપર વર્તમાન માનવસૃષ્ટિનો આરંભ માનવામાં આવે છે.

જણાવેલ કાળગણનાના કોષ્ટક પ્રમાણે આ માનવસૃષ્ટિ પ્રજાપતિનાં ત્રીજા ૨૫ વર્ષ સુધી ચાલશે અને ચોથા ૨૫ વર્ષમાં ક્રમે ક્રમે તેનો લય થશે અને પૃથ્વી ઠંડી પડી જશે એવું અનુમાન કરી શકાય છે. (ઉદ્ધત)

- મોહનભાઈ આર. માછી

અરડૂસી

શહેરો અને ગામડામાં અરડૂસીને નાનાંમોટાં સૌ ઓળખતા હોય છે. આંગણામાં, વાડામાં, વાડીએ, બગીચામાં અરડૂસીના છોડ મોટે ભાગે સર્વત્ર ઉછેરવામાં આવે છે. ચોમાસામાં અરડૂસીનો કેવળ ટુકડો વાવી દેવાથી સરળતાથી તે ઉગી નીકળે છે. તે કડવી હોવાથી તેને સાચવ-વામાં તકલીફ પડતી નતી. થોડા પાણીથી પણ તે ઉછરી જાય છે.

દવા તરીકે અરડૂસીનાં પાન વધુ ઉપયોગી છે અને મોટે ભાગે તેનાં લીલાં પાનનો રસ તાજો જ લેવરાવવામાં આવે છે. અરડૂસીનું પ્રચલિત સંસ્કૃત નામ 'વાસા' હોવાથી તેને વાસા સ્વરસ કહી શકાય. લીલી વાસા મેળવવી શક્ય ન હોય ત્યાં તેનાં પાન સૂકવીને તેનું વાસા ચૂર્ણ વાપરવામાં આવે છે. તેને 'વાસાઘનવટી' કહે છે. તેની ટીકડી ને 'વાસાસિરપ' બજારમાં મળે છે. ખાંડમાં બનાવેલું સિરપ રક્તપિત્ત (બ્લીડિંગ)માં અકસીર છે. જ્યારે મધમાં બનાવેલું સિરપ કફજન્ય રોગમાં શરદી, શ્વાસ, ઉધરસ, સ્વરભેદ વગેરેમાં વપરાય છે. વાસામાંથી 'વાસાવલેહ'નામનું ચાટણ તૈયાર કરવામાં આવે તે પણ એકબે વર્ષ સુધી ન બગડતું હોવાથી અને નાનાં-મોટાંને ચાટવામાં માફક આવતું હોવાથી તે ઉપરોક્ત બધા રોગોમાં ખાસ વપરાય છે.

વાસાયાં વિદ્યમાનાયાં, આશાયાં જીવિતસ્ય ચ
રક્તપિત્તી ક્ષયીકાસી, કિર્થં અવસિદસિ ?

વૈદ્યજીવન નામના ગ્રંથના આ પ્રખ્યાત શ્લોકનો અર્થ છે, 'હે રક્તપિત્ત (બ્લડિંગ), ક્ષય, અને ઉધરસના દરદીઓ ! જ્યાં સુધી જગતમાં વાસા (અરડૂસી) વિદ્યમાન છે ત્યાં સુધી તમે શા માટે મૂંઝાવ છો ?' - શા માટે ચિંતા કરો છો ?

આનો અર્થ એ થયો કે રક્તપિત્ત, ક્ષય અને ઉધરસના દરદીએ અરડૂસીનો મનમૂકીને ઉપયોગ કરવો. તે આ બધા રોગોનું ઉત્તમ ઔષધ છે.

મારા 'દિવ્ય ઔષધિ રડતી !' નામના ગીતની એક કડી અહીં મૂકવાનું પણ મન થાય છે.

'લાખ્ખો ક્ષય કે રક્તપિત્ત યા ઉધરસમાં પીડાતા જ્યાં અરડૂસીના ત્યાં જ છોડવા નિર્દય થઈ ખોદાતાં કાં ?

પરદેશી ઔષધના યોગે, પ્રજા રોગમાં સડતી !
આ દિવ્ય ઔષધિ રડતી !'

ક્ષયના દરદમાં આખાંને આખાં ફેફસાં સડી ગયાં હોય તેને પુનર્જીવિત કરવાનું કામ અરડૂસીએ કર્યું હોવાના ઘણા દાખલા છે. ક્ષયના દરદમાં જ્યારે ગળફામાં લોહી પડતું હોય ત્યારે અરડૂસી તેના માટે અમૃત સમાન છે.

ક્ષયનો ક્ષય કરનારી છેક
દુનિયામાં બસ, બકરી એક

ક્ષયનું ઉત્તમ ઔષધ બકરીનું દૂધ, બકરીના દૂધમાંથી બનાવેલ માખણ-ઘી વગેરે હોવાથી ક્ષયના દરદીએ ઘેર સારી તંદુરસ્ત બકરી રાખી તેને ચારામાં અરડૂસીનાં પાન ખવરાવવાં, જેથી અરડૂસી અને બકરીનું દૂધ બંને ઉત્તમ ઔષધોનો લાભ સહજ રીતે મળે.

સૂકી-વાયુવાળી ઉધસસના દરદીએ અરડૂસીનો એકલો ઠંડો રસ પીવાને બદલે ગરમ કરી તેમાં આદું, લીલી હળદર, તુલસી ભેળવવા વધુ હિતાવહ છે. કારણ કે અરડૂસી ગુણમાં ઠંડી અને લૂખી હોવાથી વાયુનો પ્રકોપ કરી ઉધરસને ઊલટાની વધારી શકે. કફ-પિત્તની ઉધરસમાં તાજો એકલો જ અરડૂસીનો રસ લઈ શકાય. અરડૂસી ગરમ નથી તે લુખી હોવાથી કફના રોગોને મટાડે છે ગરમ હોવાનો લોકોમાં વ્યાપક વહેમ છે.

નસકોરી ફૂટતી હોય તે દરદી નાકમાં અરડૂસીના રસનાં ટીપાં નાખે તો તુરત રાહત થાય છે. તેમાં કેવળ અરડૂસીનો તાજો ઠંડો રસ પીવો તે અકસીર છે. શરીરમાં ક્યાંયથી લોહી નીકળતું હોય ત્યારે અરડૂસીનો તાજો રસ તુરત પીવાથી અવશ્ય ફાયદો થશે જ. – વૈદ્ય શોભન (ગુજરાત સમાચાર)

અનુસંધાન] **કથાસરિત્સાગર** [પૃષ્ઠ ૬૮૩ પરથી

૩. કેટલીક વાર કોઈ એક ભાષામાં હોય એવા જ અર્થવાળા બીજીમાં ન જ મળે ! એવો એક શબ્દ અહીં આવ્યો 'વૃષસ્યન્તી', સંભોગોત્સુકા. આ શબ્દને કારણે આ પંક્તિના અનુવાદમાં અનુવાદકોએ મનમાની કરી છે !
એક કાળે સંસ્કૃત અને પ્રાકૃત બંને ભાષાઓ જોડાજોડ બોલાતી. ભારતીયો કાયમ દ્વિભાષી રહ્યા છે. એટલે અહલ્યા પ્રાકૃતમાં બોલે એ સહજ જ છે. છતાં અહીં તો આ દ્વિભાષિત્વનો આશરો એણે છળ માટે જ લીધો. પ્રાકૃતમાં માર્જાર (બિલાડા) માટેનો શબ્દ 'મજ્જાર'. એને સંસ્કૃતમાં છોડવા જતાં 'મત્' એટલે 'મારો' વત્તા 'જાર' એટલે 'યાર' એમ પણ થાય. અહીં શ્લેષનો પ્રયોગ સત્યને ઢાંકવા થયો. પણ ઋષિ કેવા કાબેલ !

૫. અહીં 'શિલાભાવ'ની વાત છે, 'પથ્થર થઈ જજે' એવી વાત નથી. મૂળ રામાયણમાં તો 'શિલાભાવ' પણ નથી. લોકકલ્પનાને અહલ્યા-શલ્યાના અંત્યાનુપ્રાસે પણ પ્રેરી હશે. આ 'શિલા'વાળી વાત પણ ૧૦મી સદી પહેલાં જ શરૂ થઈ ચૂકી છે તે અહીં સ્પષ્ટ બને છે. મૂળમાં ન હોય એવું એવું ઉમેરાયાથી લોકકથાઓ કેવી બહુમુખી ને બહુરૂપી બને છે !!

૬. મૂળમાં 'વિધિસિદ્ધ' શબ્દ છે. 'વિધિ'નો એક અર્થ થાય 'practice' - વ્યવહાર. □

અનુસંધાન] **પસ્તીનાં પાના** [પૃષ્ઠ ૬૭૬ પરથી

સરકાર હઠી ગઈ અને જવાહરે જયપ્રકાશને સરકારમાં જોડાવાનું આમંત્રણ આપ્યું. પણ જે.પી. સત્તાના પ્રલોભનમાં ન પડ્યા અને બહાર રહી વિનોબા સાથે સર્વોદયની પ્રવૃત્તિ કરી.

છેલ્લે ગુજરાતમાં 'નવનિર્માણ'નું સ્વયંભૂ યુવા-આન્દોલન ઊભું થયું ત્યારે તે અમદાવાદ આવ્યા હતા. આઠ દિવસ અહીં રહ્યા અને જે રીતે યુવકો રાજસત્તા સામે માથું ઊંચકે છે તે જોઈને ખુશ થયા. બિહાર જઈ ત્યાંના યુવકોને આવું આન્દોલન કરવા પ્રેર્યા. ગુજરાતના સ્વયંભૂ આન્દોલનથી ચીમનભાઈની સરકાર ગઈ. જે.પી.નાં બિહાર-આન્દોલનથી છેવટે દિલ્હીની સરકાર ગઈ. પણ ઇન્દિરાની જેલમાં જે.પી.ની કિડની ખરાબ થઈ. અને કોઈ દરકાર લેવાઈ નહિ ત્યારે છેવટે ડાયાલિસીસની માયામાં જ તેમનું અવસાન થયું.

અનુસંધાન] **ઈતિહાસધારા** [પૃષ્ઠ ૬૭૭ પરથી

વખાણ સાંભળી મોટી રકમે તેની મા પાસેથી તેને ખરીદી લીધી અને તેને 'ઇમ્તિયાઝમહલ'ની ઉપાધિ આપી, રાજ્યવહીવટનો બધો ભાર વઝીર ઝુલ્ફીકારખાં પર નાખી પોતાનો બધો વખત લાલકુંવર સાથે જ ગાળવા લાગ્યો.

જહાંદારશાહની ડઝનેક જેટલી બેગમોમાં એક અનુપબાઈ નામે રજપૂતાણી હતી. સરદાર જયસિંહ પાંચહજારીની એ પુત્રી લાલકુંવરથી તંગ આવીને એક વાર તે અને જહાંદારશાહ બંને નશામાં ચકચૂર હતાં ત્યાં એકાએક નાગી તલવારે ધસી ગઈ.

નશામાં ચકચૂર જહાંદારશાહે તેનું રૌદ્ર રૂપ જોઈ પૂછ્યું 'શી વાત છે ?' 'વાત એટલી જ છે કે આ કસબણને તમે મહેલમાંથી હાંકી કાઢો.'

જહાંદારશાહે તેમ કરવાનું વચન આપતાં અનુપબાઈ બોલી : 'મને આપના વચન પર વિશ્વાસ નથી. હું એનાં નાકકાન કાપી એને એવી બદસુરત બનાવી દેવા માગું છું કે આપને ફરી એના તરફ નજર સુધ્ધાં કરવાનું મન ન થાય.'

અને અનુપબાઈએ લાલકુંવરને ચોટલે ઝાલી, જહાંદારશાહ વચ્ચે પડતાં તેને એક બાજુ હડસેલી, તેનું નાક વાઢી નાખ્યું.

લાલકુંવર માટે આ પછી મહેલમાં રહેવું અશક્ય બનતાં તે શરમની મારી મહેલ છોડી ગઈ.

વ્હાલું પણ પછી નવ ગમે, હદ પાર જો જાય;
વાળ મૂછનો પણ જો વધે, કાતરથી કતરાય.

અમેરિકાના એક વખતના પ્રમુખ ટ્રુમેનની આ વાત છે. લગભગ ૩૯ વર્ષની વયે ભાગીદારીના એક ધંધામાં ભારે ખોટ જતાં એઓ નાદારીને આરે આવીને ઊભા રહ્યા. એક અંગત મિત્રને ફોનથી એમણે મદદ માટે બોલાવ્યો. એમણે કહ્યું, 'મારે તમારી પાસેથી મોટી રકમ નથી જોઈતી. તમારી સહાનુભૂતિની જરૂર છે. તમે આવીને મારા લેણદારોની સભામાં કહેશો કે આ ભાઈ બધાનું જ લહેણું ચૂકવી આપશે, એવો મને વિશ્વાસ છે. કારણ કે હું એમને બરાબર ઓળખું છું. તમારી પ્રતિષ્ઠાથી સહુ એ માની જશે.' મિત્રે કહ્યું, 'દેવું ઘણું મોટું છે. માટે નાદારી જ નોંધાવી દો.' ટ્રુમેને જણાવ્યું, 'એ તો ના બને.' અને એમણે પ્રામાણિકપણે મહેનત કરી લગભગ બે દાયકામાં પોતાનું બધું જ લહેણું ચૂકતે કરી આપ્યું.

અંગ્રેજોએ ઈ.સ. ૧૭૭૦માં કાગળની નોટનું ચલણ પ્રચલિત કર્યું અને તે નોટ 'હિન્દુસ્તાન બૅન્ક' બ્રિટનમાં છપાતી હતી.

અમેરિકામાં કચરામાંથી જ દર વર્ષે ૨૦ હજાર ટન કાગળ, ૩ હજાર ટન લોખંડ, ૬ હજાર ટન પ્લાસ્ટિક અને ૭૦ હજાર ટન રસાયણ બનાવાય છે. જ્યારે આપણે ત્યાં એકલા મુંબઈમાં એક સો ઘરમાંથી જેટલો કચરો નીકળે છે, તેટલો કચરો અમેરિકામાંથી ૧૦ ઘરમાંથી નીકળે છે. જો આ કચરાનો આપણે યોગ્ય ઉપયોગ કરીએ તો ?

કપડાં પર ચા-કૉફીના ડાઘ પડ્યા હોય તો ઊકળતું ગરમ પાણી તે ડાઘ ઉપર ૩-૪ ફૂટ ઊંચેથી રેડો અને ત્યાર પછી સાબુથી સાફ કરો. આમ છતાંય જો ડાઘ રહી જાય તો હાઈડ્રોજન પૅરૉક્સાઈડનો ઉપયોગ કરી જુઓ. રેશમી કે ગરમ કપડાં પરના આવા ડાઘ પર ગરમ ગ્લિસરીન અડધો કલાક લગાવ્યા પછી તેને ધોઈ જુઓ.

હાલ દિલ્હીમાં નાની-મોટી મળીને ૭૨ આર્ટ ગૅલેરીઓ આવેલી છે !

જાણો છો કે જેમ કોઈ બે માણસના હાથની રેખાઓ સરખી હોતી નથી તેમ કોઈ બે ઝીબ્રાના શરીર પરના પટા સરખા હોતા નથી !

ઘીમાં બનાવેલું ગાજરનું શાક દહીં સાથે ખાવાથી હરસના રોગમાં રાહત થઈ શકે છે.

આંધ્રપ્રદેશના એક ગામમાં ભાસ્કર રાજુ નામના એક માણસે પોતાના ખેતરમાં ચૌદ ઇંચ લાંબાં કેળાં ઉગાડેલાં છે !

૧૯૩૩માં એક બાઈબલ વીસ લાખ રૂપિયામાં વેચાયું હતું.!

વાસણમાં કેરોસીનની ગંધ બેસી ગઈ હોય તો કપૂર નાખેલા ગરમ પાણીથી તેને પ્રથમ સાફ કર્યા બાદ સોડાના પાણીથી ફરી ધોઈ નાખો.

હાથીનું હૃદય એક મિનિટમાં ૨૫ વાર ધબકે છે જ્યારે ઊંદરનું હૃદય એક મિનિટમાં ૭૦૦ વાર ધબકે છે !

માછલીની ચામડી પરનાં કુંડાળાંની સંખ્યા પરથી તેની ઉંમર ગણી શકાય છે.

આજે જેની સર્વત્ર બોલબાલા છે તે ટેલિવિઝનના શોધક જ્હૉન બાયર્ડ હતા તે જાણો છો ?

એક જણે બીજાને પૂછ્યું, 'તું માત્ર તારી જાત સાથે જ વાતો કેમ કર્યા કરે છે ?'

પેલાએ જવાબ આપ્યો, 'બે કારણો છે : એક તો હું સારા માણસ સાથે જ વાત કરવા માગું છું અને બીજું, માત્ર સારા માણસની જ વાત સાંભળું છું.'

ઑસ્ટ્રેલિયાના બેરેન હેમર પર્ગસ્ટોલે અગિયાર ભાષામાં ત્રણસો પુસ્તકો લખ્યાં છે !

યુરોપમાં સૌથી પ્રથમ છાપું ભીંતપત્રના રૂપે શરૂ થયું ગણાય. જુલિયસ સિઝરે સેનેટનું કામકાજ, સમાચારો, બનાવો તેમજ ઈતર માહિતી રોમના મુખ્ય ચોકમાં આવેલા 'ઍક્ટા ડુમા' (Acta Diuma) નામના સફેદ પાટિયા પર લખવાનો હુકમ કરેલો અને આ કામ ત્રણ સદી સુધી ચાલુ રહ્યું હતું.

હૈદરાબાદના છઠ્ઠા નિઝામ શેહજાદા મીર બહબૂબ અલીખાને પોતાના જીવન દરમિયાન એકવાર પહેરેલું વસ્ત્ર ફરી કદી પહેર્યું નહોતું.

મિલરન-પેન્સીલ્વેનિયાના જેરાલ્ડ અને હેઝલ વિલિયમ્સે એક જ છોડ ઉપર સૂર્યમુખીનાં ૫૬ પુષ્પો ઉગાડેલાં !

"યુ.એસ.એ. ટુડે" નામનું દૈનિક લખે છે : "અમેરિકાનો સાધારણ, નાગરિક, દરરોજના આઠ (૮) ઔંસ પાણીવાળા આઠ (૮) ગ્લાસ પીએ છે. જ્યારે સાઉદીના રણમાં ગયેલો અમેરિકન સૈનિક, દરરોજ આવા છન્નું (૯૬) ગ્લાસ પાણી પીએ છે.



કલાકણિકા
ગરુડ, વિષ્ણુનું વાહન તેરમા સદીની
ઓરિસ્સાની એક શૈલપ્રતિમા

જાન્યુઆરીથી ડિસેમ્બર ૧૯૯૪ • સળંગ અંક ૭૯૩ થી ૮૦૩ સુધીનું

વર્ષ સડસઠમાનું

વાર્ષિક સાંકળિયું



ગોપજીવન

કલાકાર સોમાલાલ શાહ ચિત્રસર્જનમાં વિવિધ શૈલીઓ અપનાવવાને બદલે પોતે સ્વીકારેલી શૈલીમાં જે વિવિધ સંયોજનો કરતા રહેલા તેમાં ગ્રામપ્રદેશની પ્રાકૃતિક સુંદરતા અને રોજિંદા જનજીવનની મધુરતા સવિશેષ સ્થાન પામી છે. ચરીને આરામથી બેઠેલી ગાયો વચ્ચે બપોરનું ભાત ખાઈને બે ઘડી વાર્તાવિનોદ કરતા ગોપ કુમારકિશોરીના આ ચિત્રમાં પણ એમના એક પ્રિય વિષયનું આલેખન છે. ભર્યે પેટે અદાથી બેઠેલી ગાયો, હાથમાં વાંસળી લઈને બેઠેલો ગોપ કુમાર અને હાથ લંબાવીને મીઠો વાદ કરતી કે વાંસળી વગાડવા કહેતી કિશોરીના આ આલેખનમાં સર્વત્ર નરી નિરાંત નીતરતી લાગે છે. ગ્રામજીવનની એક મધુરી પળના આ નિરૂપણમાં ચિત્રવિષય પરત્વેની કલાદૃષ્ટિ તથા ચિત્રસંયોજન અંગેની ચિત્રશક્તિ, બંનેની પ્રતીતિ થાય છે. ભાવ અને સૌંદર્યથી એમણે નાના શા ચિત્રવિસ્તારને પણ ભર્યોભર્યો બનાવ્યો છે.